કબુતર જાળી
BIRD NO ENTRY
Bird net Service & Spike Fitting
RAJ NANDANI BIRD NET
Raiya Road, Rajkot • Vickybhai
91573 28725 • 88669 49825

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૩-૮-૨૦૨૫, શનિવાર
વર્ષ: ૧૪, અંક: ૧૪૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

આપના ઘર, બંગલા, ફેક્ટરી, શેડ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષને કબુતરથી બચાવો
કબુતર જાળી
RAHUL BIRD NET
Spike Fitting & Invisible Grill
Sadhuvasvani Road, Nr. Vegetable Market, Rajkot
BIRD NO ENTRY
62049 23904

વડાપ્રધાન મોદીના પ્રવાસ ટાંકણે જ

# અમદાવાદથી શંકાસ્પદ સિરિયન નાગરિક ઝડપાયો: ત્રણ સાથીદારો ભૂગર્ભમાં

## યુદ્ધગ્રસ્ત ગાઝાના પીડિત નાગરિકનો ઢોંગ કરી સિરિયન ગેંગ મસ્જિદોમાંથી રૂપિયા ઉઘરાવતી'તી

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૨૫ અને ૨૬ ઓગસ્ટના રોજ અમદાવાદ પ્રવાસે આવી રહ્યા છે. તેં પૂર્વે જ અમદાવાદ ખાતેથી શંકાસ્પદ નાગરિકની ધરપકડ કરવામાં આવી છે જયારે તેના ત્રણ સાથીદારો ભૂગર્ભમાં ઉતરી જતાં તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ઝડપાયેલા શખ્સ આણી ગેંગ યુદ્ધગ્રસ્ત ગાઝાના પીડિત હોવાના નામે મસ્જિદોમાંથી દાન એકત્રિત કરી રહયાનો ખુલાસો પોલીસની તપાસમાં થવા પામ્યો છે.

અમદાવાદના સીરીયન નાગરિકની ધરપકડ બાદ વધુ ખુલાસા થયા છે. અલી મેઘાત આશ્રમ રોડની રીગલ રેજેન્સી હોટેલમાં રોકાયો હતો. આરોપીએ ૧૩ હોટેલમાં ચેકઈન કર્યું હતું. હોટેલની લોગબુકમાંથી એન્ટ્રી કરેલી વિગતો સામે આવી છે. આરોપીએ લોગ બુકમાં ભારતનો નાગરિક હોવાનું દર્શાવ્યું છે. યુએસએથી આવેલો છે અને એસએએસ જવાનો હોવાની માહિતી દર્શાવી છે. આ ઉપરાંત પીહામાં વેપાર કરતો હોવાનું લખાણ હોટેલની બુકમાં મળ્યું છે. ક્રાઈમ બ્રાન્ચને આરોપીનો ૭ આંકડાનો કોન્ટેક્ટ નંબર મળ્યો છે. ૧૬ ઓગસ્ટે આરોપીએ હોટલમાંથી ચેકઆઉટ કર્યું હતુ.

ઝડપાયેલા સીરીયન નાગરિક મેઘાત અલઝહેર સાથે અન્ય ૩ આરોપીઓ પણ હતા. હાલ અન્ય ૩ આરોપીઓ ફરાર છે. એક ક્રાઈમ બ્રાન્ચના સકંજામાં છે. આ શખ્સો અમદાવાદની મસ્જિદોમાં જઈને ગાઝાના પીડિતો હોવાનો ઢોંગ કરતા હતા. પીડિતો હોવાના ખોટા ફોટો દર્શાવીને રૂપિયા ઉઘરાવતા હતા.

હાલ, ભૂગર્ભમાં રહેલા અન્ય ૩ આરોપીઓની શોધખોળ ચાલી રહી છે.

મહત્વનું છે, વિદેશી નાગરિક દ્વારા આ પ્રકારની પ્રવૃતિ દેશ માટે ખતરો ઉભો કરે તેવી હતી. શખ્સો વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. આ શખ્સ શંકાસ્પદ ગતિવિધિમાં સામેલ હોવાની શક્યતા છે. છેલ્લા એક મહિનાથી સીરિયન નાગરિક અમદાવાદની મસ્જિદોમાં ગાઝાના પીડિત હોવાનો ફોટો બતાવીને રૂપિયા લેતા હતા. મૂળ સીરિયાના દમાસ્કનો નાગરિક અલી મેઘાત દેશના જુદા-જુદા રાજ્યોમાં ફરીને અમદાવાદ આવ્યો હતો.

(અનુ. આઠમા પાને)

### ફરાર થઈ ગયેલા ત્રણેય શખ્સોની ઓળખ જાહેર

આ ત્રણેય શખ્સોના પાસપોર્ટ પ્રમાણે ઝકારિયા હેથમ અલઝર, અહમ ઓહેદ, યુસુફ ખાલિદ અલઝહર હોવાનું સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરી રહી છે કે, આરોપી ઉઘારેવાલા રૂપિયાનો ખરેખર કયા હેતુ માટે ઉપયોગ કરતો હતો. આ કેસની તપાસ કેન્દ્ર અને રાજ્યની એજન્સીઓ કરી રહી છે. હાલ, ગાઝાના અલીને ડિટેઈન કરીને બ્લેકલિસ્ટ કરવા તેમજ ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### મસ્જિદોમાંથી નાણાં ઉઘરાવવા પાછળનું કારણ શોધવા પોલીસ તપાસનો ધમધમાટ

અમદાવાદની મસ્જિદોમાંથી રૂપિયા ઉઘરાવતી ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ગાઝાના પીડિત નાગરિકનો ઢોંગ કરીને રૂપિયા ઉઘરાવતા હતા. ક્રાઈમ બ્રાન્ચે મેઘાત અલઝહેર નામના સીરીયન નાગરિકને ઝડપ્યો છે. આરોપી ટુરિસ્ટ વિઝા પર ભારતમાં આવ્યો હતો. વૈભવી જીવન જીવવા માટે રૂપિયા પડાવવાનો કારસો રચ્યો હતો. આરોપીના અન્ય ૩ સાથી ભૂગર્ભમાં છે.

### ટુરિસ્ટ વિઝા પર ભારત આવેલો શખ્સ મૂળ સિરિયાના દમાસ્કનો નાગરિક

ચારેય શખ્સો વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. આ શખ્સ શંકાસ્પદ ગતિવિધિમાં સામેલ હોવાની શક્યતા છે. છેલ્લા એક મહિનાથી સીરિયન નાગરિક અમદાવાદની મસ્જિદોમાં ગાઝાના પીડિત હોવાનો ફોટો બતાવીને રૂપિયા લેતા હતા. મૂળ સીરિયાના દમાસ્કનો નાગરિક અલી મેઘાત દેશના જુદા-જુદા રાજ્યોમાં ફરીને અમદાવાદ આવ્યો હતો.

## અલી મેઘાત નામનો શખ્સ આશ્રમ રોડની રીગલ રેજેન્સી હોટેલમાં રોકાયો'તો: ૧૩ હોટેલમાં ચેકઈન કર્યું'તું, તમામ સ્થળે ભારતીય હોવાનું જણાવ્યાનો ખુલાસો

# ૨૦ વર્ષથી વધુ જુના વાહનો ઉપર રોડ ટેક્સ બમણો કરાયો

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ૨૦ વર્ષથી જૂના વાહનોના નોંધણી નવીકરણ શુલ્કમાં નોંધપાત્ર વધારો કરવાની જાહેરાત કરી છે.



### જુના વાહનોનો ઉપયોગ ઘટાડી પ્રદુષણ ઓછું કરવા કેન્દ્ર સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

આ નિર્ણયનો હેતુ જૂના વાહનોનો ઉપયોગ ઘટાડવો અને દેશમાં વાહનો દ્વારા થતા ૪૦% પ્રદૂષણને નિયંત્રિત કરવાનો છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ જારી કરેલી એક સૂચના મુજબ, આ નવા શુલ્ક તાત્કાલિક અમલમાં આવશે.

આ તમામ શુલ્કમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ શામેલ નથી, એમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય બીએસ-૨ ઉત્સર્જન ધોરણો પહેલાં બનેલા વાહનોનો ઉપયોગ ઘટાડવાનો છે. આવા જૂના વાહનો પર્યાવરણ માટે હાનિકારક હોવાનું માનવામાં આવે છે, કારણ કે તેમનાથી થતું ઉત્સર્જન આધુનિક વાહનોની તુલનામાં ઘણું વધારે હોય છે. દેશમાં વાયુ પ્રદૂષણના ૪૦% હિસ્સા માટે વાહનો જવાબદાર છે, અને આ પગલું પ્રદૂષણ ઘટાડવાના સરકારના પ્રયાસોનો એક ભાગ છે.

આ પહેલાં, ફેબ્રુઆરી ૨૦૨૫માં મંત્રાલયે ૨૦ વર્ષથી જૂના વાહનો માટે શુલ્કમાં ફેરફારનો મુસદ્દો જાહેર કર્યો હતો. અગાઉ ૧૫ વર્ષથી જૂના વાહનો પર ઊંચા શુલ્ક લાગુ કરવામાં આવતા હતા, પરંતુ હવે આ મર્યાદા વધારીને ૨૦ વર્ષ કરવામાં આવી છે. આ ફેરફારથી સરકાર જૂના વાહનોના ઉપયોગને વધુ નિરુત્સાહિત કરવા માંગે છે.

આ પહેલાં ઓકટોબર ૨૦૨૧માં સરકારે વ્હીકલ સ્ક્રેપેજ પોલિસી હેઠળ ટુ-વ્હીલર્સ, થ્રી-વ્હીલર્સ, ક્વાડ્રીસાઈકલ્સ અને લાઈટ મોટર વ્હીકલ્સ માટે શુલ્કમાં વધારો કર્યો હતો. આ નીતિ હેઠળ જૂના અને પ્રદૂષણ ફેલાવતા વાહનોને રસ્તાઓ પરથી દૂર કરવા અને નવા, પર્યાવરણને અનુકૂળ વાહનોને પ્રોત્સાહન આપવાનો હેતુ હતો.

નવા શુલ્કનો નિર્ણય આ નીતિને વધુ મજબૂત બનાવે છે.

આ નવા શુલ્ક થી ખાસ કરીને જૂની આયાતી કારો અને મોટરસાઈકલના માલિકોને મોટો આર્થિક ફટકો પડશે. ઉદાહરણ તરીકે, આયાતી કારના નોંધણી નવીકરણનો ખર્ચ હવે રૂ. ૮૦,૦૦૦ થયો છે, જે અગાઉના રૂ. ૪૦,૦૦૦ની તુલનામાં બમણો છે. આનાથી ઘણા લોકો જૂના વાહનોને બદલે નવા, બીએસ-૬ ધોરણોને અનુરૂપ વાહનો ખરીદવા પ્રેરાશે.

પર્યાવરણવિદો અને નિષ્ણાતો આ નિર્ણયનું સ્વાગત કરી રહ્યા છે, કારણ કે આનાથી શહેરોમાં વાયુ પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે. જોકે, કેટલાક નાગરિકો અને વાહન માલિકો આ શુલ્ક વધારાને આર્થિક બોજ તરીકે જોઈ રહ્યા છે. સરકારે આ નિર્ણયની સાથે વ્હીકલ સ્ક્રેપેજ પોલિસી હેઠળ નવા વાહનોની ખરીદી પર પ્રોત્સાહનો આપવાની પણ જાહેરાત કરી છે, જેથી લોકો જૂના વાહનોને નવા સાથે બદલવા માટે પ્રોત્સાહિત થાય.

(અનુ. આઠમા પાને)

### આ નવા શુલ્કથી જૂની આયાતી કારો અને મોટરસાઈકલના માલિકોને મોટો આર્થિક ફટકો પડશે

**નવા નોંધણી શુલ્ક**

- **મોટરસાઈકલ :** હાલના રૂ. ૧,૦૦૦ના શુલ્કને વધારીને રૂ. ૨,૦૦૦ કરવામાં આવ્યા છે.
- **થ્રી-વ્હીલર્સ :** શુલ્ક રૂ. ૩,૫૦૦થી વધારીને રૂ. ૫,૦૦૦ કરાયો છે.
- **લાઈટ મોટર વ્હીકલ્સ :** નોંધણી નવીકરણનો ખર્ચ હવે રૂ. ૧૦,૦૦૦ નક્કી કરવામાં આવ્યો છે.
- **આયાતી ટુ-વ્હીલર્સ અને થ્રી-વ્હીલર્સ:** આ વાહનો માટે શુલ્ક રૂ. ૨૦,૦૦૦ નક્કી કરાયું છે.
- **આયાતી કાર:** જૂની આયાતી કારોના નોંધણી નવીકરણનો ખર્ચ રૂ. ૧૦,૦૦૦ અને રૂ. ૪૦,૦૦૦માંથી વધારીને રૂ. ૮૦,૦૦૦ કરવામાં આવ્યો છે.

# કેનેડાએ અમેરિકા ઉપરનો ટેરિફ નાબૂદ કર્યો

## અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે થયેલી ફોન ઉપર વાતચીત બાદ કેનેડાના વડાપ્રધાન કાર્નીએ જાહેર કર્યો નિર્ણય

**અબતક, નવી દિલ્હી**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ શુક્રવારે જાહેરાત કરી હતી કે કેનેડા ૧ સપ્ટેમ્બરથી યુએસએમસીએ (યુનાઈટેડ સ્ટેટ્સ-મેક્સિકો-કેનેડા એગ્રીમેન્ટ) હેઠળ આવરી લેવામાં આવતા અમેરિકી માલ પરના તમામ પ્રતિશોધક કર નાબૂદ કરશે. આ નિર્ણય ગુરુવારે વડાપ્રધાન કાર્ની અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી ફોન પરની વાતચીતના એક દિવસ બાદ આવ્યો છે.



કાર્નીએ ઓટાવામાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ''અમે યુએસએમસીએ હેઠળ આવરી લેવામાં આવતા અમેરિકી માલ પરના તમામ કેનેડિયન કર નાબૂદ કરી રહ્યા છીએ, જેનાથી કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના મોટાભાગના માલ માટે મુક્ત વેપાર ફરીથી સ્થાપિત થશે.'' જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટોમોબાઈલ્સ પરના કર હજુ પણ યથાવત રહેશે, કારણ કે બંને દેશો આ ઉદ્યોગો માટે વ્યવસ્થા શોધવા માટે ''તીવ્રપણે'' કામ કરી રહ્યા છે.

આ પગલું અમેરિકા દ્વારા યુએસએમસીએ હેઠળના કેનેડિયન માલને કરમાંથી મુક્તિ આપવાના નિર્ણયને અનુરૂપ છે. કાર્નીએ ઉમેર્યું, ''કેનેડાને હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વિશ્વનો શ્રેષ્ઠ વેપાર સોદો છે, અને જોકે તે અગાઉના સોદાથી અલગ છે, તે હજુ પણ અન્ય કોઈપણ દેશ કરતાં બહેતર છે.'' તેમણે નોંધ્યું કે કેનેડાના ૮૫% થી વધુ નિકાસ અમેરિકામાં

(અનુ. આઠમા પાને)

# સ્વાસ્થ્ય અને જીવન વિમાને જીએસટીના દાયરામાંથી મુક્ત કરવાથી લોકોની સાથે કંપનીઓનું પણ સ્વાસ્થ્ય સુધરશે

## જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠક ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાશે: અનેક મહત્વપૂર્ણ સુધારાઓ થવાની આશા

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર વ્યક્તિગત જીવન અને આરોગ્ય વીમા પોલિસીઓને જીએસટીમાંથી મુક્તિ આપવાની તૈયારી કરી છે. લગભગ મોટાભાગના રાજ્યોએ તેની તરફેણ કરી છે. હાલમાં હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પર ૧૮ ટકા જીએસટી લાગુ પડે છે. જો જીએસટી નાબૂદ થશે તો આ બંને વીમા પોલિસીઓ સસ્તી થશે અને હાલના પ્રીમિયમમાં પણ ઘટાડો થશે. જેનાથી લોકોની સાથે વીમા કંપનીઓનું પણ સ્વાસ્થ્ય સુધરશે.

જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠક ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાશે. આ માટે નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. બેઠકમાં જીએસટી સંબંધિત આગામી પેઢીના સુધારા પ્રસ્તાવિત કરવામાં આવશે. ખાસ કરીને, જીએસટીના હાલના ચાર ટેક્સ સ્લેબને બદલે ફક્ત બે (૫ અને ૧૮ ટકા) ટેક્સ સ્લેબનો પ્રસ્તાવ શામેલ છે. આ સાથે, જીએસટી નોંધણી, રિટર્ન અને રિફંડ સંબંધિત સુધારા પ્રસ્તાવોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




હવે આ દરખાસ્તો પર જીએસટી કાઉન્સિલમાં ચર્ચા થવાની છે. આને ધ્યાનમાં રાખીને, જીએસટી કાઉન્સિલની બેઠક બોલાવવામાં આવી છે. કાઉન્સિલની બેઠક પહેલા, ૨ સપ્ટેમ્બરના રોજ અધિકારીઓની બેઠક પણ યોજાશે. હાલમાં, જીએસટીમાં ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના ટેક્સ સ્લેબ છે, જેના બદલે ભવિષ્યમાં ફક્ત બે સ્લેબ રહેશે. ગુરુવારે જ મંત્રીઓના જૂથ દ્વારા ૧૨ અને ૨૮ ટકાના ટેક્સ સ્લેબને નાબૂદ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે, જીએસટી કાઉન્સિલને ભવિષ્યમાં બે સ્લેબ રાખવાની પણ ભલામણ કરવામાં આવી હતી.

નોંધ કરો કે પ્રધાનમંત્રીએ ૧૫ ઓગસ્ટના રોજ જાહેરાત કરી હતી

(અનુ. આઠમા પાને)

# ડ્રિમ ઈલેવન: પૈસા વગરની ''સપના''ની દુનિયા બની ગઈ!!!

## ગેમિંગ એપએ તેના પ્લેટફોર્મ પરથી તમામ પેઈડ સ્પર્ધાઓ હટાવી દીધાનો દાવો કર્યો: હવે ફક્ત ફ્રી ટુ પ્લે ગેમ્સ જ રમી શકાશે

**અબતક, રાજકોટ**

ફેન્ટસી સ્પોર્ટ્સ જાયન્ટ ડ્રીમ૧૧ એ શુક્રવારે જાહેરાત કરી હતી કે, તેણે તેના પ્લેટફોર્મ પરની બધી પેઈડ સ્પર્ધાઓ બંધ કરી દીધી છે અને હવે તે ફક્ત ફ્રી-ટુ-પ્લે ઓનલાઈન સોશિયલ ગેમ તરીકે કાર્ય કરશે. આ નિર્ણય ધ પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ બિલને મંજૂરી મળ્યા બાદ લેવામાં આવ્યો છે.

શુક્રવારે મોડી રાત્રે જારી કરાયેલા એક નિવેદનમાં કંપનીએ જણાવ્યું હતું કે, આજે સવારે અમે ડ્રીમ૧૧ પરની બધી પેઈડ સ્પર્ધાઓ બંધ કરી દીધી છે અને સંપૂર્ણપણે ફ્રી-ટુ-પ્લે ઓનલાઈન સોશિયલ ગેમ તરફ વળ્યા છીએ.

નવો કાયદો, જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની સંમતિ મળી હતી. તે ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમ્સ માટે માન્યતા અને સમર્થન પ્રદાન કરતી વખતે તમામ પ્રકારના પૈસા આધારિત ઓનલાઈન ગેમિંગ પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદામાં પાલન ન કરતી કંપનીઓ માટે કડક દંડ છે, જેમાં ત્રણ વર્ષ સુધીની જેલ અને રૂ.૧ કરોડ સુધીનો દંડ શામેલ છે.




૧૮ વર્ષ પહેલાં સ્થાપિત ડ્રીમ૧૧ એ જણાવ્યું હતું કે તેની યાત્રા ભારતમાં રમતગમતના જોડાણને સુધારવાના વિઝન દ્વારા ચલાવવામાં આવી હતી. જ્યારે અમે ૧૮ વર્ષ પહેલાં સ્પોર્ટ્સ ટેક કંપની તરીકે આ સફર શરૂ કરી હતી, ત્યારે અમે યુએસએ ફેન્ટસી સ્પોર્ટ્સ ઉદ્યોગના કદના ૧% પણ નહોતા. ડ્રીમ૧૧ નું ફેન્ટસી સ્પોર્ટ્સ પ્રોડક્ટ આખા ભારત માટે 'રમતગમતને વધુ સારું બનાવવા' માટેનો અમારો માર્ગ હતો. કંપનીએ ઉમેર્યું હતું કે, ત્યારથી તે વિશ્વના સૌથી મોટા ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મમાં વિકસ્યું છે.

કંપનીએ ભાર મૂક્યો હતો કે તેણે હંમેશા કાયદાનું પાલન કરીને વ્યવસાય કર્યો છે. જ્યારે અમે માનીએ છીએ કે પ્રગતિશીલ નિયમો આગળ વધવાનો યોગ્ય માર્ગ હોત, ત્યારે અમે કાયદાનું સન્માન કરીશું અને 'ઓનલાઈન ગેમિંગ કાયદાના પ્રમોશન અને નિયમન, ૨૦૨૫'નું સંપૂર્ણ પાલન કરીશું.

અધિકારીઓએ

(અનુ. આઠમા પાને)

ન્યુ રીનોવેટેડ A/C.
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

કબુતર જાળી
BIRD NO ENTRY
Bird net Service & Spike Fitting
OM ENTERPRISE • Vinaybhai
Galaxy Cinema Road, Street No.2, Jamnagar
Mo. 96622 41432



# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

નવા ઉદ્યોગ ધંધા- વ્યવસાયની શરુઆત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે, છતાં નિષ્ણાતની પરામર્શ આવશ્યક જણાશે. નવા ટૂંકા ગાળાના રોકાણ માટે પણ આ સપ્તાહ ફાયદાકારક જણાશે. નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક તેમજ વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. નાના તથા છૂટક વ્યાપારી તથા ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ ઉત્તમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત અને હળવું લાભકારી નીવડશે. મહિલા કર્મી માટે આ સપ્તાહ બહુ લાભદાયક જણાશે. બઢતીના સંયોગ. નિવૃત્ત ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૩૦ ઓગસ્ટ સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

નરમ એવમ પોચી ધાતુ સંબંધિત એકમના જાતક એવમ અગ્નિ-વિદ્યુત સંબંધિત ઔદ્યોગિક એકમ કે વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. હેવી હ્યુજ મશીનરી સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ જણાશે. આ સિવાયના, અન્ય ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ સરેરાશ રહેશે. નાના વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. પરિવાર તરફથી સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી માટે હળવું લાભકારી સપ્તાહ. ૨૬, ૨૭ ઓગસ્ટ સાધારણ જણાશે.

## મિથુન — ક,છ,ઘ

પરિશ્રમી વર્ગ, કારીગર વર્ગ, શિલ્પી વર્ગના તમામ જાતક માટે આ સપ્તાહ ભારે કામકાજથી વ્યસ્ત રાખનારું તેમજ લાભદાયક નીવડશે. સીઝનલ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક તથા ભાગદોડ વાળું જણાશે. ઈલેક્ટ્રીકલ્સ રીલેટેડ ઉદ્યોગ ધંધાના જાતક માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ રહેશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજયના તમામ એકમના જાતક તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા અર્ધ-લાભકારક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૫ તથા ૨૬ ઓગસ્ટ સામાન્ય રહેશે.

## કર્ક — ડ,હ

પ્રાથમિક શાળાના શિક્ષક, એકાઉન્ટન્સી ફર્મસ ના જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયી જણાશે. ઈનોર્ગેનિક કેમિકલ્સ તથા ફાર્મકિમિલ્સ તથા ફાર્માસ્યુટીકલ્સના જાતક માટે આ સપ્તાહ ભાગદોડીયું તેમજ હળવું લાભદાયક નીવડશે. ઓર્ગેનિક ખાતર કે તેને સંબંધિત એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ડેરી એવમ ડેરી ઉત્પાદ એકમના જાતક માટે બહુ લાભકારી સપ્તાહ. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી જાતક માટે લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે અતિ વ્યસ્ત સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારી જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૨૭ ઓગસ્ટ સામાન્ય નીવડશે.

## સિંહ — મ,ટ

આયુર્વેદિક ઔષધિ એવમ-હર્બલ ઔષધિ, હર્બલ પ્રોડકટના ઉત્પાદક જાતક તથા, વિક્રેતા જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. મરીન એન્જીનીયરીંગ શાખાના જાતક, શીપીંગ, બોડી બિલ્ડીંગ, ગેરેજ-રીપેરીંગ મેઈન્ટેનન્સ સર્વિસ/વર્કસ ક્ષેત્રે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી રહેશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત તેમજ મધ્યમ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્ર કર્મચારી માટે આ સપ્તાહે ભારે કામકાજનો બોજ રહેવા સંભવ અને સંયોગ. પરિવાર તરફથી સાથ સહકારના યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી વર્ગ માટે લાભદાયી સપ્તાહ. ૨૯ ઓગસ્ટ સામાન્ય રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

હેવી હ્યુજ મશીનરીઝ ધરાવતા ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા ઉદ્યોગ, ધાતુ ઉદ્યોગ સમેત, આ સિવાયના અન્ય મોટા ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે. શેર બજાર તથા કોમોડીટી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે. ફેરી કરતા, ગલ્લા પર વ્યાપાર કરતા પરિશ્રમી એવમ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ ખૂબ જ લાભકારી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી અને અતિ વ્યસ્ત જણાશે. સગા સાથે વાદ વિવાદ થવાની સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. ૨૬ ઓગસ્ટ સામાન્ય નીવડશે.

## તુલા — ર,ત

ટૂર ટ્રાવેલ્સ એજંસીઝ તથા હોટેલ બુકિંગ સાથે જોડાયેલા તમામ જાતક તથા પબ્લીક ટ્રાન્સ્પોર્ટેશન એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. હસ્ત કલા તથા અન્ય કલાકારીના ઔદ્યોગિક વ્યાપારી એકમ વાળા જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર- વાણિજય એકમના જાતક માટે આ સપ્તાહ ખુબ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ આંશિક લાભદાયી નીવડશે. મિત્ર વર્તુળ સાથે સુમેળ નો સંયોગ યથાવત જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી એવમ મહિલા કર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૮ તથા ૩૦ ઓગસ્ટ સાવ સામાન્ય રહેશે.

## વૃશ્ચિક — ન,ય

તમામ પ્રકારના ખાનગી શૈક્ષણિક એકમના જાતક એવમ સરકારી શૈક્ષણિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું કે આંશિક લાભદાયક નીવડશે. તમામ પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત એવમ ભાગ દોડ વાળું રહેવાના સંયોગ. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજય એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભકારી જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી એકમના તમામ કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. કુટુંબ તરફથી સુમેળ તથા સહકારના સંયોગ યથાવત. ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૩૦ ઓગસ્ટ સરેરાશ જણાશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

કાયદો વ્યવસ્થા વિભાગના અધિકારીઓ માટે આ સપ્તાહ હળવું તેમજ દોડધામ વાળુ તથા અતિ વ્યસ્ત નીવડશે. સરકારી શૈક્ષણિક સંસ્થાઓ એવમ ખાનગી શૈક્ષણિક સંસ્થાના તમામ જાતક માટે આ સપ્તાહ અતિ સામાન્ય નીવડશે. કલા તથા કારીગરી ક્ષેત્રના જાતક માટે આ લાભદાયી સપ્તાહ. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક તથા અનેક નવી તકો વાળુ જણાશે. ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભકારક જણાશે. સ્નેહીઓ તરફથી સાથ સહકાર તથા આર્થિક લાભ મળવાના સંયોગ. નિવૃત્ત, ગૃહિણી, વર્કિંગ વુમન, વિદ્યાર્થી માટે આ લાભકારી સપ્તાહ. ૨૯ ઓગસ્ટ અર્ધ મધ્યમ જણાશે.

## મકર — ખ,જ

આ સપ્તાહે ધંધા-વ્યવસાયમાં અણધાર્યા લાભ મળવાની સંભાવના એવમ સંયોગ. ખાનગી એકાઉન્ટન્ટ્સ એવમ એકાઉંટસી એકમ (ફર્મ) કે તેને રીલેટેડ એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. ફુડ બેવરેજીસ ના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું ફાયદાકારક નીવડશે. નાના, છૂટક વ્યાપારી કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત પણ લાભદાયક નીવડશે. મિત્રો, સ્નેહીઓ તરફથી સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું અથવા સાવ સાનુકૂળ નીવડશે. ૨૫ ઓગસ્ટ સાવ સામાન્ય નીવડશે.

## કુંભ — ગ,શ,ષ

રેડીમેડ ગાર્મેન્ટ્સ, ફેશન એસેસરીઝ, જનરલ ફેબ્રીક, કોસ્મેટીક, ફોટોગ્રાફી એવમ મોડેલીંગ સંબંધિત તમામ નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યવસાયી એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ દરમિયાન અનેક પ્રકારે હળવો આર્થિક લાભ મળશે સાથોસાથ નવી તકો મળવાની પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળુ પરંતુ લાભદાયક નીવડશે. રીટેઈલર માટે સાનુકૂળ સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે લાભદાયી સપ્તાહ. નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૨૫ ઓગસ્ટ સાવ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

આ સપ્તાહ સરકારી ક્ષેત્રના અધિકારીઓ તથા કર્મચારીઓ માટે હળવાં સંઘર્ષ વાળું તથા ચડાવ ઉતાર વાળું નીવડશે. સાથોસાથ બદલી થવાના પણ સંયોગ એવમ શક્યતા. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજય એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે. સર્વિસ બિઝનેસ તથા ફાઈનાન્સ એજન્સી તથા રીટેઈલર માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ અથવા પ્રતિકૂળ પણ નીવડી શકે છે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ, તેમજ સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલાકર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સામાન્ય નીવડશે. ૩૦ ઓગસ્ટ સાવ મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન+ અભ્યંગ સ્નાન).

# વિશ્વમાં દરરોજ દસ કરોડથી વધુ લોકો "હેશ ટેગ"નો કરે છે ઉપયોગ: આજે વિશ્વ હેશ ટેગ દિવસ

**તે અનંતકાળની ઉડાન સાથે જોડાણની નવી દુનિયા વિકસાવે છે: # વિચારોને અવાજ આપી શકે છે: હેશ ટેગ એ મેટા ડેટા ટેગ ઓપરેટર છે, તેની શરૂઆત # પ્રતિકથી થઈ હતી: સોશિયલ મીડિયા પર માઈક્રો બ્લોગિંગ અને ફોટો શેરિંગ સેવાઓ ખાસ કરીને ટ્વિટર અને ટમ્બલર પર થાય છે: તેનો ઉપયોગ વપરાશકર્તા જનરલ ટેગિંગના એક સ્વરૂપ તરીકે થાય છે: આજકાલ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર તેનો ઉપયોગ થાય છે**

આજકાલ દુનિયા સાથે ભારતમાં પણ સોશિયલ મીડિયા જબ્બર ક્રેશ જોવા મળી રહ્યો છે, ત્યારે યુવાવર્ગ અલગ અલગ તેની સાંકેતિક ચિન્હો અને ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. ગુડ મોર્નિંગની જગ્યાએ Gm લખીને પણ શોર્ટ મેસેજ મૂકી રહ્યા છે. આજે વિશ્વ હેશ ટેગ દિવસ છે. વિશ્વભરમાં દરરોજ દસ કરોડથી વધુ લોકો હેશ ટેગનો ઉપયોગ કરી રહ્યા છે. આજના લેખમાં આ પ્રતિક વિશેની રોચક માહિતી વાચકો માટે પ્રસ્તુત જ છે. સૌપ્રથમ હેશટેગ શું છે, તે જાણવું જરૂરી છે. હેશટેગ (#) એ સોશિયલ મીડિયા પર ઉપયોગમાં લેવાતી એક વિશિષ્ટ ચિહ્ન છે. તેનો ઈતિહાસ ૨૦૦૭માં ટ્વિટર પ્લેટફોર્મ પર શરૂ થયો હતો, જ્યારે ક્રિસ મેસિનાએ સર્વપ્રથમ "hashtag" તરીકે # barcamp ઉપયોગ કર્યો હતો. હેશટેગ દ્વારા કોઈ ખાસ વિષય, ટ્રેન્ડ, ઈવેન્ટ અથવા અભિયાનને સરળતાથી ઓળખી શકાય છે. વિશ્વ હેશટેગ દિવસની ઉજવણી પાછળનો હેતુ હેશટેગ દ્વારા ડિજિટલ દુનિયામાં ચર્ચા, જ્ઞાન અને જાગૃતિ ફેલાવવાનું મહત્વપૂર્ણ માધ્યમ ઉભર્યું છે. દરેક વ્યક્તિ, ગ્રુપ, સંગઠન અને બ્રાન્ડ પોતાના અભિપ્રાય, અભિયાન અને ગંભીર મુદ્દાઓ હેશટેગ દ્વારા વિશ્વભરમાં પ્રવૃત્ત કરી શકે છે.હેશટેગ દિવસ ચર્ચાના આ ગતિશીલ સાધનને માન આપવા અને તેની અસર વિશે જાગૃતિ ફેલાવવા માટે મનાવવામાં આવે છે.




તેનો ઉપયોગ હેશટેગ્સ લોકોને એક જ વિષય પર જોડે છે, અને મોટાપાયે ટ્રેન્ડ સર્જે છે. વિશિષ્ટ વિષય હેઠળ પોસ્ટ્સ માટે શોધને સરળ બનાવે છે. અભિયાન અને જાગૃતિ માટે: અનેક સામાજિક, રાજકીય, તથા મનોરંજન સંબંધિત અભિયાનો ઝડપથી ફેલાય છે. તેની ઉજવણીમાં સંસ્થા, યુવા વર્ગ, કર્મચારીઓ અને સોશિયલ મીડિયા યુઝર્સ વિવિધ હેશટેગ્સથી પોતાની વિચારો વ્યક્ત કરે છે.અમેરિકામાં અને વિશ્વના અન્ય દેશોમાં વિવિધ કાર્યક્રમો, વેબિનાર, અવોર્ડ્સ અને સોશિયલ મીડિયા અભિયાન આયોજિત થાય છે. લોકો તેમના મનપસંદભાર્યા, વિષય કે અભિયાન માટે # HashtagDay, # WorldHashtagDay જેવા હેશટેગ્સનો ઉપયોગ કરે છે. હેશટેગ એ માત્ર એક ચિહ્ન નથી, પણ સામાજિક પરિવર્તન અને માહિતીના કોનેક્ટિવિટીનું શક્તિશાળી સાર્થક ઉદાહરણ છે. આજે કોઈ પણ મહત્ત્વપૂર્ણ સમાચાર, મૂવમેન્ટ અથવા મત્તવપૂર્ણ અભિયાન હેશટેગ સિવાય અધૂરો ગણાય છે.

દક્ષિણ કોરિયામાં, હેશટેગ્સ ઘણીવાર સંપૂર્ણ વિચારો અથવા લાગણીઓ વ્યક્ત કરવા માટે લાંબા શબ્દસમૂહો હોય છે. દરમિયાન, જર્મન વપરાશકર્તાઓ ભાષાના લાંબા સંયોજન શબ્દોને કારણે સંક્ષિપ્ત ટેગ્સ પસંદ કરે છે. આ તફાવતો દર્શાવે છે કે ભાષા અને સંસ્કૃતિ હેશટેગ્સ બનાવવાની રીતને કેવી રીતે પ્રભાવિત કરે છે. પરંપરાગત વ્યવસાયોએ સમુદાય નિર્માણ માટે ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કર્યો તે એક અણધારી રીત છે. હેશ ટેગ # MeToo અને BlackLivesMatter જેવા આંદોલનો દર્શાવે છે કે કેવી રીતે હેશટેગ્સ વિશ્વભરમાં અવાજોને મજબૂત બનાવે છે.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### સોશિયલ મીડિયા પહેલા પણ "હેશટેગ્સ"નું અસ્તિત્વ

તે એક '' # ચિહ્ન, જેને મૂળ રૂપે ઓક્ટોથોર્પ કહેવામાં આવતું હતું, તે ૧૪મી સદીનું છે.તેનો ઉપયોગ સૌપ્રથમ શાસ્ત્રીઓ દ્વારા લેટિન શબ્દ ''લિબ્રા પોન્ડો'' ના સંક્ષેપ તરીકે કરવામાં આવ્યો હતો, જેનો અર્થ પાઉન્ડ વજન થાય છે. ૨૦૦૭ માં ક્રિસ મેસિનાએ તેને ટ્વિટર માટે સ્વીકાર્યું ત્યાં સુધી તે આયોજન વિચારો સાથે સંકળાયેલું ન હતું.

### પહેલા હેશટેગને કેવી રીતે લોકપ્રિયતા મળી?

ક્રિસ મેસિનાનો મૂળ હેશટેગ, barcamp, તરત જ ટ્રેન્ડમાં આવ્યો નહીં. જ્યારે વપરાશકર્તાઓએ ચોક્કસ વિષયો પર અપડેટ્સને અનુસરવા માટે તેને ઓર્ગેનિક રીતે અપનાવ્યું ત્યારે તેની લોકપ્રિયતામાં વધારો થયો. સાચો વળાંક ૨૦૦૯ માં આવ્યો જ્યારે ટ્વિટરે હેશટેગ્સને તેમની સિસ્ટમમાં એકીકૃત કર્યા, તેમને શોધ પરિણામો સાથે જોડ્યા.

# રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિકાસ માટે ૪૯૦ કરોડનું અનુદાનને આવકારતા ભુપત બોદર

**રાજ્યની ૨૦૫૫ ગ્રામ પંચાયતોને મકાન નિર્માણ માટે અનુદાન ગામડાના વધુ મજબુત બનાવશે**

**અબતક, રાજકોટ**

રાજકોટ: રાજ્યના ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રામ પંચાયતોને મજબૂત બનાવવા માટે જાહેર કરેલ રૂ ૪૮૯.૯૫ કરોડના અનુદાનને આવકારતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર એ જણાવેલ કે આ અનુદાન માત્ર આર્થિક સહાય નથી પરંતુ ગ્રામ્ય વિકાસ માટેની ભાજપ સરકારની અડગ પ્રતિબદ્ધતાનું દર્પણ છે. રાજ્યની ૨૦૫૫ ગ્રામ પંચાયતોને મકાન નિર્માણ માટે મળનાર આ અનુદાન ગામડાના લોકશાહી તંત્રને વધુ પ્રબળ બનાવી આંત્યોદયના પાવન મંત્રને સાકાર કરશે.



ભાજપ સરકાર હંમેશા ગામ, ગરીબ અને ખેડૂતોના કલ્યાણ માટે સમર્પિત રહી છે. મુખ્યમંત્રીનો આ ઐતિહાસિક નિર્ણય દર્શાવે છે કે ભાજપ સરકાર માત્ર વચનો કરતી નથી પરંતુ તેને પરિપૂર્ણ પણ કરે છે.

આવા ગ્રામ હિતકારી નિર્ણયો વડે ગામડાઓ માત્ર આત્મનિર્ભર જ નહી પરંતુ આધુનિક ગુજરાતની ઓળખ બનશે. તેમ અંતમાં આ નિર્ણયને આવકારતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદરએ જણાવેલ હતુ.

# 'જો પાણી જાય એળે, તો દુ:ખ આવે' આપ મેળે આવતીકાલથી વર્લ્ડ વોટર વીકની ઉજવણી

**અબતક, રાજકોટ**

સમગ્ર વિશ્વમાં ૨૪ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ, વર્લ્ડ વોટર વીકઉજવવામાં આવશે આ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળનું મહત્વ સમજાવવાનો તેમજ જળને વેડફાતું અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળસમસ્યા દિન પ્રતિદિન વિકટ સ્વરૂપ ધારણ કરી રહી છે, 'બ્લુ પ્લેન્ટ' પણ કહેવામાં આવે છે. આ પૃથ્વી પર જે ૭૧ %પાણી છે. તેમાંથી ૯૭.૨% પાણી દરિયામાં આવેલું છે. જે પીવા યોગ્ય નથી. આ ધરતી પર ૨.૧૫% પાણી બરફરૂપે રહેલ છે. ૦.૬૧%પાણી ભૂગર્ભમાં રહેલ છે. પૃથ્વી પર આવેલ જળાશયોમાં ૦.૦૦૯%પીવાલાયક પાણી રહેલ છે. ૦.૦૦૮% આંતરિક સમુદ્રમાં, માટીમાં ભેજના સ્વરૂપે ૦.૦૦૫%, વાતાવરણમાં ભેજ સ્વરૂપે ૦.૦૦૧%તથા નદીઓમાં ૦.૦૦૧% પાણી આવેલ છે. પૃથ્વી પર પાણીનો અખૂટ જથ્થો છે પણ પૃથ્વી પર રહેલ કુલ પાણીનાં જથ્થામાંથી ૯૭%પાણી ખારું છે જે પીવા યોગ્ય નથી. માત્ર ૩%પાણી જ પીવા યોગ્ય છે.

## સૂડોકુ -૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૮ | ૧ | | | | | |
| ૯ | ૧ | | | | ૪ | ૩ | | ૭ |
| | ૨ | ૬ | | | | ૯ | | ૮ |
| | ૬ | | ૪ | ૩ | | ૧ | | ૫ |
| ૫ | | ૯ | | ૧ | ૭ | | ૬ | |
| | | | | | | | | |
| | ૪ | | | | ૧ | | | |
| | | ૩ | ૭ | ૬ | ૯ | | ૮ | |
| | ૯ | | | | | | ૭ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૮ | ૩ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૬ | ૧ | ૭ | ૩ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૮ | ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૯ | ૨ | ૫ |
| ૧ | ૯ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૩ | ૬ |
| ૭ | ૨ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ | ૮ | ૧ |

## અબતક પંચાગ

**તા.૨૪-૮-૨૦૨૫ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ભાદરવા શુદ એકમ રામદેવપીરના નોરતા શરૂ
**નક્ષત્ર** પુર્વાફાલ્ગુનીયોગ
**યોગ** શિવ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૨૮ **સુર્યાસ્ત:** ૭.૧૧
**ચંદ્ર રાશી** સિંહ
**રાશિ અક્ષર** મ.ટ
**દિશાશૂળ** પશ્ચીમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૫ થી ૧.૧૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૨૩-૦૮-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (મીઠાડા મહેમાન)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.પ્રફુલ કામાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ભવ્યાતિભવ્ય ઉત્સવ (માંડવી ચોક દેરાસર)લાઈવ

**તારીખ ૨૪-૦૮-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વશ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ :આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવેન્દ્ર દેકિવાડિયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૫ ગુજરાતી નાટક (જૂઠુ બોલો જલસા કરો)
૦૭:૦૫ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ભવ્યાતિભવ્ય ઉત્સવ (માંડવી ચોક દેરાસર)લાઈવ

**તારીખ ૨૫-૦૮-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૪.૮.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, ભાદરવા સુદ એકમ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શિવ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિદ્યાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે, સફળતા મળે, શુભ દિન.
**વૃષભ (બ,વ,ઉ)** : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.
**મિથુન (ક,છ,ઘ)** : કાર્યમાં સફળતા મળતી જણાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, સામાજિક કાર્ય કરી શકો, શુભ દિન.
**કર્ક (ડ,હ)** : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
**સિંહ (મ,ટ)** : આજના દિવસે કામકાજમાં સફળતા મળે, તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો, પ્રગતિ થાય.
**કન્યા (પ,ઠ,ણ)** : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા, બોલવા માં કાળજી રાખવા સલાહ છે.
**તુલા (ર,ત)** : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**વૃશ્ચિક (ન,ય)** : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે, ધીમી પ્રગતિ જોવા મળે, સુંદર દીવસ.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે,ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે.
**મકર (ખ,જ)** : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
**કુંભ (ગ,સ,શ)** : રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
**મીન (દ,ચ,ઝ,થ)** : જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં કાળજી લેવી, મધ્યમ દિવસ.

# સાંસદ અને ધારાસભ્યોની ફરિયાદોનો તત્કાલ નિવેડો લાવવા મ્યુનિ.કમિશનરનો આદેશ

## મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં સંકલન સમિતિની બેઠકમાં પોર્ટલના માધ્યમથી પ્રશ્નો - રજુઆતોનો નિરાકરણ કરાયું





**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવી ફરિયાદ/પ્રશ્નો/રજુઆતોનું સત્વરે નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને મ્યુનિસિપલ કમિશનરે સુચના આપી હતી.

મહાપાલિકા દ્વારા સાંસદ સભ્ય અને ધારાસભ્ય માટે ઓનલાઈન પોર્ટલ/ડેશબોર્ડ બનાવ્યું છે, જેમાં તમામ કોઈપણ સ્થળે બેઠા-બેઠા રાજકોટ મહાનગરપાલિકા લગત ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત કરી શકે છે. સાથોસાથ લગત ફોટો પણ અપલોડ કરી શકે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત અંગે થયેલ કામગીરીની વિગતવાર અહેવાલ તેમજ જરૂરી ફોટો પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. જેથી સાંસદ સભ્ય અને ધારાસભ્યોને યોગ્ય જાણકારી મળી રહે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોર્ટલ/ડેશબોર્ડ બનાવવામાં આવ્યું છે. જેના થકી કરવામાં આવેલ ફરિયાદ/પ્રશ્ન/રજૂઆતનું મોનિટરિંગ કરી શકાશે અને તેના નિરાકરણ અંગે સ્ટેટસ પણ જાણી શકાશે.

આ સંકલન બેઠકમાં સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા દ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, બાંધકામ શાખા, ગાર્ડન શાખા, ટાઉન પ્લાનિંગ શાખા લગત પ્રશ્નો/રજુઆતો કરવામાં આવી હતી. જેમાં અધિકારીઓ દ્વારા તાત્કાલિક લગત જવાબ પોર્ટલમાં સબમિટ કરવામાં આવી છે.

ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ દ્વારા ટ્રાફિક સર્કલ, જળ સંચય, બાંધકામ શાખા, દબાણ હટાવ શાખા, આરોગ્ય શાખા, ગાર્ડન શાખા લગત પ્રશ્નો/રજુઆતો રજુ કરવામાં આવી હતી. જેમાં અધિકારીઓ દ્વારા તાત્કાલિક લગત જવાબ પોર્ટલમાં સબમિટ કરવામાં આવી હતી.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા બાંધકામ શાખા, ટાઉન પ્લાનિંગ શાખા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા લગત પ્રશ્નો/રજુઆતો રજુ કરવામાં આવી હતી. જેમાં અધિકારીઓ દ્વારા તાત્કાલિક લગત જવાબ પોર્ટલમાં સબમિટ કરવામાં આવી હતી.

સાંસદ સભ્ય અને ધારાસભ્યો દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નો/રજુઆતોનો સત્વરે યોગ્ય નિરાકરણ લાવવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સંબંધિત વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, ચેતન નંદાણી, હર્ષદ પટેલ તેમજ તમામ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડ રોડ પર 'રામ બ્રિજ' નીચે ગેમ ઝોન શરૂ: સવારે ૬થી રાતના ૧૦ વાગ્યા સુધી મોજ









## ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ દ્વારા કરાયું ગેમ ઝોનનું લોકાર્પણ: નિયમો પણ જાહેર કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત વિવિધ સ્પોર્ટ્સ એક્ટિવીટી ગેમ ઝોનનું લોકાર્પણ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહના વરદ હસ્તે કરવામાં આવ્યુ હતું.

તમામ સ્તરે રમતગમતને પ્રોત્સાહિત કરવા અને પ્રોત્સાહન આપવા ગુજરાત સરકારના રમશે ગુજરાત, જીતશે ગુજરાત અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે શ્રી રામ મલ્ટી લેવલ ફ્લાયઓવર બ્રિજ નીચે પરિમલ સ્કુલની સામે રૂ.૨.૦૭ કરોડના ખર્ચ નવનિર્મિત વિવિધ સ્પોર્ટ્સ એક્ટિવીટી ગેમ ઝોનનું લોકાર્પણ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહના વરદ હસ્તે કરવામાં આવ્યુ હ.

આ તકે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર ચેતન સુરેજા, નરેન્દ્રસિંહ વાઘેલા, દક્ષાબેન વસાણી, અશ્વિનભાઈ પાંભર, બીપીનભાઈ બેરા, જ્યોત્સનાબેન ટીલાળા, ડો. દર્શનાબેન પંડ્યા, શ્રી દક્ષાબેન વાઘેલા, દુર્ગાબા જાડેજા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડિયા, વોર્ડ સંગઠનના હોદેદારો, રાજકોટ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, સહાયક કમિશનર બી.એલ. કાથરોટીયા, સિટી એન્જી. કુંતેશ મહેતા, ડેપ્યુટી સિટી એન્જી. ભાવેશ ધામેચા, વિજય કારિયા, પી.એસ. ટુ મેયર વિપુલ ઘોણીયા, મેનેજર કૌશિક ઉનાવા સહિતના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ નવનિર્મિત વિવિધ સ્પોર્ટ્સ એક્ટિવીટી ગેમ ઝોનમાં બોક્ષ ક્રિકેટ,સ્કેટિંગ, પીકલ બોલ, ઈન્ડોર ગેમ્સ (ચેસ,કેરમ, એર હોકી,પુલ ટેબલ,સ્નુકર ટેબલ)સહિતની રમતનો સમાવેશ કરેલ છે.

સ્પોર્ટ્સ ફેસીલીટી પરિસરમાં ધુમ્રપાન, પાન, માવા, ફાકી, કેફી દ્રવ્યોનું સેવન નિષેધ રહેશે. આવુ કરવાના કિસ્સામાં કો-ઓર્ડીનેટર સ્પોર્ટ્સ ફેસીલીટી ખાલી કરાવશે. સ્પોર્ટ્સ ફેસીલીટી ખાતે બોક્સ ક્રિકેટ તથા પિકલ બોલ સ્પોર્ટ્સમાં નિયત શુઝ પહેરેલ વ્યક્તિઓને જ પ્રવેશ આપવામાં આવશે.સ્પોર્ટ્સ ફેસીલીટી ખાતે ટીકીટ લીધા બાદ જ પ્રવેશ મળશે.સ્પોર્ટ્સ ફેસીલીટીની સમય સવારે ૬ વાગ્યા થી રાત્રે ૧૦ વાગ્યા સુધી જ રહેશે.

સ્પોર્ટ્સ ફેસીલીટી ખાતે એન્ટ્રી અંગેના હક માત્ર સંચાલક સંસ્થાના રહેશે. વસ્તુઓ, રમતગમતના સાધનો તથા અન્ય કોઈ પણ નુકસાન ન થાય તે સ્પોર્ટ્સ ફેસીલીટીનો ઉપયોગ કરતી વખતે ધ્યાન રાખવાનુ રહેશે. અન્યથા સંચાલક દ્વારા યોગ્ય દંડ વસુલવામાં આવશે.

ગેમઝોનમાં બોક્સક્રિકેટ, પિકલબોલ,સ્કેટીંગ રિંક, સ્કેટ્સ પરભારે લઈને આવવાના રહેશે. સ્નુકર ટેબલ, પુલ, ટેબલ, ચેસ, કેરમનો સમાવેશ કરાયો છે.

# "ચીન ને ભારતની ઝગમગતી ટક્કર: ઈમિટેશન જ્વેલરીમાં 'વોકલ ફોર લોકલ'નું તેજ"

## રાજકોટથી મુંબઈ સુધી ઈમિટેશનના કારીગરોની ઝવેરાત ચીનને આપી રહી જોષરદાર સ્પર્ધા: ભારતીય ફેશન ઈમિટેશન જ્વેલરી બજારનું કદ લગભગ રુ.૪૦,૦૦૦ કરોડ જેટલું, ચીનથી થતી આયાત વાર્ષિક ધોરણે ૨૫% વધી







**અબતક, રાજકોટ**

ભારતીય ઈમિટેશન જ્વેલરી ઉદ્યોગ દેશના સૌથી જૂના અને પરંપરાગત હસ્તકલા ઉદ્યોગોમાંનો એક છે. સદીઓથી, ભારતીય કારીગરોએ તેમની અદ્ભુત કલા અને મહેનતથી એવા ઘરેણાં બનાવ્યા છે જે દેખાવમાં સોના, ચાંદી કે હીરા જેવી મોંઘી ધાતુઓ જેવું આકર્ષણ ધરાવે છે, પરંતુ તેની કિંમત ઘણી ઓછી હોય છે. આ જ કારણોસર આ ઘરેણાં સમાજના દરેક વર્ગના લોકોમાં ખૂબ લોકપ્રિય છે. આ ઉદ્યોગ લાખો કારીગરો અને નાના વેપારીઓને રોજગારી પૂરી પાડે છે, અને ખાસ કરીને મહિલાઓને ગૃહઉદ્યોગ દ્વારા આત્મનિર્ભર બનાવવામાં મદદ કરે છે.

આજે, ભારતીય ફેશન ઈમિટેશન જ્વેલરી બજારનું કદ લગભગ ₹૪૦,૦૦૦ કરોડ જેટલું છે અને તે સતત વૃદ્ધિના પંથે છે. આ ઉદ્યોગ માત્ર સ્થાનિક બજાર સુધી સીમિત નથી, પરંતુ ભારતીય ડિઝાઈનની વિશ્વભરમાં માંગ છે. મુંબઈ, રાજકોટ, જયપુર, અને કોલકાતા જેવા શહેરો આ ઉદ્યોગના મુખ્ય કેન્દ્રો છે. રાજકોટ ખાસ કરીને તેના ટ્રેડિશનલ ઝુમખા અને અન્ય પરંપરાગત ડિઝાઈન માટે જાણીતું છે, જેની બિહાર અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ખૂબ માંગ છે.

જોકે, આ તેજસ્વી ઉદ્યોગને તાજેતરમાં કેટલાક ગંભીર પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે, જેમાં સૌથી મોટો પડકાર સસ્તી ચીની આયાતનો છે. ઉદ્યોગના અધિકારીઓએ જણાવ્યું કે ચીનથી થતી આયાત વાર્ષિક ધોરણે ૨૫% વધી છે, અને આયાતકારો ટેક્સથી બચવા માટે વિવિધ ગેરરીતિઓ અપનાવી રહ્યા છે. આના કારણે ચીની જ્વેલરી સ્થાનિક ઉત્પાદનો કરતાં લગભગ ૫૦% સસ્તી થઈ જાય છે, જે સીધી રીતે ભારતીય ઉત્પાદકોના નફા અને અસ્તિત્વ પર અસર કરી રહી છે. જાણકારના મતે નાણાકીય વર્ષ ૨૦૨૦માં ભારતીય બજારમાં ચીની જ્વેલરીનો હિસ્સો ૨૫% હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં બમણો થઈને ૫૦% સુધી પહોંચી ગયો છે. આ સ્થિતિને કારણે સ્થાનિક ઉત્પાદન એકમોને ઉત્પાદન અને કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરવો પડ્યો છે.

'વોકલ ફોર લોકલ' અને 'મેક ઈન ઈન્ડિયા' જેવી પહેલોએ ભારતીય ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ મુવમેન્ટના કારણે ગ્રાહકોમાં સ્થાનિક ઉત્પાદનો વિશે જાગૃતિ વધી છે, અને નાના અને મધ્યમ ઉદ્યોગોને પોતાનું ઉત્પાદન વધારવા માટે વેગ મળ્યો છે. ખાસ કરીને હસ્તકલા, ખાદ્ય ઉત્પાદનો અને નાના ગૃહઉદ્યોગોને આનાથી ફાયદો થયો છે, કારણ કે લોકો હવે ભારતીય બનાવટની વસ્તુઓ ખરીદવા માટે વધુ સજાગ થયા છે. જોકે, આ પહેલનો પૂરો લાભ લેવા માટે હજુ કેટલાક ક્ષેત્રોમાં કામગીરી કરવાની જરૂર છે. જેમ કે, ટેકનોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રે વધુ રોકાણ કરવું, જેથી સ્થાનિક ઉત્પાદનોની ગુણવત્તા અને ડિઝાઈન આંતરરાષ્ટ્રીય સ્તરની બની શકે. આ ઉપરાંત, ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને સપ્લાય ચેઈનને વધુ કાર્યક્ષમ બનાવવા પર ધ્યાન આપવું જરૂરી છે. જો આ પગલાં લેવામાં આવે, તો ભારત માત્ર આયાત પર નિર્ભરતા ઘટાડશે નહીં, પરંતુ વૈશ્વિક બજારમાં પણ એક મજબૂત ઉત્પાદક દેશ તરીકે ઉભરી શકશે.

## સમય પ્રમાણે ટેકનોલોજી મળે તો ઉત્પાદન અને સપ્લાય વધશે

રાજકોટ ઈમિતેશન જ્વેલરી એસોસીએશન સભ્યે જણાવ્યું હતું કે રાજકોટમાં બનેલો મોટાભાગનો માલ ભારતના બીજા રાજ્યોમાં જાય છે. રાજકોટ સીધું એક્સપોર્ટ કરતું નથી, એક્સપોર્ટ મોટાભાગે મુંબઈ, દિલ્હી, અને કોલકાતાથી થાય છે. રાજકોટમાં જે ઈમિટેશન જ્વેલરી બને છે, તેમાં મુખ્ય પ્રોડક્ટ 'ઝુમખા' છે. બિહાર અને ઉત્તર પ્રદેશમાં આ ઝુમખાની સૌથી વધુ માંગ છે. રાજકોટના ઈમિટેશન જ્વેલરી ઉદ્યોગનું વાર્ષિક ટર્નઓવર અંદાજિત ₹૧,૦૦૦ કરોડથી પણ વધુ છે. સસ્તી ચાઈનીઝ ઈમિટેશન જ્વેલરીની સીધી અસર રાજકોટને થતી નથી, કારણ કે રાજકોટ મુખ્યત્વે ઉત્પાદન કરે છે. આ અસર એવા લોકોને થાય છે જેઓ સીધું વેચાણ કરતા હોય અથવા નિકાસ કરતા હોય. રાજકોટને મોટાભાગે કાચા માલ (રો-મટીરીયલ) માં જ અસર થાય છે, કારણ કે સ્ટોન જેવા ઘણા રો-મટીરીયલ્સ ચીનથી આવે છે. કેમિકલ રો-મટીરીયલ અને મેટલ જેવી વસ્તુઓ ઈમિટેશન જ્વેલરી બનાવવા માટે ખૂબ જ જરૂરી છે, અને તે સૌથી વધુ ચીન પાસે છે. આ પણ એક કારણ છે કે ચીનનો ઈમિટેશન જ્વેલરીનો ઉદ્યોગ ખૂબ વિકસ્યો છે. રાજકોટના પરિદ્રશ્ય વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે હાથથી જે કામગીરી થાય છે, તે ગામડાઓમાં વધુ થાય છે. આવા લોકો મહેનત તો કરી શકે છે, પરંતુ શિક્ષણના અભાવને કારણે સ્કીલ ડેવલપમેન્ટના કાર્યક્રમોનું આયોજન કરવું પણ મુશ્કેલ બની જાય છે. જો આ લોકોને યોગ્ય તાલીમ આપવામાં આવે તો તેમની કામગીરીમાં અનેકગણી ચમક આવશે. વધુમાં, ઈમિટેશન ઉદ્યોગ એ ગૃહઉદ્યોગમાં આવે એવું ક્યાંય ઔપચારિક રીતે લખેલું નથી. આના કારણે લોન મેળવવામાં કે સરકારી સહાય મેળવવામાં ગૃહ ઉદ્યોગોને તકલીફ પડે છે. સમય પ્રમાણે ટેકનોલોજી મળે તો ઉત્પાદન વધે અને ઉત્પાદન વધશે તો જ સપ્લાય વધશે. આ માટે સરકારની સહાય મળવી ખૂબ જરૂરી છે. અપડેટ રહેવા માટે સમયાંતરે સર્વે થાય તે પણ જરૂરી છે, જેથી રાજકોટના ઈમિટેશન ઉદ્યોગને વધુ વેગ મળશે.

## યોગ્ય તાલીમ આપવામાં આવે તો આપણા કારીગરોના ઉત્પાદનને વિશ્વની બજારોમાં મૂકી શકશે: દીપેનભાઈ





ફોનિક્સ જ્વેલરીના દીપેનભાઈ કથીરેચાએ આ અંગે જણાવ્યું કે ભારતને અમુક પ્રકારના રો-મટીરીયલ્સ માટે ફરજિયાતપણે ચાઈના પર આધાર રાખવો પડે છે. ચાઈના પાસે હાઈટેક મશીનરી છે અને ઈનોવેશન ક્ષેત્રે, તેમજ સ્કીલની દ્રષ્ટિએ પણ ચાઈના ભારતથી ઘણું આગળ છે, જેના કારણે ત્યાંની જ્વેલરી માર્કેટમાં વધુ ચાલે છે. તેમાં પણ ચાઈનાની વસ્તુ સસ્તામાં મળી જાય છે. એવું પણ બની શકે કે ચાઈના પાસેથી માલ ખરીદતી વખતે એડવાન્સમાં પેમેન્ટ કરવામાં આવે છે, પરંતુ અહીંના કારીગરો સાથે ઘણી વખત ઉધારીમાં વ્યવહાર કરવામાં આવે છે. આ કારણથી પણ સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન ઓછું મળે છે. આ ઉપરાંત તેમણે ટેક્સ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ઈમિટેશન જ્વેલરી બનાવવા માટેના રો-મટીરીયલ પર ૧૮% જીએસટી છે. આ ઉપરાંત, તૈયાર માલ પર લગભગ ૩% જેટલો ટેક્સ લાગે છે. જો ચાઈનાથી આયાત કરેલો માલ સસ્તો હશે અને આટલા ટેક્સ બાદ ભારતમાંથી બનેલો માલ સહેજ પણ મોંઘો હશે, તો લોકો સસ્તો માલ જ પહેલા પસંદ કરશે. ચીનની જ્વેલરી લુકમાં ખૂબ જ ટ્રેન્ડી અને એડવાન્સ હોય છે. તેની સામે, અહીંના સ્થાનિક કારીગરો દ્વારા બનાવવામાં આવેલી ઈમિટેશન જ્વેલરી મોટાભાગે પરંપરાગત હોય છે અને તેમાં ઈનોવેશનનું પ્રમાણ પણ ખૂબ ઓછું હોય છે. આનું એક કારણ એ છે કે ચીન વૈશ્વિક બજાર માટે સર્વે કરાવે છે, જ્યારે અહીંના કારીગરો અથવા નાના વેપારીઓ વૈશ્વિક બજારમાં જવા તૈયાર નથી અથવા તો ત્યાં સુધી પહોંચવામાં તેમને અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આથી, જો અહીં પણ યોગ્ય સર્વે કરીને તેના પરથી ડિઝાઈન બનાવવાની ટ્રેનિંગ આપ્યા બાદ જ્વેલરી બનાવવામાં આવે તો કારીગરો એટલા સક્ષમ છે કે તેઓ અહીં ના ઉત્પાદનને વિશ્વની બજારોમાં મૂકી શકશે.

## આ કારણે ચીની જ્વેલરી બને છે સસ્તી

ભારતમાં ચીનથી આવતા સસ્તા ઘરેણાં એક મોટી સમસ્યા છે, કારણ કે આયાતકારો ટેક્સથી બચવા માટે વિવિધ યુક્તિઓ અપનાવે છે. તેઓ માલની વાસ્તવિક કિંમત કરતાં ઘણી ઓછી કિંમત દર્શાવે છે, જેથી તેના પર ઓછો કસ્ટમ ટેક્સ ભરવો પડે. આ ઉપરાંત, તેઓ ઘરેણાંને તેના સાચા કોડ (જેને એચએસએન કોડ ૭૧૧૭ કહેવાય છે) હેઠળ રજિસ્ટર કરાવતા નથી. તેના બદલે, તેઓ બીજા કોઈ ખોટા કોડનો ઉપયોગ કરે છે, જેના કારણે ભારતની ₹૬૦૦ પ્રતિ કિલોગ્રામની ડ્યુટી ભરવામાંથી બચી જાય છે. આ બધી ગેરરીતિઓને લીધે, ચીનના ઘરેણાં ભારતમાં બનેલા ઘરેણાં કરતાં લગભગ ૫૦% જેટલા સસ્તા મળે છે. આનાથી આપણા સ્થાનિક કારીગરોને ભારે નુકસાન થાય છે, કારણ કે ગ્રાહકો સસ્તા માલ તરફ આકર્ષાય છે, ભલે તેની ગુણવત્તા ઓછી હોય.

# પર્યુષણ પર્વના ત્રીજા દિવસે અલૌકિક શણગાર સાથે પ્રભુના દર્શન

## શ્રમજીવી કાચ જિનાલયમાં સુમતીનાથ દાદાને અલૌકિક આંગી



તસવીરઃ શૈલેષ વાડોલિયા

શ્રમજીવી કાચ જિનાલય ખાતે સુમતીનાથ દાદાને અનોખા આભૂષણ શણગારમાં વિભૂષિત કરવામાં આવ્યા. રેશમથી રચાયેલી માળાઓ, સુગંધિત પુષ્પો, હીરા અને રત્નજડિત મુકુટથી દાદાના દર્શન દિવ્ય આભાથી ઓતપ્રોત થયા હતા.અગણિત ભક્તોએ આ ભવ્ય શણગારના દર્શન કરી અલૌકિક આનંદનો અનુભવ કર્યો.

## સીમંધર સ્વામીને રત્ન-મોતીની આંગીની અલૌકિક શોભા



પંચવટી મેઈન રોડ પર આવેલા શ્વેતાંબર તપગચ્છ જૈન સંઘના દેરાસરમાં સીમંધર સ્વામીને રત્ન અને મોતીની આંગીથી શણગારવામાં આવ્યા. પ્રભુનું ઝળહળતું અને મનમોહક સ્વરૂપ જોઈ જૈન તથા જૈનતરો ધન્યતા અનુભવી

## પટ્ટણી જિનાલયમાં મુનેશ્વર ભગવાને રેશમ વર્ક, હાર અને ચાંદીના મુકુટથી ઝળહળ્યા દિવ્ય દર્શન



પટ્ટણી જિનાલય ખાતે મુનેશ્વર ભગવાનને વિશેષ આંગી શણગાર કરવામાં આવ્યો. આ શણગારમાં રેશમ વર્કથી સજાવટ કરાયેલા હાર, સુગંધિત પુષ્પો અને મોતીની માળાઓ સાથે ચાંદીના મુકુટથી ભગવાનના દર્શન અદભુત સૌંદર્યથી ઝળહળ્યા હતા.

## પ્લોટ શ્વેતાંબર મૂર્તિ પુજક જૈન તપગચ્છ સંઘમાં ધાર્મિક કાર્યક્રમની સરવાણી





પ્રહલાદ પ્લોટ દેરાસરમાં નાયક મહાવીર સ્વામીને વિશેષ મનમોહક આંગીનો શણગાર કરવામાં આવ્યો હતો.

આ શણગારમાં સોનાં બાદલો ચાંદીનું વરખ ડાયમંડ સાથે હીરા, મોતી અને ફૂલ ,રેશમ દોરીનો અલૌકિક સૌંદર્ય ઝળક્યુ હતું

ભકતોએ સ્વામીના આ અનન્ય શણગારના દર્શન કરી આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો

શ્રી સંઘમાં પર્યુષણ પર્વમાં આરાધના કરાવવા અર્થે પન્યાસ પ્રવર જગતશેખર વિજયજી મહારાજાના શિષ્યરત્ન મુનિરાજ હિતશેખર વિજયજી મ.સા. આદી ઠાણા પધાર્યા છે. ત્યારે મહાવીર જન્મ વાંચન તા. ૨૪-૮ ના રવિવારે શ્રી પ્લોટ યુવક મંડળ દ્વારા સંઘમાં બીરાજતા મહાવીર સ્વામી ભગવાનને સુંદર અંગ રચના તથા સમગ્ર દેહરાસરમાં સુશોભન કરવામાં આવનાર છે.

## જીરાવાલા પાર્શ્વનાથ જિનાલયના આંગણે કાલે મહાવીર જન્મ કલ્યાણકના દિવસે ૧૪ સ્વપનની ઉછામણી




જીરાવલા પાર્શ્વનાથજી જિનાલયમાં આજે ભક્તિ અને કળાનો અદ્વિતીય સંગમ સર્જાયો. પ્રભુને હીરા અને જરીની અદ્ભુત આંગીથી શોભાવ્યા હતા.

આ દિવ્ય શણગારના દર્શનથી ભક્તોએ અલૌકિક આનંદ અને આત્મિક શાંતિનો અનુભવ કર્યો.

આનંદ મંગલ જૈન સંઘ શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલય પાટીદાર ચોક, રાજકોટ. પર્યુષણ મહાપર્વની સામુહિક ભવ્ય આરાધના પાવન નિશ્રા : વૈરાગ્ય વારિધી પ.પૂ. આ. દેવ. વિ. ભકિતસૂરીશ્વરજી મ.સા. સમુદાયના, ગચ્છાધિપતિ કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાનુવર્તીની જય -હેમ-સુર-પુન્યપ્રભાજી મ.સા ના શિષ્યા - પ્રશિષ્યા, અપૂર્વરસાજી મ.સા, કૃતપુન્યજી મ.સા. હેતરસાજી મ.સા. આદિ ઠાણા નાં સાનિધ્યમાં તા. ૨૪-૮-૨૦૨૫ ભાદરવા સુદ ૧ રવિવાર શ્રી મહાવીર જન્મવાંચન, ૧૪ સ્વપન ની ઉછામણી, શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય, તા. ૨૭-૮-૨૦૨૫ ભાદરવા સુદ ૪ બુધવાર સંવત્સરી મહા પર્વ, બારસા સૂત્ર વાંચન, પરસ્પર મિચ્છામિ દુક્કડમ દરરોજ પ્રક્ષાલપૂજા સમય : સવારે ૬.૩૦ કલાકે, દરરોજ વ્યાખ્યાન સમય : સવારે ૯.૩૦ કલાકે. બહેનો માટે પ્રતિક્રમણ સમય : સાંજે ૭ કલાકે સ્થળ : ઉપાશ્રય, પર્યુષણ મહાપર્વના દિવસો દરમ્યાન રોજ સવારે ૭.૩૦ વાગ્યે સ્નાત્ર પૂજા અને પરમાત્માને ભવ્યાતિભવ્ય આંગી કરવામાં આવશે. આંગીનો લાભ તેમજ વ્યાખ્યાન અને (અનુ. આઠમા પાને)

# ગુરૂને શરણાધિન બનીને પ્રતિજ્ઞા ગ્રહણ કરનારાઓનો અહંકાર તુટી જાયઃ નમ્રમુનિ

## ગિરનારે નમ્રમુનિ મ.સા. મનના વિચારોનું પ્રતિક્રમણનો પરમ હિતકારી બોધ પ્રસરાવી પાપ મુકિતનો માર્ગ દર્શાવ્યો



**અબતક, રાજકોટ**

વિચારોના પ્રતિક્રમણ સાથે મનનું શુદ્ધિકરણ કરીને આખો સંસાર જીતી જવાની પાવન પ્રેરણા પ્રસારી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે ગિરનાર ધરા પર પર્યુષણ મહાપર્વના તૃતીય દિવસ પર દર્શાવેલા પાપમુક્તિના માર્ગને પામીને ભારતના ખૂણે ખૂણેથી જોડાએલાં ભાવિકોની સાથે વિદેશના ૧૦૦થી વધુ દેશોના મળીને હજારો ભાવિકો ધન્યાતિધન્ય બની ગયાં હતાં.

સેકન્ડમાં લાખમાં ભાગમાં એક નાનકડો વિચાર પ્રગટાવીને જીવની આખી ભવ પરંપરાને બદલાવી નાખનારા એવા જગતના સૌથી પાવરફુલ એવા અંતરમનને જીતે તે આખો સંસાર જીતી જાય અને મનને જે હારે તે આખો સંસાર હારી જાય છે. મન બગડે તો ક્ષણમાં જીવ દુર્ગતિગામી બની જાય, મન શુદ્ધ થાય તો ક્ષણમાં જીવ મોક્ષગામી બની શકે.

એવા મનને જીતી જવાનો, મન પર કંટ્રોલ કરવાનો સર્વોત્તમ ઉપાય પરમાત્માએ દર્શાવ્યો છે, 'ગુરુમુખેથી ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા'. ગુરુ પરમાત્માના શરણમાં શરણાધિન બનીને પ્રતિજ્ઞા ગ્રહણ કરનારાનો અહંકાર તૂટી જાય, અંદરની ઈચ્છાઓ છૂટી જાય.

જે મનનું પ્રભુ ચરણમાં



### કાલે ત્રિશલા માતાના ૧૪ સ્વપનાના દિવ્ય દર્શને, ભક્તિ-નૃત્ય કીર્તના સાથે પ્રભુ જન્મોત્સવના વધામણા લઈને જન્મારો સાર્થક કરશે

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો પંચમ દિવસ,રવિવારે તીર્થ ભૂમિ ગિરનારની ધન્ય ધરા પર સર્જાશે ભવ્યતા, દિવ્યતા અને ધન્યતાનો ત્રિવેણી સંગમ!

પ્રભુ નેમ દરબારના રજવાડી શામિયાણામાં રૂમઝૂમ કરતી પધારશે પ્રભુ મહાવીરના માતા ત્રિશલા દેવીના ૧૪ મહાસ્વપનોની દિવ્ય વણઝાર! જેના પાવનદર્શને કૃતકૃત્ય બનશે વિશાળ જન સમુદાય અને, સર્જાશે એવી એ પવિત્ર પાવન ક્ષણ જ્યારે સાક્ષાત પ્રભુ પધાર્યાની અનુભૂતિ કરાવતી કર્ણપ્રિય ભક્તિ સ્તવનાના સૂરો સાથે નૃત્ય - ભક્તિ- કીર્તનામાં ભીંજાએલાં ભાવિકો ભગવાન મહાવીર જન્મોત્સવના ભવ્યાતિભવ્ય વધામણા લઈને આનંદ, ઉત્સાહ અને હર્ષવિભોર બનીને પ્રભુને પારણીયે ઝૂલાવી જન્મારાની ધન્યતા અનુભવશે.જે આજે પ્રભુનો જન્મોત્સવ ઉજવે તે ભવિષ્યમાં પ્રભુ પરિવારમાં જન્મ પામવાની નિયતિનું સર્જન કરી દેતા હોય છે. આવી નિયતિનું સર્જન કરવા સર્વ ધર્મપ્રેમી ભાવિકો પધારો ગિરનારે, પ્રભુ નેમ દરબારે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યે પ્રભુ ભક્તિના ઝૂલે ઝૂલવા આમંત્રિત કરી રહ્યાં છે.

ઈચ્છાવિહીન ન-મન થઈ જાય તેનું મન, પરમાત્માના મન સાથે એકાકાર બની જાય. એ મન પરમાત્માની જેમ નિર્ભય બની જાય. જે સરન્ડર હોય પ્રભુ શરણે તેને કોઈ ડર ન હોય.

પરમાત્મા કહે છે, પ્રભુ ચરણમાં શરણાધિન હોય તેને (અનુ. આઠમા પાને)

# મેકઅપની ઉંમરમાં ધર્મ કરી લેવો, ચેક અપની ઉંમરમાં તો કશું થઇ શકવાનું નથીઃ ધીરગુરુદેવ

## પર્વાધિરાજ પર્યુષણનો સંદેશ છે કે જેને તમે જીવન આપી શકતા નથી. તેને મારવાનો તમને કોઈ અધિકાર નથીઃ વેરથી વેર વધે જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં

**અબતક, રાજકોટ**

પર્યુષણના કર્તવ્ય છે કે, રોજ પ્રભુભકિત, સામાયિક વ્રતનું આરાધન, જિનવાણી શ્રવણ, પ્રતિક્રમણ આરાધના તેમજ સાધર્મિક ભકિત, સુપાત્ર દાન ભકિત, વૈયાવચ્ચ ભકિતમાં જોડાઈ રહેવું.

જિંદગીનો કપરો સમય વોશીંગ મશીન જેવો છે માનવીને ગોળ ગોળ ઘુમાવે, નીચોવી નાખે, પટકી દે,



આવી જ દશા છે ને ! મશીન તો હજી સારું, કપડાને સ્વચ્છ, ઉજજવલ, સફેદ બનાવે, એમ સંકલ્પ - વિકલ્પની ઘટમાળમાંથી બહાર આવશો તો શુદ્ધિ થયા વિના રહેશે નહિ. મેકઅપની ઉમરમાં ધર્મ કરી લેવો. ચેક અપની ઉંમરમાં તો કશું થઈ શકવાનું નથી !!!

આજે માણસ રંગીન મકાનમાં વસવા છતાં ગમગીન (અનુ. આઠમા પાને)

# કાલે પર્યુષણ પર્વના પાંચમા દિવસે પ્રભુ મહાવીરના પ્રસંગોનું વર્ણન



## માતા ત્રિશલાના ચૌદ સ્વપ્નોમાં છુપાયેલો પ્રભુ મહાવીર સ્વામીના જીવનનો તેજસ્વી સંદેશ

**અબતક, રાજકોટ**

પર્યુષણ પર્વના પાંચમા દિવસે રવિવારે પ્રભુ મહાવીરના પ્રેરક પ્રંસગોનુ વર્ણન તથા ચૌદ સપનાનું મહત્ત્વ પ્રવચન દરમ્યાન સમજાવવામાં આવે છે. તીર્થંકર પ્રભુ મહાવીરની માતાને આવેલા ચૌદ મહા સ્વપ્નનું મહાત્મય અનેરૂં છે.

દરેક તીર્થંકરની માતાને ચૌદ મહા સ્વપ્ન આવે છે. માતા ત્રિશલા પોતાને આવેલા સપનાની વાત મહારાજા સિધ્ધાર્થને કરે છે. રાજા કૂશળ સ્વપ્ન પાઠકોને બોલાવી તેના અર્થને જાણે છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે પર્વાધિરાજ પર્યુષણ પર્વના પવિત્ર દિવસો ચાલી રહ્યાં છે.. ચાલો....આપણે પણ મહા સ્વપનાઓનું મહાત્મય જાણીયે....

(૧) હાથી : હે માતા... આપનો પુત્ર જગતમાં હાથીને જેમ નિર્ભય થઈને વિચરશે.

(૨) ઋષભ : આવનાર વીર પુત્ર તેના જ્ઞાન અને ચારિત્ર બળથી વિષય - કષાયરૂપી કાદવ - કીચડમાં સંસારમાં ફસાયેલા અનેક જીવોને બહાર કાઢશે.

(૩) સિંહ : આ શુરવીર પુત્ર સિંહની જેમ પરાક્રમી બની શાસનની ધુરા સંભાળશે. નીડર - નિર્ભય બનીને વિચરશે.

(૪) લક્ષ્મી : હે માતા ...આપનો પુત્ર ભૌતિક લક્ષ્મીનો ત્યાગ કરી શાશ્વતી એવી મોક્ષ લક્ષ્મી ને વરશે.

(૫) પુષ્પની બે માળા : આવનાર બાળક મોટો થઈ આગાર અને અણગાર ધર્મ સમજાવી તીર્થની સ્થાપના કરશે.

(૬) ચંદ્ર : હે માતા... આપનો પુત્ર ચંદ્ર સમાન શીતળ તેમજ સૌમ્ય હશે.

(૭) સૂર્ય : આવનાર બાળક જગતમાંથી મિથ્યાત્વના અંધારા દૂર કરી સૂર્ય સમાન તેજસ્વી - ઓજસ્વી બનશે.

(૮) ધજા : જેમ મંદિર પર રહેલી ધજાથી દૂરથી ખ્યાલ આવે છે તેમ આપના પુત્રની પણ યશ કીર્તિ દૂર - સુદૂર ફેલાશે.

(૯) કળશ : અમૃતના કળશમાંથી (અનુ. આઠમા પાને)

### મોરબી રોડ પરથી એન્જિનીયરનું અપહરણ કરી લૂંટી લેવાનો મામલો

# પોલીસની ઓળખ આપી રૂ. ૪૦ લાખની ખંડણીની માંગ કરનાર કુખ્યાત બેલડી ઝડપાઈ

## ઈન્સ્ટાગ્રામ મિત્ર મોહિતે યુવકને મળવા બોલાવી સોહમનગરમાંથી અપહરણ કર્યું : અલ્બાજ સહિતના ત્રણ શખ્સોએ કારમાં એઈમ્સ નજીક લઈ જઈ બેફામ માર મારી સોનાના દાગીના, રોકડ, આઈફોન અને કાર પડાવી લીધી'તી

### અપહરણ, ખંડણી સહિતનો ગુનો નોંધાતા આરોપીઓ રાજસ્થાન નાસી છૂટ્યા'તા : પરત ફરતા જ પરત ફરતી વેળાએ અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનેથી ક્રાઈમ બ્રાન્ચે મોહિત અને અલ્બાજને દબોચી લીધાં

### લૂંટ બાદ ત્રીજો આરોપી તમામ મુદ્દામાલ લઈ નાસી ગયો : શોધખોળ

કોમ્પ્યુટર એન્જીનીયર યુવાનને મારમારી અપહરણ કરી લૂંટ ચલાવવાના ગુનામાં બે આરોપીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડ્યા હતાં. ત્યારે તેની પૂછતાછમાં જણાવ્યું હતું કે, ગુનાને અંજામ આપ્યાં બાદ તેઓ એક રાત રાજકોટમાં રોકાયા હતાં અને તમામ મુદ્દામાલ ત્રીજા શખ્સ પાસે હોવાની કબૂલાત આપી હતી. જ્યારે ત્રીજો આરોપી પણ કુખ્યાત હિસ્ટ્રીશીટર છે. જેને પણ પકડવા ક્રાઈમ બ્રાન્ચની ટીમ દોડતી થઈ છે.

### લૂંટારૂ ગેંગથી બચવા યુવક આખી રાત જંગલમાં છુપાઈ રહ્યો'તો

એન્જીનીયર યુવકના અપહરણ બાદ તેને અનેકવાર માર મારવામાં આવ્યો હતો. બાદમાં યુવાન આરોપી મોહિતને ધક્કો મારી અવાવરૂ જંગલમાં અંધારામાં ભાગી ગયેલ અને આ ત્રણેય આરોપીઓએ પીછો કરેલ પરંતુ ત્યાં ગાઢ અંધારૂ હોય જેથી યુવાન ઝાડીઓમાં લપાઈને સુઈ ગયેલ હતો. આરોપી આજુબાજુ હશે તે ડરથી અંધારામાં જ ચુપચાપ સવાર સુધી પડ્યો રહેલ અને સવાર થતા આજુબાજુ કોઈ નથી તેની ખાતરી કરી ત્યાંથી ભાગી નીકળેલ હતો.

### અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલી ત્રિપુટીની ક્રાઈમ કુંડળી

કુખ્યાત મનીષ ઉર્ફે મોહિત ગોહેલ અને આલ્બાઝ ઉર્ફે રહીશ વિરુદ્ધ અલગ અલગ પોલીસ મથકમાં ગંભીર પ્રકારના ગુના નોંધાયેલ છે. જેમાં મનીષ ઉર્ફે મોહિત એક વખત તેમજ અલબાજ ઉર્ફે રહીશ ત્રણ વખત પાસામાં પણ જેલની હવા ખાઈ ચૂકેલ છે. તેમજ ફરાર આરોપી વિરુદ્ધ પણ અનેક ગુના છે અને હાલમાં જ તેમના ગેરકાયદેસર મકાન પર બુલડોઝર પણ ફરી વળ્યું હતું.

**અબતક, રાજકોટ**

સોહમનગરમાંથી કોમ્પ્યુટર એન્જીનીયર યુવકનું અપહરણ કરી એઈમ્સ નજીક લઈ જઈ બેફામ મારમારી સોનાના દાગીના રોકડ સહિતનો મુદ્દામાલ લૂંટી સાયબર અધિકારીની ઓળખ આપી ૪૦ લાખની ખંડણી મંગવાના ગુનામાં ફરાર બે કુખ્યાત શખ્સોને ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધાં હતાં.

બનાવ અંગે મોરબી રોડ પર સોહમ નગર મેઈન રોડ પર મહાકાળી કરિયાણાની દુકાન સામે રહેતાં રણધીરભાઈ રૂપેશભાઈ કટારીયા (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મોહિત ગોહેલ, રઈસ ખાટકી અને અજાણ્યાં શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તે ધોળકામાં આવેલ રાય યુનિવર્સીટીમાં કોમ્પ્યુટર એન્જીનીયરીંગમાં અભ્યાસ કરે છે. તે જે સોસાયટીમાં રહે છે તે જ સોસાયટીમાં અગાઉ મોહિત ગોહિલ નામનો છોકરો રહેતો હતો. તે સોહમનગર નજીકમાં જ આવેલ ટાયરની દુકાનમાં કામ કરતો હતો. તે ઈન્સ્ટાગ્રામમાં મિત્ર છે. આ મોહિતએ ઈન્સ્ટાગ્રામમાં ગઈ તા. ૧૨/૦૮/૨૦૨૫ ના રાત્રીના બારેક વાગ્યે મેસેજ કરેલો કે ,તારૂ કામ છે, તું મને રૂબરૂ મળ, જે બાદ ઈન્સ્ટાગ્રામમાં જ તેનો મોડી રાતના ફોન આવેલ કે, મને ભુલ્યા વગર કાલે મળજે.

જે બાદ બીજા દિવસે રાત્રીના મોહિતનો ફોન આવેલ કે, તું ક્યાં છો, હું સોહમનગર પાસે ઉભો છું તુ બહાર આવ જેથી તે મોહિતને મળવા માટે કાર લઈ સોહમનગર બહાર નીકળેલ અને તે વખતે તેને મળતા કહેલ કે, મારા બે મિત્રો છે, ચાલ તને તેની સાથે મળાવુ તેમ કહી તે ગાડીમાં બેસી ગયેલ અને જુના મોરબી રોડ તરફ જવા જણાવેલ બાદ મેલડી માતાજીના મંદિર નજીક ગણેશનગર વાળી શેરી પાસે ગાડી ઉભી રખાવેલ. જ્યાંથી બે શખ્સો જેમાં એક રઈશ ખાટકી હતો. તે બંને પણ ગાડીમાં બેસી ગયેલ અને અલગ-અલગ રસ્તાઓ ઉપર ફેરવેલ ત્યાર બાદ મોહિતે કહેલ કે, હવે ગાડી હું ચલાવીશ તેમ કહી મારી ગાડી ચલાવવા લાગેલ અને વાતો-વાતોમાં આશરે બે-ત્રણ કલાક રસ્તાઓ ઉપર ફેરવી ખંઢેરી ગામથી એઈમ્સની પાછળ વાળા અવાવરૂ રોડ પર એક ટેકરાવાળી જગ્યા ઉપર લઈ જઈ અચાનક જ મારવાનુ શરૂ કરેલ હતું.

તે વખતે રઈશે અને મોહિતે તેમની પાસે રહેલ છરી ઊંધી મારવાનુ શરૂ કરેલ અને સાથે રહેલ અજાણ્યો શખ્સ ઢીકાપાટુનો માર મારતો હતો. તેમને ખુબ માર માર્યો બાદ હાથમાં રહેલ ત્રણ સોનાની વિંટી અજાણ્યા શખ્સે કાઢી લીધેલ અને ખીસ્સામાં રહેલ રોકડા રૂ.૨૦ હજાર મોહિતે કાઢી લીધેલ હતાં. તેમજ ખીસ્સામાંની એક સોનાની મગમાળા અને આઈફોન પણ મોહિતે કાઢી લીધેલ અને પકડી લઈ ફરીથી ગાડીમાં બેસાડી દિધેલ તે વખતે સાથેના અજાણ્યા શખ્સે ગાડી ચલાવવાનું શરૂ કરેલ અને રઈશ તેમજ મોહિત બંને જણા પાછળની શીટ ઉપર બંને બાજુ ગોઠવાઈ ગયેલ તે બંનેના હાથમાં છરી હતી. તેઓ ચાલુ ગાડીએ પણ મને ઢીક મુક્કાનો માર મારતા હતા.

તે વખતે તેમને કહેલ કે મને તમે મારશો નહી તમે જે કહેશો તે હું કરવા તૈયાર છું પાંચેક દિવસ બાદ મારી બહેનની સગાઈ છે, મને જવા દો, ત્યારે જે રઈશે કહેલ કે, તું તારા બાપને ફોન કર અને હું તને કહું તેવું બોલજે, તેમ કહી તેણે કહેલ કે, તારે તારા બાપને કહેવાનુ છે કે, હું સાયબરના ગુનામાં પકડાયો છું, મને પોલીસ ગાંધીનગર લઈ જઈ રહી છે, મને છોડાવી લો તેમ કહી તારે તારા બાપ પાસેથી ચાલીસ લાખ રૂપિયાની માંગણી કરવાની છે તેમ કહી તેણે યુવાનને મોબાઈલ ફોન આપી પિતાને ફોન કરી વાત કરાવેલ અને રઈશના કહ્યા પ્રમાણે પિતા સાથે વાત કરી પૈસાની માંગણી કરેલ હતી.

બાદમાં રઈશે અવાર-નવાર યુવાનના પિતા સાથે વોટ્સેપકોલમાં વાત કરેલ અને પૈસાની માંગણી કરતા જણાવેલ કે, રૂપિયા નહી પહોંચસે તો તારો છોકરો તને જીંદગીભર જોવા નહી મળે તેવી ધમકી આપેલ તે સમયે યુવાનના દુરના કાકા કે જેઓ પોલીસમાં હોય અને જેઓને પિતાએ બનાવ બાબતે જાણ કરી તેઓને મળવા ફુલછાબ ચોક બોલાવેલ હતાં, તેઓએ રઈશ સાથે વાત કરી પોતાની ઓળખાણ આપતા રઈશે તરત જ ફોન કાપી નાખેલ અને આડેધડ મારવાનુ શરૂ કરી ગાળો આપેલ હતી.

બાદમાં ગાડીમાંથી બહાર કાઢી રઈશ અને મોહિતે ફરી મારવાનુ શરૂ કરેલ તે વખતે મોહિતને ધક્કો મારી અવાવરૂ જંગલમાં અંધારામાં ભાગી ગયેલ અને આ ત્રણેય આરોપીઓએ પીછો કરેલ પરંતુ ત્યાં ગાઢ અંધારૂ હોય જેથી યુવાન ઝાડીઓમાં લપાઈને સુઈ ગયેલ ત્યાર બાદ તેઓ આજુબાજુ હશે તે ડરથી અંધારામાં જ ચુપચાપ સવાર સુધી પડ્યો રહેલ અને સવાર થતા આજુબાજુ કોઈ નથી તેની ખાતરી કરી ત્યાંથી ભાગી નીકળેલ અને રસ્તામાં આજી-૨ ડેમથી એઈમ્સ પાછળના જવાના રસ્તે એક તબેલો આવતા ત્યાં ઉભેલ માણસ પાસેથી ફોન પિતાને ફોન કરતાં તેઓ અને દોડી આવેલ અને તેને ઘરે પરત લઈ ગયેલ હતાં. યુવાનને ઈજા પહોંચી હોવાથી સારવારમાં પણ ખસેડાયો હતો.

બનાવ અંગેની ફરીયાદ બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયા બાદ ગુનાની ગંભીરતા દાખવી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા, એસીપી (કાઈમ) ભરત બસીયા દ્વારા નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ ડીપીએસઆઈ વી.ડી.ડોડીયા ટીમ સાથે આરોપીની તપાસમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ દિપક ચૌહાણ, રાજેશ જળુ અને કોન્સ્ટેબલ વિશાલ દવેને ખાનગી બાતમીદારો તથા ટેકનીકલ સોર્સીસથી મળેલ ચોક્કસ બાતમીના આધારે નાસતા-ફરતા આરોપી મનીષ ઉર્ફે મોહીત ચમન ગોહેલ (ઉ.વ ૨૧, રહે-ગણેશનગર-૮, મોરબી રોડ) અને અલ્બાજ ઉર્ફે રહીસ મોહમદ ભાડુલા (ઉ.વ.૨૩, રહે-મોરબી રોડ ચામડીયાપરા) ને અમદાવાદ સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને આરોપી રાજકોટથી રાજસ્થાન નાસી છૂટ્યા હતાં અને ત્યાંથી પરત ફરતાં હતાં ત્યારે અમદાવાદ પહોંચતા જ ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળતાં ટીમ દોડી ગઈ હતી અને બંનેને પકડી પાડ્યા હતાં. ફરીયાદી અને આરોપી મિત્ર હોવાનું સામે આવ્યું છે અને સામાન્ય બોલાચાલી બાદ આરોપીઓએ ગુનાને અંજામ આપ્યો હતો.

**ડીસીબી પીએસઆઈ વનરાજસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ દિપક ચૌહાણ, રાજેશ જળુ અને કોન્સ્ટેબલ વિશાલ દવેની કામગીરી**

# 'જયાં ભેગી થઈશ ત્યાં છરીના ઘોદા મારી દેવા છે' કહીં મહિલાને પૂર્વ પતિની ધમકી

## વિરસાવરકર નગર આવાસ યોજનામાં રહેતી મહિલાને ત્રાસ આપતાં કમળાપુરના મિતેશ મેસવાણીયા સામે ગુનો

**અબતક, રાજકોટ**

વિરસાવરકર નગર આવાસ યોજનામાં રહેતી મહિલાને તેના પૂર્વ પતિએ તું જયાં ભેગી થઈશ ત્યાં તને છરીના ઘોદા મારી દેવા છે કહીં ધમકી આપતાં યુની. પોલીસ મથકમાં કમળાપુરના મિતેશ મેસવાણીયા સામે ગુનો નોંધાયો હતો.બનાવ અંગે હાલ વિરસાવરકર નગર આવાસ યોજના કવાર્ટરમાં રહેતી ભુમીકાબેન હિમાંશુભાઈ નિમાવત (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મિતેશ ભરત મેસવાણિયા (રહે.કમળાપુર જસદણ) નું નામ આપતા યુનિ. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી પતિ અને નવ વર્ષની પુત્રી સાથે રહે છે. બારેક વર્ષ પહેલા આરોપી મિતેષ મેસવાણીયા સાથે લગ્ન કરેલ હતા, બાદમાં પતિ પત્નિ વચ્ચે અણબનાવ બનતા દસેક વર્ષ પહેલા તેની સાથે છુટાછેડા લીધેલ હતા. બાદ તેણીએ હિમાંશુ નિમાવત સાથે બીજા લગ્ન કરેલ હતા.ગઈ તા.૦૬ ના સવારના અગિયારેક વાગ્યાની આસપાસ તેણી ઘરે હતી ત્યારે મિતેષ મેસવાણીયાનો ફોન આવેલ અને અગાઉના લગ્નજીવન બાબતે ખાર રાખી કહેવા લાગેલ કે, તું અત્યારે મારા ઘરે આવ એટલે તને ખબર પાડુ તેમ કહી ગાળો આપેલ અને કહેલ કે, તુ જયાં ભેગી થાઈશ ત્યાં તને છરીના ઘોદા મારી દેવા છે અને તારા ભાઈ તથા તારા બાપને પણ પતાવી દેવા છે તેવી ધમકીઓ આપેલ હતી. જેથી તેણી ડરી જતા ફોન કાંપી નાંખેલ હતો.

આરોપી મિતેષ મેસવાણીયા સાથે ફરીયાદીને છુટાછેડા થઈ ગયેલ હોવા છતા પણ અવારનવાર ફોન કરી અગાઉના ઝઘડાઓ યાદ કરીને હેરાન પરેશાન કરે છે. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# બાળપણની ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કરવાનું કહી પત્નીને તરછોડી

## રાજકોટમાં રહેવું હોય તો તારા માતા-પિતાને કહેજે મકાન લઈ આપે કહી સાસુ-સસરાએ ત્રાસ આપ્યો

### ગોંડલમાં એકલવાયું જીવન વિતાવતી પરિણીતાની રાજકોટના પુષ્કરધામમમાં રહેતાં પતિ, સાસુ-સસરા સામે રાવ

**અબતક,રાજકોટ**

ગોંડલ એકલી રહેતી પરિણીતાએ રાજકોટના પુષ્કરધામમમાં રહેતાં પતિ, સાસુ-સસરા સામે ફરીયાદ નોંધાવી હતી. પતિએ મારે તો નાનપણથી ગર્લફ્રેન્ડ છે, તેની સાથે લગ્ન કરવા છે કહીં પત્નીને તરછોડી દિધી હતી.

બનાવ અંગે હાલ ગોંડલના ભગવતપરા, દોમડીયા સોસાયટીમાં રહેતી પુજાબેન પાર્થભાઈ વાગડીયા (ઉ.વ.૨૬) એ તેના પતિ પાર્થ વાગડિયા, સસરા હસમુખ બાલા વાગડીયા અને સાસુ ગીતાબેન વાગડીયા (રહે તમામ પુષ્કરધામ, યુનિવર્સિટી રોડ રાજકોટ) વિરુદ્ધ રૂરલ મહિલા પોલીસ મથકમાં માનસીક અને શારીરિક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, હાલ તે ગોંડલમાં દોમડીયા સોસાયટીમાં ઘેલાભાઇ ભાડેથી એકલી રહે છે. તેણી છેલ્લા ત્રણ વર્ષથી રિસામણે આવેલ છે. તેણીના લગ્ન તા.૧૫/૦૭/ ૨૦૨૧ ના રોજ રાજકોટના રહેવાસી પાર્થ સાથે થયેલ છે, લગ્ન બાદ કરીયાવર સાથે પતિ સાથે રાજકોટ રહેવા ગયેલ હતી, તેણી પતિ તથા સાસુ-સસરા, દિયર અને નાનીજી સાસુ સાથે રહેતી હતી. લગ્ન બાદ બે ત્રણ મહિના સારી રીતે રાખેલ, ત્યારબાદ પતિએ કહેલ કે, તુ મને ગમતી જ નથી, મારા પપ્પાના કહેવાથી તારી સાથે લગ્ન કર્યા છે, મારે તો નાનાપણથી ગર્લફ્રેન્ડ છે, તેની સાથે પ્રેમ છે, તેની સાથે લગ્ન કરવા છે, અમારી ઘરે પણ તેને લઈ આવતા હતાં. તેણી સાસુને આ વાત કરતી તો તે કહેતા કે, તુ આવી નેરોમાઈન્ડ ન થા છોકરાને જવા દેવાના, સાસુ, સસરા કહેતા કે, તારે અહી રાજકોટમાં રહેવું હોય તો તારા મમ્મી પપ્પાને કહેજે રાજકોટમાં મકાન લઈ આપે, તેમજ કહેતાં કે, તુ તો સાવ કાળી છો, મારો છોકરો રૂપાળો છે. તુ તો સાવ ગામડાની છો, તને તો કાંઈ આવડતું નથી, તારા મા બાપે તને કાંઈ શીખવાડેલ નથી, તુ કંઈ કરીયાવરમાં લાવેલ નથી, તમે તો ભીખારી નીકળીયા, તેમ કહી મેણા મારી કહેતા હતા કે, તુ કાંઈ બીઝનેશ નથી કરતી, તને અહી રાખીને શું કામની.

તેમજ પતિ રાત્રીના દારૂ પી ને આવતા ત્યારે મારકુટ કરતા, તેમ છતા તે કંઈ બોલતી નહી, માવતરને ફોન કરતી તો સાસુ, સસરા ફોન પણ ન કરવા દેતા અને માવતર સાથે વાત કરવા દેતા નહી, આવી રીતે ત્રાસ આપી તેમને તા. ૩૧/૫/૨૦૨૨ ના પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકલ હતી, ત્યાર બાદ અઢી વર્ષ બાદ ફરી તેમના પપ્પા પતિના ઘરે મુકી ગયેલ હતા. ત્યારે તેણી તા.૨૧/ ૧૦/૨૦૨૪ ના પતિના ઘરે ગયેલ હતી.

ત્યારે તેણી દશ દિવસ રોકાયેલ હતી, ત્યારે સાસુ, પતિને મળવા દેતા નહી અને પતિને બહાર ગામ મોકલી દીધેલ કહેતા હતા, જેથી આ બાબતે પતિ સાથે ફોનમાં વાત કરતા કહેલ કે, હું વિદેશ ગયેલ છું હવે ઈન્ડિયામાં પાછો નથી આવવાનો હું તો અહી જ બીજા લગ્ન કરી સેટ થઈ જવાનો છું, હવે ભારતના કોઈ કાયદા કાનુન લાગશે નહી, તે મારી સાથે લગ્ન કરેલ છે તેનો કોઈ પુરાવો નથી, તુ મને છુટાછેડા આપી દે, તુ અમારા ઘરમાં તો નહી જ, તને અમારે રાખવી નથી, ત્યાર બાદ સાસુ, સસરાએ મારો કોઈપણ વાંક વગર એક મહિના પહેલા પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલ અને માવતરનાં ગામ ઉમરાળીના પાટીયા સુધી મુકીને જતા રહેલ હતાં. બાદમાં તેઓ સામે ગોંડલ કોર્ટમાં ભરણપોષણ અને ડોમેસ્ટીકનો કેસ કરેલ છે.

# બે વખત પ્રેમી સાથે ભાગી ગયેલી પત્નીના બેફામ ત્રાસથી પતિએ ઝેર ગટગટાવ્યું

### પારકા ઘરે ભાગી ગયેલી પત્ની છ વર્ષના દીકરાની માંગણી કરી ત્રાસ ગુજારતા યુવાન હતાશ

**અબતક,રાજકોટ**

ચોરીના ચાર ફેરા, અગ્નિ સાક્ષીએ લગ્ન ને સમાજમાં પવિત્ર બંધન અને જનમ જનમના સાથ ના સંબંધ ગણવામાં આવે છે... ત્યારે બીજી તરફ ઘર સંસારની અનિશ્ચિતતા અંગે એવી કહેવત છે કે વીસ વર્ષએય વિશ્વાસ નહીં.. અને સો વર્ષે ઘરવાસ નહીં. પતિ પત્ની વચ્ચેનો વિશ્વાસ તૂટી જાય તો જીવન અઘરું થઈ પડે છે, રાજકોટના શ્રમજીવી યુવાન ની બેવફા પત્ની બે બે વખત પ્રેમી સાથે ચાલ્યા ગયા બાદ એકના એક પુત્ર આપી દેવાની માંગણી કરતા યુવાને કંટાળી ઝેરી દવા પી લેતા ગંભીર હાલતમાં દવાખાને ખસેડવામાં આવ્યો હોવા નો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રેલવે સ્ટેશન હસરાજ નગર માં રહેતા અને સીએનસી ઓપરેટર તરીકે નોકરી કરતા આશિષ વિજયભાઈ બોરદે મરાઠી ૨૭ એ ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે જ્યાં તેની હાલત હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવના કારણોમાં આશિષના મોટાભાઈ હાર્દિક એ આપેલી વિગતો મુજબ આશિષ તેનો નાનો ભાઈ છે ,તેણે સાત



વર્ષ પહેલા જ્ઞાતિની સપના નામની છોકરી સાથે પ્રેમ થયા બાદ જ્ઞાતિના રિવાજ મુજબલગ્ન કર્યા હતા અને તેને સંતાનમાં એક છ વર્ષનોપુત્ર છે આશિષ ની પત્ની સપના ને બે વખત તેના મિત્ર કિશન કોળી સાથે રહેવા ચાલી જતી હોય કિશનને ત્યાં જઈને સપના તેના પુત્ર ને સાથે લઈ જવાની જીદ કરીને વારંવાર આશિષ ને ધમકાવતી હોય આ કારણે હતાશ થઈને આશિષે ઝેરી દવા પી લીધી હતી આ બનાવ અંગે પ્રદ્યુમનનગર પોલીસે તપાસ હાથ ધરી છે.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરીંગ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૩૦ વર્ષ ૨૦૨૫-૨૬** | **તારીખ : ૨૦-૦૮-૨૦૨૫**

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | અર્નેસ્ટમની (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૦૩R૧ | રાજકોટ ડિવિઝન :- ઓખા :- ટાઈપ-II ક્વાર્ટર્સ (૧૬ નંગ) નું બદલીકરણ. | ૩,૨૭,૬૪,૬૯૦.૫૪ | ૩,૧૩,૮૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૪૭R | રાજકોટ ડિવિઝન : LC ગેટ નં. ૨૦, ૨૭ અને ૩૩ (વાંકાનેર-નવલખી સેક્શન) ખાતે જૂના પોર્ટા કેબિન/ લોકેશન બોક્સીઝ થી નવી LC ગેટ કુટીર સુધી S&T ગીયર્સનું સ્થળાંતર કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા. | ૫૩,૧૮,૬૨૮.૯૦ | ૧,૦૬,૪૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૪૯R | રાજકોટ ડિવિઝન : LC ગેટ નં. ૭૧ અને ૭૫ x (વાંકાનેર-નવલખી સેક્શન) અને LC ગેટ નં. ૭ અને ૯ (દહીસરા-વાવણીયા સેક્શન)ખાતે જૂના પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝ થી નવી LC ગેટ કુટીર સુધી S&T ગીયર્સનું સ્થળાંતર કરવા દ્વારા ભરોસાપાત્રતા સુધારણા. | ૯૮,૬૧,૭૨૯.૨૭ | ૧,૯૭,૨૦૦.૦૦ |

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** ૧૨-૦૯-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટઃ** www.ireps.gov.in

RJT-103

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# મારામારીના ગુનામાં ફરાર આરોપી સમીર ચાનિયા ઝડપાયો

### બી ડિવિઝન પોલીસના હવાલે કરાયો : પેરોલ ફર્લો સ્કોડની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

શહેર પોલીસની પેરોલ ફર્લો સ્કોડે મારામારીના ગુનામાં ફરાર શખ્સને ઝડપી બી ડિવિઝન પોલીસના હવાલે કર્યો છે. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા અને એસીપી ક્રાઈમ બી બી બસિયા દ્વારા પેરોલ જમ્પ, નાસતા ફરતા તથા ગંભીર ગુનામાં પકડવાના બાકી આરોપીઓને શોધી કાઢવાની સૂચનાને પગલે પેરોલ ફર્લો સ્કોડના પી.આઈ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે જી તેરૈયાની ટીમ સતત પ્રયત્નશીલ હતી. દરમિયાન હ્યુમન સોર્સના આધારે રાજકોટના બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ હુમલાના ગુનામાં પકડવાના બાકી આરોપી સમીર ઈસ્માઈલભાઈ ચાનીયા (ઉવ ૨૪ રહે. દૂધસાગર રોડ, હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર નંબર-૩૦૧, રાજકોટ)ની ધરપકડ કરી બી ડિવિઝન પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ, પીએસઆઈ જે જી તેરૈયા, એએસઆઈ ઝહીરભાઈ ખફિફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડ રોકાયા હતા.

# કલેક્ટર કચેરી નજીક ક્વાર્ટરમાં જુગાર રમતી ચાર મહિલા સહિત છ ઝડપાયા

### રૂ.૪૪,૮૦૦ની રોકડ કબ્જે : પ્ર.નગર પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

શહેરની કલેક્ટર કચેરી નજીક ક્વાર્ટર ખાતે ધમધમી રહેલા જુગારના પાટલા પર દરોડો પાડી પ્ર.નગર પોલીસની ટીમે ચાર મહિલા સહીત છ શખ્સોને દબોચી લઈ રૂ. ૪૪,૮૦૦ ની રોકડ કબ્જે કરી હતી.

જુગારના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર પ્રનગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, કલેકટર કચેરીની બાજુમાં જામ ટાવર રોડ પર કેન્દ્રાન્ચલ ક્વાર્ટર નંબર-૨૭ ખાતે જુગારનો પાટલો ધમધમી રહ્યો છે. જે બાતમીના આધારે પ્રનગર પોલીસની ટીમે બાતમીવાળા ક્વાર્ટરમાં દરોડો પાડતા નિલેશ મનસુખભાઈ મકવાણા(ઉવ ૩૯), નિતેશ ગોરધનભાઈ સાવરીયા(ઉવ ૪૮), પ્રજ્ઞાબેન રાજુભાઈ ભાલાળા(ઉવ ૫૦), જયશ્રીબેન ભીમજીભાઈ વિરડીયા(ઉવ ૫૬), જીજ્ઞાબેન ભરતભાઈ પારેખ(ઉવ ૫૦) અને પારુલબેન તુષારભાઈ વજાણી(ઉવ ૪૧) જુગાર રમતા ઝડપાયા હતા. પ્ર.નગર પોલીસની ટીમે રૂ. ૪૪,૮૦૦ ની રોકડ કબ્જે કરી ચાર મહિલા સહીત છ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


HINDUJA HOUSING FINANCE

**કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫**
**બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.**
**સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧**
**સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭**
**ઇ-મેલ:** auction@hindujahousingfinance.com

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટેરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓક્શન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે સાંકેતિક કબ્જો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતનોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી સાંકેતિક કબ્જાવાળી મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો મુજબ છે :

| નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ | રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉધારકર્તા : શ્રી શૈલેષભાઈ મકવાણા<br>સહ-ઉધારકર્તા : શ્રીમતી જશુબેન મકવાણા<br>શ્રી યોગેશ મકવાણા | GJ/RJK/LMDK/A000000145 | તા. ૨૭/૦૨/૨૦૨૫<br>રૂા. ૯,૭૪,૫૫૪/- | ૧૮.૦૭.૨૦૨૫ સાંકેતીક કબજો | ૦૯.૦૯.૨૦૨૫ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૧૦,૨૮,૭૦૦/- | રૂા. ૧,૦૨,૮૭૦/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના **રાજકોટ તાલુકા** અને જિલ્લાના આનંદપર (નવાગામ) ગામ ખાતે આવેલ રહેણાંક ફ્લેટ નં. ૧૦૨ સ્થાવર મિલકતના બધા ટુકડાઓ અને પાર્સલ. જેમાં બિલ્ટ-અપ વિસ્તાર ૩૦-૩૩ ચોરસ મીટર પહેલા માળે "શ્રી સોમનાથ રેસીડેન્સી" ના "વિંગ-ડી" તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં પ્લોટ નં. ૪૩ થી ૫૭/૨ ના સબ-પ્લોટ નં. ૪૩ થી ૫૭/૨ ના ચોરસ મીટર ૧૭૨૯-૪૫ આરએસ નં. ૨૮પી પર આવેલ જેની ચતુ:સીમા આ મુજબ છે; ઉત્તર ખુલ્લો પછી ફ્લેટ નં. ૧૦૧ વિંગ-બી, દક્ષિણ ફ્લેટ નં. ૧૦૧, પૂર્વ: પેસેજ અને લિફ્ટ, પશ્ચિમ: ખુલ્લો પછી ફ્લેટ નં. ૧૦૩ વિંગ-સી. | | | | | | |
| 2 | ઉધારકર્તા : શ્રીમતી મંજુબેન ઉઘરેજીયા<br>સહ-ઉધારકર્તા : શ્રી જીવરાજભાઈ ઉઘરેજીયા | GJ/RJK/LMDK/A000000159 | તા. ૨૭/૦૨/૨૦૨૫<br>રૂા. ૧૨,૦૫,૯૧૨/- | ૧૮.૦૭.૨૦૨૫ સાંકેતીક કબજો | ૦૯.૦૯.૨૦૨૫ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૧૪,૪૩,૦૦૦/- | રૂા. ૧,૪૪,૩૦૦/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના તાલુકા જસદણ અને **જિલ્લો રાજકોટના** રેવન્યુ સર્વે નં. ૧૨૫૭પીપ/પી૧/પી૧/પી૧ ના પ્લોટ નં. ૩૫ ના એનએ જમીન ૮૨-૫૧ ચો.મી. ધરાવતી સ્થાવર મિલકતના બધા ટુકડાઓ અને ટુકડાઓ ઉપરોક્ત મિલકત જેની ચતુ:સીમા આ મુજબ છે; ઉત્તરઃ સર્વે નં. ૧૨૫૭ ની જમીન, દક્ષિણઃ પ્લોટ નં. ૩૪, પૂર્વઃ રોડ, પશ્ચિમઃ સર્વે નં. ૧૨૫૭ ની જમીન | | | | | | |

શરતો અને નિયમો : ૧. બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમ્ડી અને કેવાયસી સાથે **તા. ૨૬-૦૯-૨૦૨૫ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાયઃ https://bankeauctions.com અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે. ૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ): **૨૭-૦૯-૨૦૨૫ ના** https://bankeauctions.com ઉપર **બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે. ૩. ઉપર જણાવેલી મિલક્ત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડની તરફેણમાં નાવવાનો રહેશે.૫. ઓકશન/બીડીંગ માત્ર ' ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ http://bankeauctions.com ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક https://bankeauctions.com/registration/ sinup ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ. ની વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં. ૭૮૭૪૮૨૮૭૮૯ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮ અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ સી ૧ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નંબર-૬૮,૩જી ફ્લોર સેક્ટર ૪૪ ગુડગાંવ હરિયાણા-૧૨૨૦૦૩ (સંપર્ક નં. ૭૨૯૧૯૮૧૧૨૪,૨૫,૨૬) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ ઇમેઇલ- Support@bankeauctions.com, શ્રી ભાવિક આર પંડયા મોબ. ૮૮૬૬૬૮૨૯૩૭. ઇમેઇલ કરો : Gujarat@clindia.com. હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

**સ્થળ : રાજકોટ**
**તારીખ : ૨૩.૦૮.૨૦૨૫**

**નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.**

**અધિકૃત અધિકારી,**
**હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

તંત્રી લેખ

# ગ્રામ પંચાયતનો પણ હવે પોતીકો આશરો

પંચાયતોનો પણ હવે પોતીકો આશરો હશે.રાજ્યમાં પ્રથમવાર એકસાથે ૨૦૫૫ નવીન ગ્રામ પંચાયતોને પોતિકા પંચાયત ઘર નિર્માણ માટે ૪૯૦ કરોડ રૂપિયાનું અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે.ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાના મહત્વપૂર્ણ અને પાયાના એકમ ગ્રામ પંચાયતોના મકાન અને તલાટી કમ મંત્રી આવાસ બાંધકામોમાં ૧૦૦ ટકા સેચ્યુરેશન લાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે.પંચાયત ઘર તલાટી કમ મંત્રી આવાસ બાંધકામ માટે ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને ૪૦ લાખ રૂપિયાની,

૫થી ૧૦ હજાર સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને ૩૪.૮૩ લાખ રૂપિયાની અને ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને ૨૫ લાખ રૂપિયા આપવામાં આવશે.

રાજ્યની જર્જરિત પંચાયત ઘર ધરાવતી અને પંચાયત ઘર ધરાવતી ન હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘર તેમજ તલાટી કમ મંત્રી આવાસ નિર્માણ માટે રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા દર વર્ષે બજેટમાંથી નાણાં ફાળવવામાં આવે છે અને જરૂરીયાત મુજબ પંચાયત ઘરોનું નિર્માણ પણ થાય છે.

આધુનિક સવલતો સાથેની ગ્રામ પંચાયત કચેરીઓ દ્વારા નાગરિકોને ગ્રામ્ય સ્તરે જ સરળતાથી અને ઝડપી સરકારી સેવાઓ મળી રહે એવો સકારાત્મક અભિગમ પણ મુખ્યમંત્રીએ અપનાવ્યો છે. ગ્રામ પંચાયતોમાં પણ આવા પંચાયત ઘરોના નિર્માણમાં ૧૦૦ ટકા સેચ્યુરેશન લાવવાની કામગીરી પ્રગતિમાં છે.

આ કામગીરી પૂર્ણ થતાં રાજ્યની બધી જ ગ્રામ પંચાયતો પોતિકા ગ્રામ પંચાયત ઘરોથી સુસજ્જ બનશે અને ગ્રામીણ નાગરિકોને ઘર આંગણે જ ઝડપી સરકારી સેવાઓ મળતી થશે.

# હેડ કોન્સ્ટેબલ મેહુલભાઈ ભટ્ટીનો જન્મદિવસ



રાજકોટ શહેર પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મેહુલભાઈ ભટ્ટી'' ભટ્ટી કાકા''નો આજે જન્મદિવસ હોય પારિવારિક પરંપરા મુજબ મેહુલભાઈ ના ૫૫ માં જન્મદિવસે ભટ્ટી પરિવારે રેલ નગરમાં આવેલ અમૃત ધારેશ્વર મહાદેવ મંદિરે દીપમાળા કરી મેહુલભાઈ નું જીવનમાં ભોળાનાથ ની અસીમ કૃપા ના પ્રકાશ નો ઝળહળાટ થાય તેવી શુભેચ્છા સાથે ભટ્ટી કાકાને પોલીસ અધિકારીઓ વડીલો સગા સંબંધી મિત્રો વર્તુળ તરફથી ૯૮૨૪૦૪૧૫૮૯ પર જન્મદિવસની શુભેચ્છાઓ વરસી રહી છે.

# સહારા યુવા ગ્રુપના સુનિલ દામાણીનો જન્મદિવસ



સહારા યુવા ગ્રુપના પ્રમુખ જીવદયા પ્રેમી સુનિલભાઈ દામાણીનો આજે જન્મ દિવસ છે. એલ.આઈ.સી. ઈન્ડીયા કંપની સાથે વીમાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. દરરોજ મણિયાર દેરાસરમાં સેવા પૂજા બાદ પોતાના દિવસની શુભ શરુઆત કરે છે.

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત ૨૨ વ્હાલુડી દીકરીઓના વિવાહ, દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ, શ્રી જનસેવા ટ્રસ્ટ, બાપા સિતારામ ગૌ સેવા, મંડળ તથા જીવદયા ગ્રુપ રાજકોટ વગેરે સેવાકીય સંસ્થાઓમાં પોતાની નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે. આજે જન્મદિવસ નીમીતે તેઓના મો. નં. ૯૮૨૫૪ ૧૬૯૬૦ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# ક્રાંતિ માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ સંજય હિરાણીનો જન્મદિવસ



ક્રાંતી માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ અને સામાકાંઠાના સેવાભાવી અગ્રણી સંજય હિરાણીનો આજે જન્મદિવસ છે. તેઓ સેવામય જીવનના ૫૩ વર્ષ પૂર્ણ કરી ૫૪ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે ત્યારે આજે પરોઢિયે સ્વામિનારાયણ મંદિરમાં સંતોના સાનિધ્યે મહાપૂજા કરી સમાજ લક્ષી પ્રવૃતિનો વ્યાપ વધારવા મંગલ સંકલ્પ કર્યો હતો. તેમના જન્મદિવસ નિમિતે મિત્રો, સ્નેહીજનો, રાજકીય, સામાજીક અગ્રણીઓ તેમજ વિવિધ ધાર્મિક, સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધીઓ તરફથી તેમના પર મો.નં.૯૮૨૫૦ ૭૭૪૫૪ પર શુભકામના વરસી રહી છે.

# હિન્દુ રક્ષક સંઘના ગૌરક્ષક સૈનાના રાષ્ટ્રીય સચિવ તરીકે 'કેતન સંઘવી'ની નિમણુંક



**અબતક, રાજકોટ**

હિંદ રક્ષક સંઘ એ રાષ્ટ્રહિત અને હિન્દુ સંસ્કૃતિના રક્ષણ માટે કાર્યરત એક અગ્રણી સંસ્થા છે, જે હનુમાન્ત સેના અને દુર્ગા સેના દ્વારા સમાજમાં સાંસ્કૃતિક અને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે પ્રતિબદ્ધ છે. સંસ્થા વિવિધ સેવાકીય, સામાજિક અને રાષ્ટ્રીયતાપરક કાર્યોમાં સક્રિય રહી છે.સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. સીમાનંદ પટેલ ના માર્ગદર્શન હેઠળ, કેતનભાઈ સંઘવી ને હિંદ રક્ષક સંઘ રાષ્ટ્રીય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મહા સચિવ શ્રી ૧૦૮ મહાકાલ મહારાજ ની હાજરીમાં સન્માનિત રીતે કરવામાં આવી. કેતનભાઈ સંઘવીની નિમણૂંકનો મુખ્ય ઉદ્દેશ હિંદ રક્ષક સંઘના કાર્યક્ષેત્રને વધુ વિસ્તૃત કરીને ગુજરાતમાં રાષ્ટ્રીયતાના ઉદ્દેશોને વધુ મજબૂત બનાવવાનો છે. તેમની સાથે સંસ્થાનું કાર્ય વધુ મજબૂત અને વ્યાપક બનશે, તેમજ રાજ્યના વિવિધ વિસ્તારોમાં હિન્દુ સમાજ અને રાષ્ટ્રપ્રેમીઓ માટે સકારાત્મક કામગીરી કરવામાં આવશે. હિન્દ રક્ષક સંઘ માં દરેક મેમ્બર જોડાઈ શકે છે અને જોડાવા માટે અમારો સંપર્ક કરો ૭૭૭૮૯૫૨૪૪૮

# યુવાનોને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પાઠ ભણાવતી વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન સંસ્થા

## વીવાયઓ અને વીવાયઓઈના સંયુકત ઉપક્રમે મહાવતાર નરસિંહ ફિલ્મ ૬૩ લોકોએ નિહાળી

**અબતક, રાજકોટ**

વીવાયઓજમશેદપુર અને વીવાયઓઈ જમશેદપુર ના સંયુક્ત ઉપક્રમે *મહાવતાર નરસિંહ* ફિલ્મ નું સ્પેશિયલ સ્ક્રીનીંગ જમશેદપુર શહેર ના પીજેપી સિનેમા માં રાખવામાં આવ્યું હતું

જેનો લાભ વીવાયઓઈના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપરાંત વીવાયઓ જમશેદપુરની મહિલા પાંખ તથા અન્ય સભ્યોએ લીધો હતો. કુલ ૬૩ લોકો ઉપસ્થિત રહ્યા હતા. ભાવનાબેન શાહ, ગીતાબેન વાગડીયા, ધરા શાહ તથા છાયાબેન પરીખ દ્વારા આ કાર્યક્રમ ને મૂર્તિમંત કરવામાં આવ્યો હતો

આ કાર્યક્રમ સંજયભાઈ શાહ અને ભાવનાબેન શાહ તરફ થી પ્રાયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં સમગ્ર ઉપસ્થિત સભ્યો એ પોપકોર્ન અને કોલ્ડ ડ્રીંક સાથે એનિમેટેડ મૂવી નો આનંદ લીધો




હતો. 'મહાવતાર નરસિંહ' એક અદ્ભુત, પ્રેરણાદાયી કૌટુંબિક ફિલ્મ છે જે બાળકોને ધર્મ, ભક્તિ અને હિંમતના મૂલ્યો શીખવે છે. આ ફિલ્મ ભારતીય પૌરાણિક કથાઓ પર આધારિત છે અને એક્શન, સાહસ અને લાગણીઓનું મિશ્રણ છે. તેની વાર્તા બાળકો અને પુખ્ત વયના લોકો બંને માટે સંબંધિત અને પ્રેરણાદાયક છે. પરમ પૂ. પાદ. ૧૦૮ ગોસ્વામી વ્રજરાજ કુમાર મહોદય દ્વારા પ્રેરિત અને સ્થાપિત સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન પણ એક આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્લેટફોર્મ છે, જે આધ્યાત્મિકતા, ભારતીય સંસ્કૃતિ અને સામાજિક સેવા દ્વારા યુવાનોને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિ દ્વારા કાલે વિદ્યાર્થી પ્રતિભા સન્માન સમારોહ

## 'અબતક' સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**



તસવીરઃ શૈલેષ વાડોલીયા

રાજકોટ ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિ દ્વારા ૩૩મો તેજસ્વી વિદ્યાર્થી પ્રતિભા સન્માન સમારોહ કાલે બપોરે ૨.૦૦ કલાકે અટલબિહારી વાજપાઈ ઓડીટોરીયમ, પેડક રોડ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે. 'અબતક' સાથેની શુભેચ્છા મુલાકાતમાં પ્રમુખ મનસુખભાઈ તલસાણીયા, મંત્રી સુરેશભાઈ ચૌહાણ, સંગઠન મંત્રી બળવંતભાઈ હળવદીયા, કારોબારી પિયુષભાઈ મછોયાએ સમગ્ર માહિતી આપી છે.

જેમાં ભકિત સ્વામીજી, ખીરસરા દ્વારા આશીર્વચન પાઠવવામાં આવશે. સમારંભના અધ્યક્ષ ડો.રાજેન્દ્ર પ્રજાપતિ, સહ અધ્યક્ષ રસિકભાઈ ભલગામા અને મુખ્ય મહેમાન નરેશભાઈ પ્રજાપતિ છે. તેમજ રાજકોટ ગુર્જર જ્ઞાતિના તેમજ વિવિધ ગોળના આગેવાનો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયે દરેક પધારનાર વિદ્યાર્થી તેમજ તેમના માતા-પિતા અને પધારનાર મહેમાનઓ માટે સ્વરૂચી ભોજનની વ્યવસ્થા મનસુખભાઈ તલસાણીયા અને નીતિનભાઈ ઘાટલીયા દ્વારા છે. કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિના શિક્ષણ સમિતિના ચેરમેન નિલેષભાઈ પાટડીયા, વાઈસ ચેરમેન ભાવેશભાઈ ઝીંઝુંવાડિયા, સંગઠન મંત્રી બળવંતભાઈ હળવદીયા, સહસંગઠન મંત્રી નારાયણભાઈ પ્રજાપતિ, ટ્રસ્ટ પ્રમુખ ઈશ્વરભાઈ ઘાટલીયા, ટ્રસ્ટ મંત્રી મનસુખભાઈ ગોહેલ, જ્ઞાતિ પ્રમુખ મનસુખભાઈ તલસાણીયા અને સમગ્ર કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઈલેક્ટ્રોનિક્સ ટ્રેડ એસોસિએશન દ્વારા કાલે તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ

## 'અબતક' સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**



તસવીરઃ દિવ્યેશ ચૌહાણ

રાજકોટ ઈલેકટ્રોનિકસ ટ્રેડ એસોસિએશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે 'સરસ્વતી સન્માન' સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આવતીકાલે બપોરે ૩:૦૦ કલાકે મોટેલ ધ વિલેજ કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાશે અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં રસિક પોકળ, મનોજ પરમાર, જયેશ ભટ્ટએ સમગ્ર માહિતી આપી હતી,આ સમારોહનો મુખ્ય હેતુ પરિવારના બાળકોમાં અભ્યાસ પ્રત્યે રૂચિ અને ઉત્સાહ વધારવાનો છે. આ કાર્યક્રમમાં, ધોરણ ૧ થી ૧૨ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા તેજસ્વી વિદ્યાર્થીઓને મોટિવેશનલ શીલ્ડ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત, ધોરણ ૧ થી ૧૨ ના અન્ય તમામ વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહન રૂપે ભેટ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવશે. નોંધનીય છે કે આ સન્માન સમારોહમાં એલકેજી અને એચકેજી ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે શીલ્ડના દાતા ઓમ ઈલેકટ્રોનિકસ (મનીષભાઈ રાબડિયા), સુરભી ઈલેક્ટ્રોનિક્સ (હરેશભાઈ રૈયાણી) અને રવિરાજ ઈલેક્ટ્રોટેકનિક (મયુરભાઈ હૌથી) અને સર્ટિફિકેટના દાતા સરસ્વતી ઈલેક્ટ્રોનિક્સ (યોગેશભાઈ ચૌધરી) તેમજ ગિફટના દાતા રવિરાજ ઈલેક્ટ્રોનિક્સ (રમેશભાઈ રૈયાણી) અને મારુતિનંદન ઈલેક્ટ્રોનિક્સ (મનોજભાઈ પરમાર) છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ રસિક પોકળ અને મંત્રી મનોજ પરમાર તથા અન્ય કારોબારી સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે.

### સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન

# નુતન મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓની નીટ-પી.જી.માં ગૌરવપૂર્ણ સિદ્ધી

## ડો. મિત સિલ્વા, ડો. ભાવેશ પટેલ, ડો. આયુષિ જસોલિયા, ડો. પહીની પટેલ ગૌરવપૂર્ણ સિદ્ધી મેળવી

**અબતક, રાજકોટ**

નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર ના પ્રથમ બેચ (૨૦૧૯) ના વિદ્યાર્થીઓએ મજબૂત શૈક્ષણિક અને આરોગ્યલક્ષી આધારના કારણે રાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત નીટ પીજી પ્રવેશ પરીક્ષા માં ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરી છે. આ વર્ષે સમગ્ર દેશમાંથી આશરે ૨,૪૦,૦૦૦ વિદ્યાર્થીઓએ નીટ પીજી પરીક્ષા આપી હતી, જેમાંથી ડો. મિત ડી'સિલ્વા (રેન્ક ૫૩૨૧), ડો. ભાવેશ પટેલ (રેન્ક ૯૭૩૪), ડો. આયુષી જસોલિયા (રેન્ક ૧૦૮૨૩) અને ડો. પહીની પટેલ (રેન્ક ૧૩૮૮૨) જેવા વિદ્યાર્થીઓએ ગૌરવપૂર્ણ સિદ્ધિ મેળવી છે. વિશેષ ગૌરવની વાત છે કે નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરને ભારતની 'શ્રેષ્ઠ ગ્રીનફીલ્ડ મેડિકલ કોલેજ' નો એવોર્ડ ભારતીય વાયુસેના ના એર ચીફ માર્શલ શ્રી વી. આર. ચૌધરીના વરદહસ્તે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલને એનાયત કરવામાં આવ્યો હતો. તાજેતરમાં જ, આઉટ લોક આઈકેર ઈન્ડીયા ટોપ ૨૦૨૫ મુજબ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની નૂતન મેડિકલ કોલેજે ભારતની શ્રેષ્ઠ પ્રાઈવેટ મેડિકલ કોલેજોની શ્રેણીમાં ૨૪મું સ્થાન મેળવ્યું છે. વધુમાં, આ વર્ષે કોલેજે પોસ્ટ ગ્રેજ્યુએટ



અભ્યાસક્રમમાં ૧૭ બેઠકોની માન્યતા મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી તથા નૂતન મેડિકલ કોલેજના ડિન ડો.વિજયસિંહ બઘેલ તથા તમામ પ્રોફેસર તરફથી સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન તથા તેમના ભવિષ્યના પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમ અને કારકિર્દી માટે શુભેચ્છાઓ.

# બ્રહ્મસેનાના સંગઠન અભિયાન અંતર્ગત સભ્ય નોંધણી શરૂ

**અબતક, રાજકોટ**

બ્રહ્મસેના દ્વારા હરહંમેશ મુજબ આ વર્ષ પણ વિક્રમ સંવત મુજબ ૨૦૮૧ સુધી સમગ્ર બ્રાહ્મણ સમાજના ભાઈઓ બહેનો વડીલો અને યુવાનો માટે કાર્યરત ઉમર ૧૮ થી સમગ્ર ગુજરાતમાં દરેક શહેર જિલ્લા તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ના પરિવારનો બ્રહ્મસેના દ્વારા સંગઠન અભિયાનમાં સભ નોંધણી માટે માત્ર મો. નં. ૯૯૦૯૫ ૯૦૧૦૨ પર મિસ્કોલ કરીને નામ રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

સભ્ય નોંધણી માટે પોતાનું આધાર કાર્ડની આગળ પાછળ ફોટો તથા એક પાસપોર્ટ સાઈઝનો ફોટો અને સભ્ય તરીકે ફી રૂ. ૧૦, ૫૦, ૧૦૦ કોઈપણ એક આપવાની રહેશે.

શિક્ષણ રોજગાર સંપર્ક સેતુ સંસ્કૃતિ સિંચન સ્વરક્ષણ સંગઠન અભિયાન હેઠળ કાર્યરત રહે છી.

# યુવા ભાજપ પ્રમુખ અને એડવોકેટ કિશન ટીલવાનો કાલે જન્મદિવસ



રાજકોટના યુવા રાજકારણમાં જો આજે કોઈ નામ ઉત્સાહ અને કાર્યશક્તિનું પ્રતિક ગણાય, તો તે છે - કિશન જયસુખભાઈ ટીલવા. કડવા પટેલ જ્ઞાતિના યુવા એડવોકેટ તથા નિડર યુવા નેતા કિશન ટીલવાનો આવતીકાલે તા.૨૪ના રવિવારે જન્મદિવસ છે ત્યારે ઠેર ઠેરથી તેમના પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે. ૨૪ ઓગસ્ટ ૧૯૮૯ ના પવિત્ર જન્માષ્ટમીના શુભ દિવસે જુનાગઢ જિલ્લાના માણાવદર ગામે તેમનો જન્મ થયો હતો. તેઓ આવતીકાલે જીવનના ૩૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

ભાજપની રાષ્ટ્રવાદી વિચારધારાથી પ્રેરાઈ અને માતા-પિતાશ્રીના સંસ્કારોના આર્શીવાદથી કિશન ટીલવા આજે રાજકોટ શહેર યુવા ભાજપના પ્રમુખ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - રાજકોટ ઉમિયા ધામના ટ્રસ્ટી તથા શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસરના કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે.

છેલ્લા ૧૮ વર્ષથી તેઓ ભાજપ સંગઠન અને પાટીદાર સમાજમાં વિવિધ હોદ્દાઓ પર રહી નિષ્ઠાપૂર્વક પોતાની સેવાઓ આપી રહ્યા છે. અને ૨૦૨૧ થી રાજકોટ શહેર યુવા ભાજપના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે.આમ આ સફર માત્ર હોદ્દાની નથી, પરંતુ કાર્યક્ષમ નેતૃત્વની સાબિતી છે. તેમની આગેવાનીમાં યુવા ભાજપે અનેક આયોજનો અને કાર્યક્રમો દ્વારા યુવાનોને સંગઠન સાથે જોડ્યા છે.

આમ કિશન ટીલવાનો જીવનપ્રવાસ એ સાબિત કરે છે કે યુવાની માત્ર ઉમર નથી, પણ સેવા, સંસ્કાર અને સંઘર્ષનું પ્રતિક છે. ત્યારે આવતીકાલે કિશન ટીલવાના જન્મદિવસ નિમિત્તે પ્રદેશ તથા શહેર ભાજપના આગેવાનો, મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, યુવા ભાજપના હોદ્દેદારો, સામાજિક આગેવાનો, સાધુ-સંતો, વડીલો તથા વકીલ મિત્રો દ્વારા તેમને મોબાઈલ નંબર ૯૯૭૪૦૦૧૦૧૦ ઉપર શુભેચ્છાઓ પાઠવાઈ રહી છે.

# સોમનાથ મહાદેવને શ્રાવણી શિવરાતની ધ્વજા ચડાવી નીતિન ભારદ્વાજ પરિવાર બન્યો 'ધન્ય'





**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

હર હર મહાદેવ... વિશ્વ પ્રસિદ્ધ પ્રથમ જયોતિર્લિંગ સોમનાથમાં શ્રાવણની શિવપુજાના સાત્વિક વાતાવરણમાં સોમવારની શિવરાત્રીએ રાજકોટ ભાજપ આગેવાન નિતિનભાઈ ભારદ્વાજ, વંદનાબેન ભારદ્વાજ, મનનભાઈ ભારદ્વાજ, અલ્કાબેન ભારદ્વાજ સહીતના ભારદ્વાજ પરિવાર અને નીતીનભાઈ મહેતા, દિવ્યરાજસિંહ ગોહિલ ભગત, એ સોમનાથ દાદાને પ્રાર્થના કરી ધ્વજારોહણ કરી ધન્ય થયા હતા.

# આર્ટિસ્ટો દ્વારા મહાદેવ અને ગીરનારી સાધુ પર વિવિધ કલાકૃતિઓનું કાલે પ્રદર્શન

**અબતક, રાજકોટ**

રાજકોટના કલાપ્રેમીઓ માટે એક સુંદર તકા છેલ્લા ૫ વર્ષથી સૌરાષ્ટ્રભરના કલાકારોને સેવા અને યોગ્ય માર્ગદર્શન આપનાર 'જોગી ધ આર્ટ એન્ડ ક્રાફ્ટ જંકશન રવિવાર ના રોજ પોતાની આર્ટ ગેલેરી અને એક્ઝિબિશન હોલના ઉદ્ઘાટન પ્રસંગે 'મહાદેવ અને ગિરનારી સાધુ' થીમ પર આર્ટ કોમ્પિટિશન અને કલા પ્રદર્શનનું આયોજન કરી રહ્યું છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે વિધાનસભાના ધારાસભ્ય, રમેશભાઈ ટીલાળા, સનાતન ધર્મ રક્ષક સમિતિના પ્રાદેશિક પ્રમુખ, વિજયભાઈ વાંક, સિનિયર સિવિલ જજ અને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અને રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સચિવ એચ.વી. જોટાણીયા પધારશે. આ ઉપરાંત વોર્ડ નંબર ૧૩ના કોર્પોરેટર જયાબેન હરિભાઈ ડાંગર, સોનલબેન જીતેન્દ્રભાઈ સેલારા, નીતિનભાઈ રામાણી અને સુરેન્દ્રસિંહ વાળા પણ પધારશે.

કોમ્પિટિશનના વિજેતાને ત્યારે જ મુખ્ય મહેમાનો દ્વારા એવોર્ડ અને ભેટ આપવામાં આવશે.

આ પ્રદર્શનનો ઉદ્દેશ્ય કલાકારોને તેમની પ્રતિભા દર્શાવવા માટે એક મંચ પૂરો પાડવાનો છે. આ પ્રદર્શનમાં પ્રવેશ મફત છે અને સૌરાષ્ટ્રભરના લોકોને આમંત્રણ આપવામાં આવે છે.

# જયોતિ કલશ યાત્રાનો સોમવારે રાજકોટમાં પ્રવેશ ગાયત્રી પરિવાર દ્વારા પૂજન-અર્ચનના કાર્યક્રમો

**અબતક, રાજકોટ**

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના આદ્ય સ્થાપક ગુરુદેવ રામ શર્મા આચાર્યને સને ૧૯૨૬ ના વસંત પંચમી ના દિવસે દૈનિક પૂજા વખતે પ્રગટાવેલ દીપક (જ્યોત) માંથી હિમાલયવાસી સર્વેશ્વરનંદજી (દાદાગુરુ) નો સાક્ષાત્કાર થયો હતો અને દાદાગુરુ ના આદેશ અનુસાર હિમાલય માંથી આવેલ આ જ્યોતિ સમક્ષ ૨૪ ગાયત્રી મહાપુરશ્ચરન પૂર્ણ કરેલ છે. આ અખંડ જ્યોતિને સને ૨૦૨૬માં ૧૦૦ વર્ષ પૂર્ણ થાય છે તેમજ ભગવતી દેવી શર્માની જન્મ શતાબ્દી પણ ૨૦૨૬ માં આવે છે. જેના શતાબ્દી સમારોહનું આયોજન સમગ્ર ભારતમાં અને વિદેશોમાં પણ ભવ્ય રીતે થનાર છે. તે આયોજનના ભાગરૂપે વિશ્વ કલ્યાણ માટે તેમજ ભારત ફરીથી જગતગુરુના સ્થાન ઉપર બિરાજમાન થાય તેવા ઉદેશ્ય થી શાંતિ કુંજ, હરિદ્વાર દ્વારા સમગ્ર ભારત અને વિશ્વમાં અનેક દેશોમાં જ્યોતિ કલશ યાત્રા શરૂ થયેલ છે.

આ જ્યોતિ કલશ યાત્રા રાજકોટ જિલ્લામાં જેતપુર ખાતે તા. ૨૫/૦૮/૨૦૨૫ ને સોમવારના રોજ મંગલ પ્રવેશ કરશે ત્યારે જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા ભવ્ય અને દિવ્ય સ્વાગત અને પૂજન નો કાર્યક્રમ રાખેલ છે. આ જ્યોતિ કલશ યાત્રા જિલ્લાના તમામ તાલુકાઓમાં પરિભ્રમણ કરશે.

આ જ્યોતિ કલશ રથયાત્રા સમગ્ર રાજકોટ શહેરમાં તારીખ ૫/૯/૨૦૨૫ થી ૨૦/૯/૨૦૨૫ સુધી રાજકોટની વિવિધ સામાજિક સેવાકીય સંસ્થાઓ તેમજ ગાયત્રી પરિવારની વિવિધ શાખાઓમાં પરિભ્રમણ કરશે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા સંચાલિત ગાયત્રી શક્તિપીઠ, ૭વૈશાલી નગર, રૈયા રોડ તેમજ ગાયત્રી શક્તિપીઠ. પી એન્ડ ટી કોલોની તેમજ ગાયત્રી ચેતના કેન્દ્ર મોરબી રોડ દ્વારા પૂજન અર્ચનના કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

# જન્મ-મરણ નોંધમાં ભૂલ હશે તો અરજદાર જાતે જ ભૂલ સુધારી શકશે

## સુધારા માટે કોર્પોરેશન કચેરી સુધી ધક્કો નહીં ખાવો પડે: નવી સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ કાર્યરત

અબતક, રાજકોટ

જન્મ કે મરણની નોંધણી વખતે જો કોઇ ભૂલ થઇ હશે તો અરજદાર જાતે જ ભુલ સુધારી શકશે. ભવિષ્યમાં ભૂલ સુધારવા માટે કોર્પોરેશન કચેરી સુધી ધક્કો ખાવો નહીં પડે. જન્મ-મરણની નોંધણીની કામગીરી સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમથી કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર દ્વારા જન્મ અને મરણની તમામ કામગીરી ઇ-ઓળખ પોર્ટલમાં કરવામાં આવે છે તે તમામ કામગીરી ભારતના મુખ્ય રજીસ્ટ્રાર (જન્મ અને મરણ) રજીસ્ટાર જનરલ ઓફ ઇન્ડિયા દ્વારા તૈયાર કરેલ વેબ પોર્ટલ સીઆરએસમાં તબદીલ કરવાની પ્રક્રીયા હાથ ઉપર લીધેલ છે. આ કામગીરી માટે રાજકોટ મહાનગરપાલિકાને શહેરની તમામ હોસ્પીટલને તાલીમ આપવાની જવાબદારી સોંપવામાં આવેલ છે. નાયબ કમિશ્નર અને આરોગ્ય અધિકારીના નેતૃત્વ હેઠળ શહેરની તમામ હોસ્પીટલને પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ,





રૈયા રોડ રાજકોટ ખાતે તાલીમ આપવામાં આવેલ છે. જેમા રાજકોટ શહેરના ત્રણેય ઝોનમાંથી ૧૯૦ જેટલી હોસ્પીટલો દ્વારા આ તાલિમ લેવામાં આવેલ છે અને રાજકોટ મહાનગરપાલિકા - આરોગ્ય શાખા, આ પોર્ટલનો ઉપયોગ કરવા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી રહી છે.આ પોર્ટલમાં જન્મ કે મરણની નોંધણી થતા તુરંત જ અરજદારને મોબાઇલમાં મેસેજ આવશે અને સાથો સાથ ઇ-મેઇલ આવશે. જેનાથી અરજદાર આ નોંધમાં કોઇ ભુલ હોય તો તે જાતે જ આ ભુલ સુધારી શકાશે. જેથી ભવિષ્યમાં કચેરીનો સુધારા માટે સંપર્ક કરવાનો રહેશે નહીં.

અરજદાર દ્વારા ઓનલાઇન પ્રક્રીયા મારફતે પ્રમાણપત્ર મેળવી શકશે તેમજ અરજદારોને કોઇપણ સુધારા વધારા કે નામ દાખલ થતાની સાથે તુરંત જ પ્રમાણપત્ર ઓનલાઇન મળી શકશે.

આ પોર્ટલ કોમ્પ્યુટર મારફતે ઉપયોગમાં લઇ શકાશે તેમજ મોબાઇલ એપ્લીકેશન મારફતે પણ ઉપયોગમાં લઇ શકાશે.

# હવે સામાકાંઠે કુવાડવા રોડ પર પણ બનશે ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ

## મેયરના મત વિસ્તાર એવા વોર્ડ નં.૪મા ડી-માર્ટની પાછળ પ્રેમ મંદિર સામેના પ્લોટ પર રૂ.૨૫ કરોડના ખર્ચે બનશે સ્પોર્ટ્સ સંકુલ:ટૂંકમાં ટેન્ડર પ્રસિધ્ધ

અબતક રાજકોટ

કોર્પોરેશન દ્વારા ન્યૂ રાજકોટમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવ્યા બાદ હવે શહેરના સામાકાંઠા વિસ્તારમાં કુવાડવા રોડ પર ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મેયરના મત વિસ્તાર એવા વોર્ડ નં.૪માં કુવાડવા રોડ પર રૂા.૨૫ કરોડના ખર્ચે ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવવાના નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

સેન્ટ્રલ ઝોનમાં રેસકોર્ષ ખાતે ક્રિકેટ ગ્રાઉન્ડ તેમજ ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનો લાભ શહેરીજનોને મળી રહ્યો છે. ગત વર્ષે વેસ્ટઝોનમાં વોર્ડ નં.૧૧માં મવડી ખાતે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનો પ્રારંભ કરવામાં આવ્યો છે. હવે ઇસ્ટઝોનના છ વોર્ડને લાગુ થાય તે રીતનુ ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોર્પોરેશનના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં ખર્ચની જોગવાઇ પણ કરવામાં આવી છે. સામાકાંઠા વિસ્તારમાં મહાનગરપાલિકાના રમત-ગમત હેતુના પ્લોટની તપાસ કરવામાં આવેલ અને ટીપી વિભાગ દ્વારા કુવાડવા રોડ ઉપર ડી-માર્ટની પાછળ આવેલ પ્રેમમંદિરની સામે આવેલ પ્લોટ ઇન્ડર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માટે પસંદ કરવામાં આવ્યો છે અને બાંધકામ વિભાગ દ્વારા નિયત કરેલ રમતો માટેની જગ્યા અને બાંધકામ મુજબનુ રૂા.૨૫ કરોડનું એસ્ટીમેન્ટ તૈયાર કરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ઇસ્ટ ઝોનમાં સમાવિષ્ટ છ વોર્ડમાં વસવાટ કરતા શહેરીજનોને નજીકમાં સ્પોર્ટ્સ એક્વિવીટીનો લાભ મળી શકે તે માટે વોર્ડ નં.૪ને પસંદ કરવામાં આવ્યું છે. ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં સતત રમતવિરોને અવર જવર રહેવાની હોય મુખ્યમાર્ગને લાગુ વિસ્તાર પસંદ કરવામાં આવ્યું છે. ડી-માર્ટની પાછળ પ્રેમમંદિર વાળા રોડ ઉપર રમત-ગમતના હેતુ માટે ફાળવવામાં આવેલા પ્લોટ પર ચાર માળનું બિલ્ડિંગ તૈયાર કરવામાં આવશે. જેની ડીઝાઇન અને નકશો આર્કિટેક દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. બિલ્ડિંગ ઉપરાંત પાર્કિંગ અને પ્લેએરીયા પણ તૈયાર કરવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સ્ટેન્ડિંગમાં દરખાસ્તને મંજૂરી આપી તુરંત કામ શરૂ કરવામાં આવશે.

# સિટી એન્જિનિયર (સ્પે) ની બે જગ્યા માટે ૩૨ ઉમેદવારો: મંગળવારે ઇન્ટરવ્યુ લેવાશે

## સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા ઇન્ટરવ્યુ લઇ ઓફીસર્સ સિલેકશન કમિટી સમક્ષ નામોની ભલામણ કરાશે

અબતક, રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકામાં મંજુર થયેલી સિટી એન્જીનીયરીંગની સાત જગ્યાઓ પૈકી માત્ર એક જ જગ્યા ભરેલી છે. બાકીની છ જગ્યાઓ ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં ૬ જગ્યાઓ માટે ૬૫૨ ઉમેદવારો મેદાનમાં હતા.

દરમિયાન સિટી એન્જીનીયરની (સ્પે)ની ખાલી પડેલી બે જગ્યાઓ માટે ૩૨ ઉમેદવારો વચ્ચે ટક્કર છે. આગામી મંગળવારના રોજ સિટી એન્જીનીયર (સ્પેશ્યલ) ની ખાલી રહેલી બે જગ્યાઓ માટે ઇન્ટર વ્યુ લેવામાં આવશે. સ્ટાફ સિલેકશન કમિટીના સભ્ય એવા મ્યુનિસિપલ કમિશ્નર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર (મહેકમ) ચીફ ઓડિટર અને સબજેક્ટ નિષ્ણાંત દ્વારા ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેવામાં આવશે ભૂતકાળમાં એક જગ્યા માટે વધુ ઉમેદવારો હોય તો લેખીત પરીક્ષા લેવામાં આવતી હતી. ત્યારબાદ ઇન્ટરવ્યુ લેવાતા હતા પરંતુ આ વખત માત્ર ૩૨ જ ઉમેદવાર હોય ડાયરેકટ ઇન્ટરવ્યુ લેવાનો નિર્ણય લેવાયો છે.સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા ૩૨ પૈકી મેરીટના આધારે અમુક નામોની ભલામણ સાથે ઓફીસર્સ સિલેકશન કમીટી સમક્ષ મોકલવામાં આવશે.

ઓફીસર્સ સિલેકશન કમીટી નામ ફાઇનલ કરી જનરલ બોર્ડમાં મોકલશે.દરમિયાન એડિશનલ સિટી એન્જીનીયર (સિવીલ), એડિશનલ સિટી એન્જીનીયર (મીકેનીકલ અને ઇલકેટ્રીક) તથા કાર્યપાલક ઇજનેરની જગ્યાઓ માટે આગામી દિવસોમાં ઇન્ટરવ્યુ લેવામાં આવશે.

# સોરઠમાં મેઘાની દે ધનાધન: ઘેડ પંથકના પંચાળામાં સર્વત્ર પાણી પાણી

## જુનાગઢ સહિત સોરઠ પંથકમાં પાંચ દીની વરસાદી હેલી ભેસાણ માંસાડા ત્રણ જુનાગઢ વંથલી માણાવદરમાં બે બે ઇંચ વરસાદથી મેઘાવી માહોલ

અબ તક રાજકોટ

સૌરાષ્ટ્ર ભરમાં શ્રાવણના અંતિમ દિવસોમાં અષાઢી માહોલ જામ્યો હોય તેમ મેઘાની તોફાની બેટિંગ જારી રહી હોય તેમ પાંચ દીની વરસાદી હેલી માં આજે એક થી લઇ સાડા ત્રણ ઇંચ વરસાદ ખાબકતા અનેક વિસ્તારોમાં પાણી-પાણી થઇ જવા પામ્યું છે, જુનાગઢ ગીર સોમનાથ



પોરબંદર જિલ્લામાં વરસાદનો વહાલ વધારે પડતું વરસતું હોય તેમ અનેક વિસ્તારોમાં અવર ફલો ડેમઅને નદીનાળા, માં બે કાંઠે પાણી ના પુર વહેવા લાગ્યા છે ત્યારે નીચાણ વાળા વિસ્તારોમાં કમરથી માથોડા ડૂબ પાણી ભરાયા છે, હજુ વરસાદની આગાહીના પગલે વહીવટી તંત્ર સાબદે થયું છે, સંબંધિત ખાતાઓ માં કર્મચારીઓની રજા રદ કરી નાખવામાં આવી છે આજે મેઘાવી માહોલમાં ઘેડ પંથકોના નીચાણ વાળા વિસ્તારોમાં ઓજત, ઉબેણ અને નાના મોટા વોકડા અને નદીઓ બે કાંઠે વહી રહી છે,

ઘેડપંથકમાં ઓજત અને ઉબેણ ના કાંઠાના ગામડાઓમાં પાણીની સેલ ફરી વળી છે પંચાળા માં ખેતરો અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હોય અનેક ગામડાઓ સંપર્ક વિહોણા થઇ ગયા છે

# રાજકોટ-જેતપુર હાઇવે પરના સર્વીસ રોડ તાકીદે રિકાર્પેટ કરાશે: ધારાસભ્ય રમેશ ટીલાળા

## શાપરથી ક્રિષ્ના પાર્ક અને ગ્રીનલેન્ડ ચોકડી સુધીના ઓવરબ્રિજ પાસેના સર્વિસ રોડ પર ખાડા ન પડે તે માટે સિમેન્ટ રોડ બનાવવા માટે વિચારણા

અબતક, રાજકોટ

રાજકોટ-જેતપુર સિક્સ લેન હાઇવે પર છેલ્લા દોઢ વર્ષથી વાહનચાલકોને સતાવી રહેલી ટ્રાફિક જામની સમસ્યાનો હવે અંત આવશે તેમ લાગી રહ્યું છે.હાઇવે નિર્માણ કાર્યને કારણે વારંવાર સર્જાતા ટ્રાફિક જામથી વાહનચાલકો ભારે પરેશાન હતા ત્યારે આ મામલે ધારાસભ્ય રમેશ ટીલાળાએ નિવેદન આપતા કહ્યું છે કે, ખરાબ થયેલા રસ્તાઓને ઝડપથી રિકાર્પેટ કરવાની પ્રોજેક્ટ ડિરેક્ટરને સૂચના આપી છે.

રાજકોટથી જેતપુર સુધી ચાલી રહેલી સિક્સ લેનની કામગીરીને કારણે ઘણી જગ્યાએ રોડને સિંગલ લેન કરવામાં આવ્યો છે, જે આ ટ્રાફિકજામનું મુખ્ય કારણ બન્યું છે. ખાસ કરીને ગોંડલ નજીક તો પરિસ્થિતિ વધુ ગંભીર બની છે, જ્યાં વાહનોની ત્રણ-ત્રણ કિલોમીટર લાંબી કતારો જોવા મળી રહી છે. તહેવારોને લીધે સામાન્ય દિવસો કરતાં વાહનવ્યવહારમાં ચાર ગણો ધરખમ વધારો નોંધાયો છે. વહેલી સવારથી જ નાનાં-મોટાં વાહનોથી હાઇવે ઊભરાઇ રહ્યો



છે, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજકોટ-જેતપુર હાઇવે પર સર્વિસ રોડની બિસ્માર હાલત અને ખાડાઓને લઇને રમેશભાઇ નિવેદન આપતા વધુમાં જણાવ્યું હતું કે, ડેવલોપમેન્ટના કામો ચાલુ હોય ત્યારે આવી સમસ્યાઓ સામાન્ય રીતે થતી હોય છે,પરંતુ તેને વહેલી તકે ઉકેલવામાં આવશે. ત્યારેબગડી ગયેલા રસ્તાઓનું ઝડપી રિકાર્પેટ કરવા માટે પ્રોજેક્ટ ડિરેક્ટરને સૂચના આપવામાં આવી છે.નેશનલ હાઇવે ઓથોરિટી, કલેક્ટર તંત્ર અને એસપી સાથે સંકલન સાધીને વાહનચાલકોની સુરક્ષા માટે પોલીસ રક્ષણ પણ પૂરું પાડવામાં આવ્યું છે.તેમજ પરષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયા સાથે પણ આ મામલે સતત સંપર્કમાં હોવાનું તેમણે જણાવાયું હતું.

સિક્સલેન રોડની કામગીરીમાં થોડો વિલંબ થયો છે, જેના પર ગઇકાલે નેશનલ હાઇવેના અધિકારીઓએ નિરીક્ષણ પણ કર્યું હતું.શાપરથી ક્રિષ્ના પાર્ક અને ગ્રીનલેન્ડ ચોકડી સુધીના ઓવરબ્રિજ પાસેના સર્વિસ રોડ પર ખાડા ન પડે તે માટે સિમેન્ટ રોડ બનાવવા માટે મંજૂરીની અરજી પણ કરવામાં આવી છે.

# ચેક રિટર્ન કેસમાં પટનાના વેપારીને દોઢ વર્ષની જેલ

## રૂા.૯૦.૩૫ લાખ ફરીયાદી પેઢીને વળતર ન ચુકવે તો વધુ પાંચ માસની સજાનો હુકમ

અબતક, રાજકોટ

રાજકોટની પેઢીને પાઇપ-ફીટીંગ માલના રૂપિયાની ચુકવણી માટે આપેલો રૂ.૬૦ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં પટના-બિહારના વેપારીને કોર્ટે દોઢ વર્ષની સજા અને રૂા.૯૦.૩૫ લાખ ફરીયાદીને વળતર પેટે ન ચુકવે તો વધુ પાંચ માસની સજાનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટના વિરાણી અઘાટ ખાતે 'વિર પોલીપ્લાસ્ટ'નામથી ભાગીદારીમાં એચ.ડી.પી.ઇ. પાઇપ એન્ડ ફીટીંગનું મેન્યુફેકચર કરતા વિજયભાઇ ગિરધરભાઇ ગાજીપરા પાસેથી બિહારમાં આવેલ એ.આર.વી. એન્જીકોનના પ્રોપરાઇટર વિજયકુમારે એચ.ડી.પી.ઇ. પાઇપ એન્ડ ફીટીંગનો માલ મંગાવ્યો હતો. જે માલની બાકી રહેતી રકમ રૂા.૬૦,૩૪,૨૩૯ ની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરતા ફરીયાદીએ તેમના વકીલ મારફત ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ રાજકોટની કોર્ટમાં ચેક રિટર્નની ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા રાજકોટની કોર્ટે એ.આર.વી. એન્જીકોનના પ્રોપરાઇટર વિજયકુમારને ધી દોઢ વર્ષની સાદી કેદની સજા અને રૂા.૯૦.૩૫ લાખ ફરીયાદીને વળતર પેટે ન ચુકવે તો વધુ પાંચ માસની સજાનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં ફરીયાદી વતી વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ અને ચાર્મી કે. પંડયા રોકાયા હતા.

# બેન્ક ફ્રોડ કેસમાં ઉદ્યોગપતિ અનિલ અંબાણીના ઘરે સીબીઆઇના દરોડા

## નિવાસસ્થાને અને આરકોમ સાથે સંકળાયેલા સ્થળો પર તપાસ હાથ ધરી

અબતક રાજકોટ

સીબીઆઇ એ રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (આરકોમ) અને તેના પ્રમોટર ડિરેક્ટર અનિલ અંબાણી વિરુદ્ધ ₹૨,૦૦૦ કરોડથી વધુની બેંક છેતરપિંડીનો કેસ દાખલ કર્યો છે. આજે સીબીઆઇ અધિકારીઓએ અંબાણીના નિવાસસ્થાને અને આરકોમ સાથે સંકળાયેલા સ્થળો પર તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી બેંકની ફરિયાદના આધારે કરવામાં આવી છે.

સીબીઆઇ એ ગયા મહિને જ આ બાબતની જાણકારી આપી હતી. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે બેંકે જૂન ૨૪, ૨૦૨૫ ના રોજ આરબીઆઇ ને આ છેતરપિંડી વિશે જાણ કરી હતી અને સીબીઆઇ માં પણ ફરિયાદ




નોંધાવવાની પ્રક્રિયા ચાલી રહી હતી. તેમણે જણાવ્યું કે આરકોમ પર એસબીઆઇ નું કુલ ₹૨,૨૨૭.૬૪ કરોડનું દેવું છે, જે ૨૬ ઓગસ્ટ, ૨૦૧૬ થી બાકી છે,

જેમાં વ્યાજ અને અન્ય ખર્ચાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ₹૭૮૬.૫૨ કરોડની બેંક ગેરંટી પણ સામેલ છે.

આ મામલો લાંબા સમયથી ચાલી રહ્યો છે. એસબીઆઇ એ ૧૦ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ આરકોમ અને અનિલ અંબાણીના ખાતાને ''ફ્રોડ'' તરીકે વર્ગીકૃત કર્યા હતા અને ૫ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ સીબીઆઇ ને ફરિયાદ કરી હતી. જોકે, દિલ્હી હાઇકોર્ટના આદેશને કારણે આ ફરિયાદ પર કોઇ કાર્યવાહી થઇ શકી ન હતી. ત્યારબાદ, સુપ્રીમ કોર્ટના ૨૭ માર્ચ, ૨૦૨૩ ના ચુકાદા અનુસાર, બેંકે પહેલા અનિલ અંબાણીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપી. આ પ્રક્રિયા બાદ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ બેંકે ફરી એકવાર આ ખાતાને ''ફ્રોડ'' તરીકે વર્ગીકૃત કર્યું.

વર્તમાન સમયમાં, આરકોમ ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ, ૨૦૧૬ હેઠળ ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયામાંથી પસાર થઇ રહ્યું છે.

કંપનીના ક્રેડિટર્સની સમિતિએ માર્ચ ૬, ૨૦૨૦ ના રોજ રિઝોલ્યુશન પ્લાનને મંજૂરી આપી હતી અને તેને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, મુંબઇમાં દાખલ કરવામાં આવ્યો છે, જેની મંજૂરીની રાહ જોવાઇ રહી છે. આ ઉપરાંત, એસબીઆઇ એ અનિલ અંબાણી વિરુદ્ધ પર્સનલ ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા પણ શરૂ કરી છે, જેની સુનાવણી પણ ચાલી રહી છે.

# બિહારના પટણામાં ભયાનક અકસ્માત ટ્રક અને રિક્ષાની ટક્કરમાં આઠ વ્યકિતના મોત

## અકસ્માત બાદ ડ્રાઇવર ટ્રક લઇને ફરાર, ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડાયા

અબતક રાજકોટ

બિહારના પટણા જિલ્લામાં એક ભીષણ માર્ગ અકસ્માત થયો, જેમાં ૮ લોકોએ જીવ ગુમાવ્યો અને ૬ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે.

આ ઘટના પટણાના મલમા ગામ નજીક બની હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, મલમા ગામના રહેવાસીઓ રિક્ષામાં બેસીને ગંગા સ્નાન માટે ફતુહા જઇ રહ્યા હતા. આ દરમિયાન, એક પૂરપાટ ઝડપે આવતી ટ્રકે રિક્ષાને જોરદાર ટક્કર મારી, જેના કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો.

ટક્કર એટલી ભયાનક હતી કે રિક્ષા સંપૂર્ણ પણે કચરાઇ ગઇ. ઘટનાસ્થળે જ ૮ લોકોના મોત થયા અને ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા. અકસ્માત બાદ ટ્રકનો ડ્રાઇવર વાહન લઇને ફરાર



થઇ ગયો. સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી, જેના પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી. ઇજાગ્રસ્તોને તરત જ નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જોકે, તેમની ગંભીર સ્થિતિને જોતા તેમને વધુ સારવાર માટે પટણા રિફર કરવામાં આવ્યા છે.

પોલીસે આ ઘટના અંગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. તેમણે અકસ્માત અને હિટ એન્ડ રનનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. હાલમાં, ટ્રક ચાલક કોણ હતો તે વિશે કોઇ માહિતી પ્રાપ્ત થઇ નથી અને પોલીસ તેની શોધ કરી રહી છે. આ દુઃખદ ઘટનાએ વિસ્તારમાં શોકનું મોજું ફેલાવી દીધું છે અને પરિવારજનોમાં માતમ છવાયો છે.

આ મામલે પોલીસની તપાસ ચાલુ છે અને ટૂંક સમયમાં ટ્રક ડ્રાઇવરને પકડવામાં આવશે તેવી આશા છે.

# નણંદ-ભાભીની જોડીનો પર્યાવરણને બચાવવા અનોખો ભેખ: માટીના ગણપતિ મૂર્તિનું પ્રદર્શન

## ડો.નૂતનબેન ગોકાણી અને કામિનીબેન સોનીએ અલૌકિક શણગારથી સજ્જ ગણપતિ મૂર્તિનું પ્રદર્શન સાથે વેંચાણ કરી રહ્યા છે

**અબતક, રાજકોટ**

રાજકોટ નાગર બોર્ડિંગ ખાતે છેલ્લા ત્રણ વર્ષથી અદ્દભૂત અને સુંદર શણગાર સાથે મહારાષ્ટ્રના સાંડુ માટીની મૂર્તિનું પ્રદર્શન અને વેચાણ થઈ રહ્યું છે.

૧૦ ઈંચથી માંડી ચાર ફૂટ સુધીની માટીની મૂર્તિઓ તથા તેના સુંદર શણગાર જોવા રાજકોટના લોકો ઉમટી પડે છે.

પોરબંદરના ડો.નૂતનબેન ગોકાણી જેઓ પર્યાવરણ તથા અન્ય પ્રાણીના જતન માટેની સંસ્થા ચલાવે છે, તેઓએ વાતચીત કરતા જણાવ્યું કે પીઓપીની મૂર્તિઓ ઘણી સસ્તી અને વજનમાં હલકી હોય છે. આથી લોકો તેને વધુ પ્રમાણમાં ખરીદે છે પણ આનાથી આપણે આપણી આવતી પેઢીને ખૂબ જ નુકસાન કરીએ છીએ.

કામિનીબેન સોની જેવો અમદાવાદથી છે અને નૂતનબેનના ભાભી છે જે અમદાવાદ કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ છે તથા એક ઉમદા સમાજ સેવિકા છે, ''પર્યાવરણ બાબતે તેમણે કહ્યું કે ગ્લોબલ વોર્મિંગ થાય છે તેમાં પ્રદૂષણ મુખ્ય જવાબદાર છે, સૌ લોકોએ પોતાની રીતે શકય એટલું પર્યાવરણની જાળવણી કરવી જોઈએ. પીઓપીની મૂર્તિઓ ખૂબ જ કેમિકલ વાળા કલરો ધરાવે છે અને તે ઓછામાં ઓછું પાંચથી સાત વર્ષ પાણીમાં ઓગળતું નથી અને ઓગળે તો પણ ધીરે ધીરે પાણીમાં ઝેર થાય છે. જેને કારણે નાના મોટા જંતુઓનું મરણ થાય છે.

પૃથ્વી પરના એવા પહેલા દેવ છે કે સર્વ કાર્યમાં તેની પૂજા થાય છે અને આપણે ગણપતિ બાપાને રસ્તામાં ગમે ત્યાં રઝળાવીએ તે જરા પણ યોગ્ય નથી.



તેમણે બંને જણાવ્યું કે ''જયારે અમે શણગારના કામ કરતા હોય ત્યારે અમે શ્રદ્ધાના ભકિતથી સાચા ભગવાનના શણગાર કરતા હોય તેવું થાય છે અને કયારેક તો એવું પણ લાગે છે કે બાપા જ અમને આ શણગાર કરાવવા પ્રેરે છે કયાં કઈ વસ્તુ મૂકવી તે જાણે સૂચવતા હોય કે કેવા કપડાં પહેરવા તે તેમની સૂચનાથી જ થતું હોય તેવું લાગે છે.

વિરાણી ચોક ખાતે નાગર બોર્ડિંગમાં તા.૨૧થી ૨૭/૮ સુધી સવારે ૧૦:૦૦ કલાકથી રાત્રે ૧૧:૦૦ કલાક સુધી આ પ્રદર્શન ચાલુ છે. રાજકોટના કલા પ્રેમીઓ અને શ્રદ્ધાળુઓ આ પ્રદર્શન જોવા મોટા પ્રમાણમાં જઈ રહ્યા છે. કામિનીબેન સોની ૬૩૫૧૬૩૩૧૮૯, ડો.નુતન ગોકાણી ૯૮૭૯૧૬૬૭૮૮ નો સંપર્ક કરવા જણાવેલ છે.

# બોલબાલા ટ્રસ્ટ દ્વારા કાલે ત્વચા અને વાળની કાળજી વિષે માર્ગદર્શન અપાશે

## સોમવારે નેચરલ બ્યુટી અવેરનેસ કાર્યક્રમ યોજાશે

**અબતક, રાજકોટ**

ટ્રસ્ટ દ્વારા આગામી એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં સ્વસ્થ ત્વચા અને વાળની કાળજી કઇ રીતે રાખવી તેના માટે રસાયણ મુકત સાબુ, શેમ્પુ અને ફેશવોશ બનાવવાનું સરળ રીતે ત્વચા તેમજ વાળની સાચી કાળજી રાખવા માટે મામા સ પર્લ રવિવાર બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી બોલબાલા પાંખના મહિલા મેમ્બર્સ માટે ટોકન ફી રૂ. ૧૦૦ અને અન્ય મહિલા મેમ્બર્સ માટે રૂ. ૨૦૦ વહેલા તે પહેલાના ધારણે રાખેલ છે. જેના આટીસ્ટ દિનેશભાઇ ત્રિવેદી માર્ગદર્શન પુરુ પાડશે.

બોલબાલા મહિલા પાંખ દ્વારા પર્સનલ ગૃમિંગ નેચરલ બ્યુટી અવેરનેસ કાર્યક્રમ તા. ૨૫ થી પ્રારંભ થશે જેમાં ૮ થી ૧૦ દિવસ નો કોર્ષ લિમિટેડ સંખ્યાની બેચ ચાલુ કરવાની છે. જેમાં મેકઅપ નેચરલ બ્યુટી સુધી અવેરનેશ ઈન્સ્ટુમેન્ટ યુઝીંગ ટેકનીક આ પ્રકારના અનેક વિષયો સાથે માર્ગદર્શન અને ડેમોસ્ટ્રેશન વગેરે આવરી લેવામાં આવશે. બોલબાલા પાંખના મહિલા મેમ્બર્સ માટે ટોકન ફી રૂ. ૩૦૦ અને અન્ય મહિલા મેમ્બર્સ માટે રૂ. ૧૦૦૦ રાખેલ છે.

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્યુટી પાર્લર કોર્ષ ફકત બહેનો માટે જ ફલોરેક્ષ બ્યુટી સલુન દ્વારા તા. ૧-૯ થી ૩૦-૯-૨૫ સુધી સમય ૩ થી ૫ વાગ્યા સુધી રાજ પેલેસ, રામપાર્ક મેઈન રોડ સી.એન. સ્કુલની સામે, રાજકોટ ખાતે કરવામાં આવશે. જે નજીવા ટોકન દરે માત્ર રૂ. ૩૦૦ માં શિખવવામાં આવશે. આ કોર્ષ પૂર્ણ થયે સર્ટીફીકેટ આપવામાં આવશે.

(પહેલા પાનાનું ચાલું)

### સિરિયન શંકાસ્પદો...

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદની મસ્જિદોમાંથી રૂપિયા ઉઘરાવતી ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ગાઝાના પીડિત નાગરિકનો ઢોંગ કરીને રૂપિયા ઉઘરાવતા હતા. ક્રાઈમ બ્રાન્ચે મેઘાત અલઝહેર નામના સીરીયન નાગરિકને ઝડપ્યો છે. આરોપી ટુરિસ્ટ વિઝા પર ભારતમાં આવ્યો હતો. વૈભવી જીવન જીવવા માટે રૂપિયા પડાવવાનો કારસો રચ્યો હતો. આરોપીના અન્ય ૩ સાથી ભૂગર્ભમાં છે. જેના પગેલ પોલીસે તપાસ હાથ ધરી છે.

મહત્વનું છે કે વિદેશી નાગરિક દ્વારા આ પ્રકારની પ્રવૃતિ દેશ માટે ખતરો ઉભો કરે તેવી હતી. શખ્સો વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. આ શખ્સ શંકાસ્પદ ગતિવિધિમાં સામેલ હોવાની શક્યતા છે. છેલ્લા એક મહિનાથી સીરિયન નાગરિક અમદાવાદની મસ્જિદોમાં ગાઝાના પીડિત હોવાનો ફોટો બતાવીને રૂપિયા લેતા હતા. મૂળ સીરિયાના દમાસ્કનો નાગરિક અલી મેઘાત દેશના જુદા-જુદા રાજ્યોમાં ફરીને અમદાવાદ આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આરોપીઓ અમદાવાદના આશ્રમ રોડની રીગલ રેજેન્સી હોટલમાં રોકાયા હતા. હાલ ફરાર થયેલા ૩ સાગરીતોની વિગત તપાસમાં સામે આવી છે.

### જુના વાહનો...

સરકારે લોકોને આ નવા નિયમોનું પાલન કરવા અને જૂના વાહનોને નવા, પર્યાવરણને અનુકૂળ વાહનો સાથે બદલવા અપીલ કરી છે. આ ઉપરાંત, વ્હીકલ સ્ક્રેપેજ પોલિસી હેઠળ સ્ક્રેપ યાર્ડ્સની સંખ્યા વધારવા અને રિસાયકિલગ પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ નિર્ણયથી ભારતના રસ્તાઓ પરથી જૂના, પ્રદૂષણ ફેલાવતા વાહનો ધીમે ધીમે ઘટશે અને દેશનું પર્યાવરણ સ્વચ્છ અને સ્વસ્થ બનવાની આશા છે.

### ટેરિફ...

કર-મુક્ત રહે છે, જેનાથી કેનેડિયન ઉત્પાદકોને ફાયદો થાય છે.

આ જાહેરાતને ટ્રમ્પે સારી ગણાવી અને ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતાં કહ્યું, ''અમે કેનેડા સાથે ખૂબ સારું કરવા માંગીએ છીએ. મને કાર્ની ખૂબ ગમે છે.'' જોકે, કેનેડાના વિપક્ષી નેતા પિયરે પોઈલીવ્રે આ નિર્ણયની ટીકા કરી, તેને ''કાર્નીની બીજી નરમાઈ અને નમવું'' ગણાવ્યું. તેમણે દાવો કર્યો કે કાર્નીએ ચૂંટણી ઝુંબેશ દરમિયાન વચન આપેલા ''મજબૂત'' વલણને છોડી દીધું છે.

આ નિર્ણય ૨૦૨૬માં યુએસએમસીએની સમીક્ષા પહેલાં વેપાર વાટાઘાટોને ફરીથી શરૂ કરવાના પ્રયાસનો ભાગ છે. કેનેડા અને અમેરિકા બંને આગામી મહિનાઓમાં સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટોમોટિવ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને વાટાઘાટોને તીવ્ર બનાવવા માટે સહમત થયા છે.

### જીએસટી...

કે દિવાળી પહેલા આ વખતે સામાન્ય લોકોને મોટી ભેટ મળશે. સામાન્ય માણસ, ગરીબ, મધ્યમ વર્ગની જરૂરિયાતોને લગતી ખાદ્ય ચીજવસ્તુઓ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ સસ્તી થશે. પ્રધાનમંત્રીની જાહેરાત પછી, સતત બેઠકોનો દોર ચાલી રહ્યો છે. અગાઉ, મંત્રીઓના જૂથની બેઠકો યોજાઈ ચૂકી છે અને હવે જીએસટી કાઉન્સિલની બેઠક માટે તારીખ નક્કી કરવામાં આવી છે.

જીએસટી કાઉન્સિલ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બેઠકના સ્થળ અને કાર્યસૂચિ સંબંધિત વિગતવાર માહિતી સમયાંતરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. કાઉન્સિલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને આ બેઠકમાં હાજરી આપવા માટે તેમના સંબંધિત રાજ્યોના નાણા/કરવેરા મંત્રી અથવા નામાંકિત મંત્રીને જાણ કરવા નિર્દેશ આપ્યો છે. આ બેઠકમાં કેન્દ્રીય નાણામંત્રી, નાણા રાજ્યમંત્રી, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ, સીબીઆઈસી ચેરમેન અને જીએસટી નેટવર્કના સીઈઓ પણ હાજરી આપશે.

### ડ્રિમ ઈલેવન...

જણાવ્યું હતું કે સરકાર યોગ્ય સમયે કાયદાની અમલવારીની તારીખની જાણ કરશે. જ્યારે બિલ હેઠળના નિયમોનો મુસદ્દો તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેમ જેમ બિલ સંરચિત છે, નિયમો વિના પણ, કેટલીક જોગવાઈઓ છે જે તાત્કાલિક અમલમાં આવી શકે છે.

ડ્રીમ ૧૧ એ હાઈલાઈટ કર્યું કે, તે તેના પેરેન્ટ ગ્રુપ હેઠળ ફેનકોડ, ડ્રીમસેટગો અને ડ્રીમ ગેમ સ્ટુડિયો સહિત ઘણા અન્ય સ્પોર્ટ્સ-ટેક સાહસોનું સંચાલન કરવાનું ચાલુ રાખે છે. આ અમારા 'રમતગમતને વધુ સારું બનાવવા'ના વિઝનને શકિત આપશે અને ભારતને વૈશ્વિક રમતગમત મહાસત્તા બનાવવાની અમારા માનનીય વડા પ્રધાનની મહત્વાકાંક્ષાને સમર્થન આપશે તેમ કંપનીએ જણાવ્યું હતું.

(ચોથા પાનાનું ચાલુ)

### જીરાવાલા પાર્શ્વનાથ...

પ્રતિક્રમણ બાદ પ્રભાવનાનો લાભ જેમને પણ લેવો હોય, તે પ. પૂ. સાધ્વીજી ભગવંત અથવા કમિટી મેમ્બર્સ ને જણાવી શકે છે.સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે પ્રમુખ દિલીપભાઈ દેસાઈ (૭૯૯૦૫૭૦૮૧૧) તથા ટ્રસ્ટી મંડળનાં સર્વે વિરેન્દ્રભાઈ મહેતા, નરેન્દ્રભાઈ શાહ, ગિરીશભાઈ શાહ, પ્રકાશભાઈ શાહ, જિનેશભાઈ શાહ, ડો. તેજસભાઈ શાહ તથા યુવક મંડળનાં તમામ ભાઈઓ અને મહીલા મંડળ તથા યંગ લેડી યુવા ગ્રુપના તમામ બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે.

### નમ્રમુનિ...

કોઈ ભય ન હોય, જેને ભય હોય તે પ્રભુ શરણમાં શરણાધિન ન હોય. ભગવાનથી અને ભગવાનના ગુણોથી દૂર લઈ જનારું તત્ત્વ તે ભય હોય. માટે જેને ભગવાનની સમીપ જવું હોય, જેને ભગવાન બનવું હોય તેને ભયમુક્ત બનવું પડે.

પરમ ગુરુદેવના આવા સદબોધ સાથે આ અવસરે અંતર મનમાં ચાલતાં વિચારોને શાંત કરવાની પ્રેરણા આપતાં અનોખા લાઈવ પ્રયોગ અને પ્રેરણાત્મક નાટિકા સંગ્રામ સે સિદ્ધિના અદ્દભૂત દ્રશ્યોએ પ્રતિજ્ઞાના સંગે કલ્યાણનો યોગ પામી લેવાની પ્રેરણા પામી સહુના અંતર મનને જાગૃત કરી દીધાં હતાં.હૃદયધરાને ઢંઢોળી દેનારા આવા કાર્યક્રમોમાં ભીંજાઈ ધન્ય બની રહેલા હજારો ભાવિકોની સાથે રાત્રિના સમયે આયોજિત ગ્લોબલ પર્યુષણ અંતર્ગત પરમ ગુરુદેવના શ્રીમુખેથી વહેતી કલ્યાણકારી પ્રવચનમાળા અને મધુર ભકિત સ્તવનામાં વિદેશના અનેક દેશોમાં સ્થાપિત પારસધામ સેન્ટર્સ સાથે જોડાએલાં હજારો એન.આર.આઈ. ભાવિકો આત્મબોધ પામી અંતરશુદ્ધિ કરી રહ્યાં છે.

અંતરશુદ્ધિના આ અવસરોમાં પધારવા ચાતુર્માસ લાભાર્થી માતુશ્રી કાશ્મિરાબેન કાંતિભાઈ શેઠ પરિવાર સહુને ભાવથી આવકારી રહ્યાં છે.

### ધીરગુરુદેવ...

છે. કેમ કે સમજ સંગીન નથી. મુખ પર પ્રસન્નતા સદાય હોવી જોઈએ. તમારી પાસે કાંઇ ન હોય તો પણ પ્રસન્નતાથી સહજ જીવન બનાવી દો.

તમે પૈસાને જિંદગી ન બનાવો પણ જિંદગીની આવશ્યકતાની પૂર્તિ માટે પૈસા કમાઓ.

વૃત્તિમાં વૈરાગ્ય, પ્રવૃત્તિમાં વિવેક અને કેન્દ્રમાં આત્મા આવે ત્યારે જીવન જીતી શકાય ન ધારેલું બને ધારેલું કાંઈ પણ ન થાય તેનું નામ સંસાર, માટે નજર હંમેશા પ્રક્રિયા તરફ નહિ પરિણામે તરફ રાખો. ભીતરના ક્રોધ, માન, માયા, લોભનું ચેકઅપ કરવા માટે પર્યુષણ પધાર્યા છે. જો જો વાત વાતમાં રહી ન જાય !

### મહાવીરના પ્રસંગો...

જેમ અમૃતપાન કરાવી શકાય તેમ આપનો લાલ...જિનવાણી રૂપી જ્ઞાનામૃત પીવડાવશે.

(૧૦) પદ્મ સરોવર : શુભ અને પ્રેમનું પ્રતિક છે, આવનાર બાળક જ્યાં પણ જશે પ્રેમ અને પ્રસન્નતા ફેલાવશે.

(૧૧) ક્ષીર સમુદ્ર : હે માતા...તમારો પુત્ર સમુદ્રની જેમ અનેક જીવાત્માનો આધાર બનશે.

(૧૨) દેવ વિમાન : સદ્દગતિનું પ્રતિક છે. હે માતા... તમારૂ સંતાન અનેકના સદ્ ગતિનું નિમિત્ત બનશે અને સ્વયં સિદ્ધ ગતિને વરશે.

(૧૩) રત્ન રાશિ : ભૌતિક સમૃદ્ધિને પ્રગટ કરવા માટે જેમ લક્ષ્મીનું મહત્વ છે એવી રીતે આત્મિક ગુણોને પ્રગટ કરવા રત્ન રાશિનું મહત્વ છે.

(૧૪) અગ્નિ: હે...રત્નકુક્ષિણી માતા...જેવી રીતે અગ્નિ પ્રજવલિત થવાથી અંધારું ચાલ્યું જાય છે. તેમ આપનો લાડકવાયો કેવળ જ્ઞાન અને કેવળ દર્શનને પ્રાપ્ત કરી દુનિયાનો પ્રકાશનો પૂંજ અને તારણહાર બનશે.

- સંકલન : મનોજ ડેલીવાળા

(છેલ્લા પાનાનું ચાલુ)

### નરેન્દ્રભાઇ...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ શહેરમાં ₹૨૨૦૯ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને ₹૯૧૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવાના છે. તેઓ યુજીવીસીએલ હેઠળ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને લગતા ₹૬૦૮ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે, જેનો હેતુ અમદાવાદમાં વીજ વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ અને તેનું વિસ્તરણ કરવાનો છે. આ ઉપરાંત, ₹૧૩૩ કરોડથી વધુના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના આઈએસએસઆર ઘટક હેઠળ રામાપિરના ટેકરોના સેકટર-૩ ખાતે આવેલી ઝૂંપડપટ્ટીના વિકાસનું લોકાર્પણ, ૬૬ કેવી ગોતા સબસ્ટેશન, ૬૬ કેવી ચાંદખેડા-૨ સબસ્ટેશન, વિરમગામ ખુદડ રોડ કિમી ૦/૦૦ થી ૨૧/૪૦૦નું લોકાર્પણ વગેરેનો સમાવેશ થાય છે.

વડાપ્રધાનના હસ્તે અમદાવાદમાં થનારા ખાતમુહૂર્તના કામોમાં શેલા, મણિપુર, ગોધાવી, સનાથલ અને તેલાવ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સિસ્ટમનું બાંધકામ અને ૫ વર્ષનું સંચાલન અને જાળવણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટ્રીટ ફર્નિચર સાથે લો ગાર્ડન અને મીઠાખળી પ્રિસિંક્ટનો વિકાસ, અમદાવાદ શહેરમાં સાબરમતી અને અમદાવાદ સ્ટેશન વચ્ચે ફોર લેન અસારવા રેલવે ઓવર બ્રિજનું પુનર્નિર્માણ, દક્ષિણ પશ્ચિમ ઝોનના સરખેજ વોર્ડ ખાતે મિનિ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ (પશ્ચિમ)માં સ્ટેમ્પ્સ એન્ડ રજિસ્ટ્રેશન ભવનનું ખાતમુહૂર્ત પણ કરવાના છે. આ ઉપરાંત, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ બે તબક્કામાં હાઈબ્રિડ એન્યુઈટી મોડ હેઠળ ચાર-માર્ગીય મુખ્ય માર્ગ છ માર્ગીય બનાવશે, જેમાં ઝડપ અને સલામતીને ધ્યાને લઈ એક્સપ્રેસવેના માપદંડો મુજબ નિયંત્રિત પ્રવેશની જોગવાઈ રાખેલ છે. છ માર્ગીય મુખ્ય માર્ગ ઉપરાંત, ૩૨ કિમી લંબાઈમાં ચાર માર્ગીય સર્વિસ રોડ, ૩૦ કિમી લંબાઈમાં ત્રિ-માર્ગીય સર્વિસ રોડ બનશે. આ માટે કુલ પ્રોજેક્ટ ખર્ચ ₹૧,૬૨૪ કરોડ છે, જેનો હેતુ અમદાવાદ શહેરની આસપાસ ટ્રાફિક ક્ષમતા અને માળખાગત સુવિધામાં અદ્યતન સુધારો કરવાનો છે. વડાપ્રધાનશ્રી આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવાના છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર શહેર માટે ₹૫૫૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ યુજીવીસીએલ હેઠળ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને લગતા ₹૧૭૮ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. તો પેથાપુર અને રાંધેજામાં પાણી પુરવઠા લાઈન અને અને ગુડા હેઠળ ડભોડા ગામમાં ગટર વ્યવસ્થા સુવિધાઓ તેમજ ડ્રેનેજ માળખાનું લોકાર્પણ કરવામાં આવશે. વડાપ્રધાનના હસ્તે થનારા ખાતમુહૂર્તના કાર્યોમાં ગાંધીનગર શહેર ખાતે રાજ્ય સ્તરીય ડેટા સ્ટોરેજ સેન્ટરનું નિર્માણ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ધોળાકુવાથી પંચેશ્વર સર્કલ સુધી મેટ્રો રેલને સમાંતર રસ્તાનું બાંધકામ, વિવિધ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન અને ગટર લાઈન ઈન્સ્ટોલેશન વગેરેનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહેસાણાને કુલ ₹૧૭૯૬ કરોડના પ્રોજેક્ટ્સની ભેટ આપશે અને ૨ ટ્રેનનું ફ્લેગ-ઓફ કરશે. તેઓ યુજીવીસીએલ હેઠળ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને લગતા પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. વડાપ્રધાનશ્રી ₹૧૪૦૦ કરોડથી વધુના જે રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે, તેમાં ₹૫૩૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ મહેસાણા-પાલનપુર રેલવે લાઈન (૬૫ કિમી)નું ડબલિંગ, ₹૩૪૭ કરોડના ખર્ચે કલોલ-કડી-કટોસણ રોડ રેલવે લાઈન (૩૭ કિમી)નું ગેજ કન્વર્ઝન અને ₹૫૨૦ કરોડના ખર્ચે બેચરાજી-રણુંજ રેલવે લાઈન (૪૦ કિમી)ના ગેજ કન્વર્ઝનનો સમાવેશ થાય છે. આ રેલવે પ્રોજેક્ટ્સ ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓને બ્રોડગેજ લાઈન દ્વારા સરળ, સલામત અને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે.

### 'પાટીલ' લેશે કલાસ...

સી.આર. પાટીલ બેઠકમા હાજરી આપી શકે તેમ ન હતા સાંસદોને પણ બેઠકમાં હાજર રહેવા માટે ફરજ પાડવામાં આવી ન હતી.

અગાઉ ભારે વરસાદના કારણે બે વખત રદ કરવામાં આવેલી પ્રદેશ ભાજપની બેઠક હવે આગામી સોમવારે મળશે સોમવારે બપોરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બે દિવસ માટે ગુજરાતની મૂલાકાતે આવી રહ્યા છે. તે પૂર્વ સવારે પ્રદેશ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના અધ્યક્ષ સ્થાને ભાજપના લોકસભાના તમામ સાંસદો, રાજયસભાના સાંસદો, તમામ ધારાસભ્યો, પ્રદેશના હોદેદારો, શહેર તથા જિલ્લા ભાજપના પ્રમુખો, અને પ્રભારીઓને હાજર રહેવા ફરમાન મોકલી દેવામાં આવ્યું છે. આગામી ૧૭મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન છે ત્યારે સેવા પખવાડીયાની ઉજવણીના આયોજનના ભાગરૂપે આ બેઠક બોલાવવામા આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાતના ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે તાજેતરમાં અચાનક-ગુજરાતની લીધેલી મૂલાકાત બાદ અટકળોની આંધી તેજ બની છે. પ્રદેશ ભાજપની નિયુકતીનું કોકડું છેલ્લા ઘણા સમયથી ગુંચાવાયું છે. મંત્રી મંડળના વિસ્તરણની પણ વાતો દોઢ વર્ષથી ચાલી રહી છે. આવામાં સોમવારની બેઠક ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ બેઠકમાં સાંસદોને પણ હાજર રહેવા ફરમાન મોકલવામાં આવ્યું છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે. ત્યારે પક્ષના કાર્યકરો ઝડપથી પ્રદેશ ભાજપ પ્રમુખની વરણી કરી દેવામા આવે તેવું ઈચ્છી રહ્યા છે.

### અનિરુદ્ધસિંહ...

કેદ એટલે જીવે ત્યાં સુધી સજા ભોગવવાની હોય છે. અનિરૂધ્ધસિંહ જાડેજાની સજા માફી રદ કરી તેને બાકીની સજા ભોગવવા માટે જેલમાં પરત મોકલવા જોઈએ તેવી દલીલ કરી હતી. કાયદાના અધિકાર વિના પસાર કરવામાં આવ્યો હતો. કસ્ટડીનો સમય ૧૪ વર્ષથી ઓછો હતો, જેના કારણે તેઓ રાજ્ય સરકારની નીતિ હેઠળ માફી માટે અયોગ્ય બન્યા. કારણ કે માફીના નિર્ણયો માટે ફરજિયાત સલાહકાર બોર્ડ સમક્ષ કેસ કયારેય રજૂ કરવામાં આવ્યો ન હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે બિષ્ટનો આદેશ ''સત્તા વિનાનો છે. તેમાં કોઈ કાયદાનું બળ નથી અને તે રદબાતલ છે અને અનિરુદ્ધસિંહ જાડેજાની અકાળ મુક્તિ કાયદાના અધિકાર વિના છે.'' કોર્ટે જાડેજાના મુકિતના આદેશને ભૂલભરેલો ગણાવ્યો હોવાથી, તેને જેલ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો. જાડેજાએ રજૂઆત કરી હતી કે તે માફીનો લાભ આપવા માંગે છે. આના પર, કોર્ટે કહ્યું કે જાડેજા છેલ્લા સાત વર્ષથી સ્વતંત્રતાનો આનંદ માણી રહ્યો છે. જ્યાં સુધી તે જેલમાં ન હોય ત્યાં સુધી તે માફીનો લાભનો દાવો કરી શકતો નથી. કોર્ટે તેમના રાહત અધિકાર માટે અરજી કરવાની મંજૂરી આપી અને સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત જોગવાઈઓ અને ગઅકજઅ દ્વારા જારી કરાયેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અનુસાર આઠ અઠવાડિયામાં તેમની માફી અરજી પર નિર્ણય લેવા અધિકારીઓને નિર્દેશ આપ્યો છે.

### સાવજોના અકસ્માતે...

જશે. જેથી રેલવે ટ્રેકના ૧૫ મીટરના વિસ્તારોમાં સિંહોની હલન ચલન ખબર પડતા, અકસ્માત ટાળી શકાશે. આ મુદ્દે સાતમી નવેમ્બરે વધુ સુનાવણી યોજાશે. જેમાં રેલવેને પ્રગતિ અહેવાલ રજૂ કરવાનું કોર્ટે કહ્યું છે. જામનગર, રાજુલા, મહુઆ, પીપાવાવ જેવા સિંહોના વિસ્તાર જે ભાવનગર રેલવે ડિવિઝનમાં આવેલ છે. તેમાં ડિવાઈસ લગાવવામાં આવી રહ્યા છે. રેલવે અને વન વિભાગની બનેલી હાઈ લેવલ કમિટીએ આ પ્રોજેક્ટને મંજૂરી આપેલ છે. રેલ્વે ટ્રેકના ૧૫ મીટરના વિસ્તારમાં સિંહોની હલચલ હશે તો તેની જાણ અગાઉથી થતા અકસ્માત ઝીરો થશે. ચાલુ વર્ષે એક પણ સિંહનો ટ્રેન સાથે અકસ્માત થયું નથી. પ્રોજેક્ટમાં ફાઈબર કેબલ જંગલમાંથી પસાર થતી રેલવે લાઈનને સમાંતર નાખવામાં આવશે. જેથી સિંહોની અવર જવરની અગાઉથી રેલવે પાયલટ અને વન વિભાગના અધિકારીઓને ખબર પડતાં, અકસ્માત અટકાવી શકાશે. અગાઉ કોર્ટે ગત વર્ષે સિંહોના અપમૃત્યુ અંગે રિપોર્ટ પણ માંગ્યો હતો. સરકારે જણાવ્યું હતું કે રેલવે અને જંગલ વિભાગના સેક્રેટરીએ એક હાઈ લેવલ કમિટી બનાવી છે. આ હાઈ લેવલ કમિટીમાં પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ફોરેસ્ટ, ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન, પ્રિન્સિપલ ચીફ સિગ્નલ એન્જિનિયર વેસ્ટર્ન રેલ્વે, વગેરેનો સમાવેશ થાય છે.

### સાવજની ડણક કુનો...

ચિત્તા પર કેન્દ્રિત થઈ ગયું છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં પીએમ નરેન્દ્ર મોદી દ્વારા 'પ્રોજેક્ટ ચિત્તા' હેઠળ નામીબિયા અને દક્ષિણ આફ્રિકાથી કુનોમાં ચિત્તા લાવવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ એટલો મહત્વાકાંક્ષી હતો કે કુનો હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિત્તાના ઘર તરીકે ઓળખાઈ ગયું છે. વન વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ માત્ર એક પ્રક્રિયાગત ફેરફાર છે અને 'સિંહ પ્રોજેક્ટ' રદ કરવામાં આવ્યો નથી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ નિર્ણય ''આંતરરાષ્ટ્રીય સંદેશાવ્યવહાર સરળ બનાવવા'' માટે લેવામાં આવ્યો છે, કારણ કે કુનો હવે ચિત્તાના પ્રોજેક્ટ સાથે વિશ્વભરમાં જાણીતું છે.

જોકે, આ સ્પષ્ટતા છતાં, કુનોમાં સિંહોના ભવિષ્ય અંગે શંકાઓ યથાવત છે. તાજેતરના ઓડિટ રિપોર્ટમાં પણ આ અંગે ચિંતાઓ વ્યકત કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, ૨૦૨૦-૨૧ થી ૨૦૨૯-૩૦ સુધીના સત્તાવાર મેનેજમેન્ટ પ્લાનમાં કુનોને સિંહોના બીજા ઘર તરીકે નિયુકત કરવાનું હતું, પરંતુ નવેમ્બર ૨૦૨૩ સુધી સિંહોને લાવવા માટે કોઈ નક્કર પ્રયાસો થયા નથી. આ દર્શાવે છે કે સિંહ સંરક્ષણ માટે કુનોમાં થવી જોઈતી ગતિવિધિઓ હવે ચિત્તાના પ્રોજેક્ટને કારણે પાછળ ધકેલાઈ ગઈ છે. એક રીતે, ચિત્તાની ગર્જનાએ કુનોના મેદાનમાં સિંહની ગર્જનાને શાંત કરી દીધી છે, અને હવે આ મેદાન સંપૂર્ણપણે ચિત્તા માટે સમર્પિત હોય તેવું લાગી રહ્યું છે.

### નુકશાનીનો સર્વે...

અહેવાલ આવ્યા બાદ તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. અત્યાર સુધી દ. ગુજરાતમાં સૌથી વધુ ૮૦.૫૧ ટકા, કચ્છમાં ૮૨.૯૧ટકા, સૌરાષ્ટ્રમાં ૭૮.૫૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૯.૩૫ ટકા અને સૌથી ઓછો પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૭૫.૫૬ ટકા વરસાદ થયો છે.

ભારે વરસાદ અને રસ્તા ખરાબ થઈ જવાના કારણે કચ્છ, સુરત, વડોદરા અને પોરબંદર જિલ્લામાં કુલ પાંચ સ્ટેટ હાઈવે બંધ કરવાની ફરજ પડી છે. તો છોટા ઉદેપુર અને ભાવનગર જિલ્લામાં એક-એક નેશનલ હાઈવે, વિવિધ જિલ્લામાં પંચાયતના ૨૧૧ રસ્તા અને અન્ય ૧૦ રસ્તા મળીને કુલ ૨૨૮ માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરાયા છે. ચોમાસા દરમિયાન જુનથી અત્યાર સુધીમાં વરસાદને પગલે વહીવટી તંત્ર દ્વારા ૫૨૦૫ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, તેમજ ૯૦૦ નાગરિકોનું રેસ્કયૂ કરાયું છે.

### મેઘ મહેર...

ધનસુરામાં ૩૫ મીમી, નેત્રાંગમાં ૩૫ મીમી, માતરમાં ૩૫ મીમી, વડોદરામાં ૩૫ મીમી, ખેરાલુમાં ૩૫ મીમી, મુંદ્રામાં ૩૪ મીમી અને સાગબારામાં ૩૩ મીમી સુધી વરસાદ પડયો હતો.

આ ઉપરાંત ૨૫ તાલુકાઓમાં એક ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો. આજે સવારથી રાજયના અનેક તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ, જુનાગઢ, મોરબી, અમરેલી, કચ્છ, પોરબંદ અને રાજકોટ જીલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે.

આજ સુધીમાં રાજયમાં ચોમાસાની સિઝનનો ૭૯.૦૬ ટકા વરસાદ વરસી ચૂકયો છે. કચ્છ રિજીયનમાં સૌથી વધુ ૮૨.૯૧ ટકા વરસાદ પડયો છે. જયારે ઉત્તર ગુજરાતમાં ૭૯.૩૩ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૭૫.૫૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૮.૫૭ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૮૧.૬૮ ટકા વરસાદ પડયો છે. આગામી બુધવાર સુધી રાજયભરમાં સતત વરસાદી વાતાવરણ યથાવત રહેશે.

રાજયના ૩૭ તાલુકાઓમાં ૪૦ ઈંચથી વધુ વરસાદ પડી ચૂકયો છે. જયારે ૧૩૦ તાલુકાઓમાં ૨૦ થી ૪૦ ઈંચ સુધી ૭૮ તાલુકાઓમાં ૧૦ થી ૨૦ ઈંચ સુધી જયારે ૬ તાલુકામાં પાંચથી ૧૦ ઈંચ સુધી વરસાદ પડયો છે.જળાશયોમાં પણ માતબર પાણીની આવક થઈ રહી છે.

### ન્યારી ડેમ...


રહેવા તાકિદ કરાય છે. આજી ૧ ડેમ ઓવર ફલો થવામાં હવે દોઢ ફૂટ જ બાકી છે. ૨૯ ફૂટની ઉંડાઈ ધરાવતો આજી ડેમ ૨૭.૫૦ ફૂટ ભરાય ગયો છે. ડેમમાં ૮૨૩ એમસીએફટી પાણી સંગ્રહિત છે.

આ ઉપરાંત ભાદર ડેમમાં ૦.૧૬ ફૂટ, ફોફળ ડેમમાં ૦.૨૦ ફૂટ, આજી-૨ ડેમમાં ૦.૦૩ ફૂટ, સોડવદરમાં ૦.૬૬ ફૂટ, સુરવોમાં ૦.૪૯ ફૂટ, વેરીડેમમાં ૦.૬૯ ફૂટ, ન્યારી-૧ ડેમમા ૦.૩૩ ફૂટ, ફાડદંગબેટીમાં ૦.૪૯ ફૂટ, ઈશ્વરિયામાં ૦.૩૩ ફૂટ પાણીની આવક થવા પામી છે. મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૨૦ ફૂટ, મચ્છુ-૨ ડેમમાં ૦.૨૦ ફૂટ, અને ડેમી-૧માં ૦.૩૬ ફૂટ પાણીની આવક થવા પામી છે.

જામનગર જિલ્લાનાં આજી-૪ ડેમમાં ૧.૧૨ ફૂટ અને રંગમતી ૦.૩૯ ફૂટ પાણીની આવક થવા પામી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં ઘી ડેમમાં ૦.૫૬ ફૂટ, વર્તુ-૧ ડેમમાં ૦.૬૬ ફૂટ, ગઢકીમાં ૦.૩૩ ફૂટ, વર્તુ-૨ ડેમમાં ૦.૩૩ ફૂટ, શેઢા ભાડથરીમાં ૦.૬૬ ફૂટ, કાબરકામાં ૦.૬૬ ફૂટ અને વેરાડીમાં ૦.૬૨ ફૂટ પાણીની આવક થવા પામી છે.

# દુઃખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** દાઉદી વ્હોરા શેખ અબ્બાસભાઈ મુલા અકબરઅલી ભારમલ (ઉ.વ.૭૦) (રંગવાળા) તે રશીદાબેનના પતિ, હમઝાભાઈ, અરવાબેન હુસેનભાઈ માકડા, ઝૈનબબેન હમઝાભાઈ માસ્ટર (બરોડા) ના પિતા, તે મ. મોહસીનભાઈ, મ. મોઈઝભાઈ, મ. સૈફુદીનભાઈ, મુલલા નજમુદીનભાઈ, નફીસાબેન, રશીદાબેનના ભાઈનું તા. ૨૨ ને શુક્રવારના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે. મર્હુમના સયુમના સિપારા તા. ૨૩ ને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે બદરી હોલ, એકજાન સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** (મુળ સામપરવાળા) ગુણવંતરાય અમરશીભાઈ પાલા તે ઈન્દુભાઈ, મનહરભાઈના ભાઈ, તેજસના પિતાનું તા. ૧૮ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૨ ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન રાણીંગાવાડી, મીલપરા, કાન્તા સ્ત્રી વિકાસ ગૃહની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. ભાનુબેન જગદીશભાઈ સીનરોજા (ઉ.વ.૭૯) તે જગદીશભાઈના પત્ની, સંજયભાઈના માતા, તન્વીબેનના સાસુ, જાન્વી- હેન્સીનાં દાદીનું તા. ૨૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૫ ને સોમવારે સાંજે ૪ થી ૫.૩૦ દરમિયાન વિશ્વકર્મા કેળવણી મંડળ, ૭/૧૦ ભકિતનગર સ્ટેશન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગજાનન જોધપુર ચાઈનીઝ-પંજાબી, ક્રિષ્ના ચાઈનીઝ અને ચટકાઝમાંથી વાસી ખોરાક પકડાયો

## અખાદ્ય લોટ, પનીર, ટમેટો સોસ તથા વાસી અખાદ્ય મંચુરિયન- પ્રિપેર્ડ ખાદ્યચીજો, દાઝીયુ તેલ સહિત ૩૧ કિલોનો નાશ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા સંલગ્ન આરોગ્ય શાખા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સંત કબીર રોડ પર જલગંગા ચોકમાં ''ગજાનંદ જોધપુર ચાઈનીઝ એન્ડ પંજાબી'' પેઢીની તપાસ કરતા સ્થળ પર બિન આરોગ્યપ્રદ સ્થિતિમાં સંગ્રહ કરેલ વાસી અખાદ્ય લોટ, પનીર, ટમેટો સોસ તથા વાસી અખાદ્ય મંચુરિયન- પ્રિપેર્ડ ખાદ્યચીજો મળીને ૧૫ કિ.ગ્રા. જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી.આ ઉપરાંત

લાખના બંગલોવાળો રોડ પર નકળંક ચોકમાં ''ક્રિષ્ના ચાઈનીઝ પંજાબી'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી અખાદ્ય મંચુરિયન- પ્રિપેર્ડ ખાદ્યચીજ ૧૦ કિ.ગ્રા. જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી.

કાલાવડ રોડ પર આત્મીય કોલેજની સામે, ''ચટકાઝ શ્રી નાથજી ફાસ્ટ ફૂડ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી બ્રેડ તથા વાસી અખાદ્ય દાઝીયું તેલ મળીને ૬ કિ.ગ્રા. જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી.

જયારે સંત કબીર રોડ વિસ્તારમાં આવેલ ખાધ્ય ચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી.. ખાધ્ય ચીજોના ૧૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાય હતુ.શ્રી નાથજી મેંદુવડા જય ગાત્રાળ પૌવા અને ગજાનંદ ચાઈનીઝ પંજાબી -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.

મહાકાળી ગાંઠિયા, જય શક્તિમાં દાળપકવાન, શ્રી ખોડિયાર છોલે ભટુરે, ઉમા મદ્રાસ કાફે, નીર કોલ્ડ્રિંક્સ, શિવશંકર દાળપકવાન, ભગત દાળપકવાન, જયમાં ચામુંડા દાળપકવાન, જગદીશ ગાંઠિયા, શ્યામ ડેરી ફાર્મ, ઠાકર પૂરી શાક, ગજાનંદ જોધપુર સ્વીટ, દિલ્લીવાલે છોલે ભટુરે, ગણેશ ડેરી ફાર્મ, ભગીરથ ફરસાણ અને કિશન ફરસાણની ચકાસણી કરવામાં આવી હતી.



સૌરાષ્ટ્રને હાઈકોર્ટ બેંચ મળે તે માટે

# રાજકોટના સાંસદો અને ધારાસભ્યો દ્વારા તમામ મદદની ખાતરી

## ભાજપ લીગલ સેલ દ્વારા શહેર ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી બેઠકમાં સાંસદ, ધારાસભ્ય અને સિનિયર વકીલો રહ્યા ઉપસ્થિતિ



### રાજકોટમાં હાઈકોર્ટની બેન્ચ અપેક્ષિત અને આવશ્યક છે: સાંસદ રૂપાલા

સાંસદ પરસોતમ રૂપાલાએ રાજકોટમાં ગુજરાત હાઈકોર્ટની બેંચ સ્થાપિત કરવાની માંગણીને સમર્થન આપ્યું છે. તેમણે જણાવ્યું કે રાજકોટના હાઈકોર્ટ લીગલ સેલ અને અન્ય વિવિધ એસોસિએશનો દ્વારા રજૂ કરવામાં આવેલા આવેદનોને ધ્યાનમાં લઈને તેઓ આ મામલે રાજ્ય સરકારને રજૂઆત કરશે, રાજકોટ, જે સૌરાષ્ટ્રનું પાટનગર છે અને વિકાસની ગતિએ આગળ વધી રહ્યું છે, તેના માટે હાઈકોર્ટની બેંચની સ્થાપના અપેક્ષિત અને આવશ્યક છે.

### સ્થાનિક સ્તરે હાઈકોર્ટની બેંચ મળે તો કેસોનો ઝડપી નિકાલ આવે: ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ

રાજકોટમાં હાઈકોર્ટની બેંચની સ્થાપનાની વર્ષો જૂની માંગને લઈને આજે ભાજપ કાર્યાલય ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી ધારાસભ્ય ડો .દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે,.આ બેઠકમાં લીગલ સેલના સભ્યો, પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો અને સંગઠનના પ્રમુખ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.હાઈકોર્ટ બેંચ રાજકોટમાં સ્થપાવાથી લોકોને અમદાવાદ સુધી લાંબુ અંતર કાપવું નહીં પડે, જેનાથી સમય અને ખર્ચની બચત થશે. સ્થાનિક સ્તરે બેંચ મળવાથી કેસોનો નિકાલ ઝડપથી થશે અને ન્યાયિક પ્રક્રિયામાં લાગતો સમય ઘટશે.

### હાઈકોર્ટની બેંચ આપવાની લાંબા સમયથી ચાલી આવતી માંગણીને ટેકો આપતા ધારાસભ્ય રમેશ ટીલાળા

ધારાસભ્ય રમેશ ટીલાળાએ રાજકોટમાં હાઈકોર્ટની બેંચ સ્થાપિત કરવાની લાંબા સમયથી ચાલી આવતી માંગણીને ટેકો આપ્યો છે. તેમણે કહ્યું કે રાજકોટ, જે સૌરાષ્ટ્રનું પાટનગર છે, તે છેલ્લા ૪૦ વર્ષથી આ માંગણી કરી રહ્યું છે.આ માંગણીને સફળ બનાવવા માટે, તેમણે વિગતવાર અભ્યાસ કરવાનો અને અહેવાલ તૈયાર કરવાનો સંકલ્પ કર્યો છે. આ અભિયાનમાં વકીલ મંડળો, વેપારી સંગઠનો અને નાગરિકોને જોડવામાં આવશે જેથી જનમત મજબૂત બનાવી શકાય અને રાજકોટમાં હાઈકોર્ટની બેંચની સ્થાપના માટે સતત પ્રયત્નો કરી શકાય.

### રાજકોટમાં હાઈકોર્ટ બેંચ: ૧૯૮૩થી પડતર માંગણી હવે પૂરી કરવા પ્રયાસો તેજ: સિનિયર એડવોકેટ અનિલ દેસાઈ

રાજકોટમાં ગુજરાત હાઈકોર્ટની બેંચ સ્થાપવાની માંગણી ૧૯૮૩થી ચાલી રહી છે. આ માંગણીને ફરી વેગ આપવા માટે આજે ભારતીય જનતા પાર્ટી કાર્યાલય ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી.સિનિયર એડવોકેટ અનિલ દેસાઈએ જણાવ્યું કે, આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય સૌરાષ્ટ્રના લોકોને ઝડપી અને સરળ ન્યાય મળે તે સુનિશ્ચિત કરવાનો હતો., સૌરાષ્ટ્રના લોકોને હાઈકોર્ટના કામ માટે અમદાવાદ સુધી લાંબુ અંતર કાપવું પડે છે, જેના કારણે સમય અને પૈસાનો વ્યય થાય છે. સૌરાષ્ટ્રના ૩૫% થી વધુ કેસ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. જો બેંચ રાજકોટમાં સ્થાપિત થાય તો આ કેસોનો નિકાલ ઝડપથી થઈ શકે છે.

**અબતક, રાજકોટ**

રાજકોટની હાઈકોર્ટની બેંચ મળે તે માટે હવે સૌરાષ્ટ્રભરના વકીલો અને જુદી-જુદી સંસ્થાઓ દ્વારા કાનૂની જંગના મંડાણ મડ્યા છે. દિવસેને દિવસે આ લડતને વધુ મજબૂત, બનાવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે હાઈકોર્ટ બેંચ માટે આજે રાજકોટ શહેર ભાજપ લીગલ સેલ દ્વારા હાઈકોર્ટની બેન્ચની માંગણી સંદર્ભે ભાજપ કાર્યાલય ખાતે રાજકોટના સાંસદો, ધારાસભ્યો અને વકીલોની અલગ અલગ સંસ્થાઓ સાથે જોડાયેલા વકીલ પ્રતિનિધિઓની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતુ . જેમાં ઉપસ્થિત સાંસદો અને ધારાસભ્યો દ્વારા હાઈકોર્ટ બેંચ માટે જે કાંઈ કરવાનું થાય તેમાં તે મદદની ખાતરી આપી છે.

સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટને હાઈકોર્ટની બેંચ અપાવવા છેલ્લાં ઘણા સમયથી વકીલો દ્વારા લડત આપવામાં આવી રહી છે તેમ છતાં સફળતા ન મળી હોય તેમ અત્યાર સુધીમાં હાઈકોર્ટની બેંચ મળી નથી ત્યારે વકીલોએ હાઈકોર્ટની બેંચ માટે લડત શરૂ કરી છે. જેના ભાગરૂપે રાજકોટના વકીલો દ્વારા કોર્ટ કમ્પાઉન્ડમાં ૧૧૧ શ્રીફળ વધેરી રાજકોટમાં હાઈકોર્ટની બેંચ લાવવા કાનૂની લડતના મંડાણ માંડ્યા હતા. એટલું જ નહીં પરંતુ રાજકોટ બાર એસોસિએશન દ્વારા સૌરાષ્ટ્ર કચ્છના વકીલ મંડળો અને જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને રાજકીય આગેવાનોને સાથે લઈને હાઈકોર્ટની બેંચ માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત અંગે આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આજે રાજકોટ શહેર ભાજપ લીગલ સેલ દ્વારા શીતલ પાર્ક ખાતે આવેલ ભાજપ કાર્યાલય ખાતે બપોરે ૧૧.૩૦ કલાકે રાજકોટ હાઈકોર્ટ બેન્ચ એક્શન કમિટીના વકીલો, અલગ અલગ વકીલ સંસ્થાઓ સાથે જોડાયેલા વકીલો, રાજકોટના સાંસદ સભ્યો, ધારાસભ્યો અને પ્રજા પ્રતિનિધિઓની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતુ આ મીટીંગમા સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા રામભાઈ મોકરીયા ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, દશિતાબેન શાહ શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, શહેર ભાજપ મહામંત્રી વીરેન્દ્રસિંહ ઝાલા, સિનિયર એડવોકેટ અનિલ દેસાઈ, લલિતસિંહ શાહી, તુલસીદાસ ગોંડલીયા, કિશોરભાઈ સખીયા એલજી રામાણી એમ જે પટેલ, અર્જુન પટેલ, ભાજપ લીગલ સેલના કન્વીનર પિયુષ શાહ, કમલેશ શાહ, સુરેશ ફળદુ, રૂપરાજસિંહ પરમાર, પૂર્વ સાંસદ રામજીભાઈ માવાણી, રમાબેન માવાણી, દિલેશ શાહ મેહુલ મહેતા અને રાજભા ઝાલા સહિતના સિનિયર જુનિયર સહિત મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા અને આગામી હાઈકોર્ટની બેંચ માટે રણનીતિ ઘડવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત સાંસદો અને ધારાસભ્ય દ્વારા હાઈકોર્ટની બેંચ માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરીશું અને જરૂર પડશે તો કેન્દ્ર સરકાર ને પણ રજૂઆત કરવામાં આવશે અને હાઈકોર્ટની બેંચ લઈને જ ઝંપીશું તેઓ એક થી સુરે અવાજ ઉઠાવ્યો હતો

રાજકોટમાં હાઈકોર્ટ બેંચ માટે

# સૌરાષ્ટ્ર-કચ્છની તમામ બાર એસો.ના ૮૦થી વધુ હોદેદારોની કાલે મહત્વની બેઠક

## તમામ વકીલોને જોડીને લડત માટે એલાન, બાર એસોસીએશનના હોદેદારોની મિટિંગમાં કમિટીના ૨૫ થી વધુ સિનિયર ધારાશાસ્ત્રીઓ હાજર રહ્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ બાર એસોસીએશનના હોદેદારો અને સીનીયર ધારાશાસ્ત્રીઓની હાઈકોર્ટ બેંચ માટે કોન્ફરન્સ હોલમાં બેઠક મળી હતી. જેમાં હાઈકોર્ટ બેંચનો મુદ્દો સૌરાષ્ટ્ર લેવલનો હોય, ફક્ત રાજકોટનો નહીં, સૌરાષ્ટ્ર-કચ્છના તમામ વકીલોને જોડી અને હાઈકોર્ટ બેંચ માટે લડતનું એલાન કર્યું હતું.બાર એસોસીએશનના હોદેદારોએ મીંટીંગમાં હાજર રહી સિનીયરોની એક કમિટીના ૨૫ થી વધુ સિનીયર ધારાશાસ્ત્રીઓ હાજર રહેલા અને આ મીંટીંગમાં કોઈપણ સંજોગોમાં રાજકોટને હાઈકોર્ટ બેંચ મળે તે માટે આંદોલનનું રણશિંગુ ફુંકી દીધું હતુ. રાજકોટના વકિલો લડતના માર્ગે નીકળી અને આગામી દીવસોમાં લડત માટેની કાર્યવાહી માટે વિચાર વિમર્સ કરેલ હતા.

આ મીંટીંગ રાજકોટ બાર તથા સિનીયરો દ્વારા રાજકોટ આત્મીય કોલેજ, કાલાવડ રોડ ખાતે સૌરાષ્ટ-કચ્છની તમામ બાર એસોસીયેશન તાલુકા અને જીલ્લાના કુલ મળી ૮૦ થી વધુ પ્રમુખ, મહામંત્રીને રાજકોટમાં હાઈકોર્ટ બેંચે મળે તે માટે તમામ બારના મંતવ્યો, વિચાર વિમર્સ અને આગામી દીવસોમાં કેવા પ્રકારની લડત માટેના અને હડતાલ માટેના કાર્યક્રમ આપવા તે સંબંધે આવતી કાલે સવારે ૧૦:૩૦ કલાકે એક્સન કમીટીનું આયોજન કરવામાં આવેલું છે અને આ મીટીંગમાં હાઈકોર્ટ બેંચ મેળવવા માટે આગામી લડત માટેની તૈયારીઓ સંબંધેની માર્ગદર્શીકા નકિક થાશે તેમ આજની મીટીંગમાં સૌની અનુમતી નકિક થયેલ હતી.આ વર્ષ વકીલો હાઈકોર્ટ બેંચ માટે એકજુથ થઈ અને લડત મુડમાં હોય તેમ લાગી રહેલુ છે અને રાજકોટ બેંચ મળે તે માટે ઉજળા સંજોગો હોય, રાજકોટને હાઈકોર્ટ બેંચ મળે તે માટે તમામ પ્રયત્નો કરવા એ એકસન કમીટીની તમામ બાર એસોસીયેશન મળી રચના થશે અને આગામી કાર્યક્રમોમાં આ એકસન કમીટી નકિક કરે તે મુજબના કાર્યક્રમ કરવામાં આવશે તેમ પ્રમુખ પરેશભાઈ મારૂએ જણાવેલ છે.

# જૂનાગઢ: દામોદર કુંડ, વિલિંગડન ડેમ, અને જટાશંકરમાં ભારે વરસાદને કારણે પ્રવેશ પ્રતિબંધ

## પરિસ્થિતિ સામાન્ય ન થાય પાણીનું સ્તર ઘટે નહીં ત્યાં સુધી તંત્ર દ્વારા વિસ્તારોમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો



**અબતક,રાજકોટ**

જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદને કારણે, યાત્રાળુઓ અને નાગરિકોની સલામતી માટે દામોદર કુંડ, વિલિંગડન ડેમ અને જટાશંકર મહાદેવ મંદિર વિસ્તારમાં પ્રવેશ અટકાવવામાં આવ્યો છે.હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહીને પગલે, જૂનાગઢ શહેર અને ઉપરવાસમાં વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે. આને લીધે ભવનાથમાં આવેલા દામોદર કુંડમાં પાણીનું સ્તર અસામાન્ય રીતે વધી ગયું છે.પરિસ્થિતિ સામાન્ય ન થાય અને પાણીનું સ્તર ઘટે નહીં ત્યાં સુધી વહીવટી તંત્ર દ્વારા આ વિસ્તારોમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જિલ્લા કલેકટરની સૂચના મુજબ, આ પ્રતિબંધ જનહિતમાં જારી કરવામાં આવ્યો છે અને તેનું પાલન કરવા માટે સૌને અપીલ કરવામાં આવી છે.

# વન નેશન, વન રેશન હેઠળ ૧૦,૬૦૩ લાભાર્થીઓ નોંધાયા: પુરવઠા અધિકારી અજય ઝાપડા

## રાજકોટ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા નાગરિક પુરવઠા અને સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી.જેમાં પુરવઠા અધિકારી અજય ઝાપડાએ જણાવ્યું હતું કે, જુલાઈ માસમાં રાશનકાર્ડના લાભાર્થીઓને ૩૫૨૧.૫૫ મેટ્રિક ટન ઘઉં, ૨૩૮૭.૯૦૭ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે ૧૬૭.૭૬૩ મે.ટન તુવેરદાળ, ૧૬૯.૩૦૩ મે.ટન ચણા, ૯૨૭.૪૩ મે.ટન ખાંડ, તેમજ ૧૩૭.૯૯૯ મે.ટન મીઠું વિતરણ કરાયું છે. જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ ૩,૨૦,૬૨૨ રાશનકાર્ડ નોંધાયેલા છે. જેમાં ૧૩,૧૧,૯૧૦ જનસંખ્યાનો સમાવેશ થાય છે. જુલાઈ-૨૦૨૫ સુધીમાં જિલ્લામાં વન નેશન, વન રેશન હેઠળ ૧૦,૬૦૩ લાભાર્થીઓ નોંધાયા છે.

# ચીઝ,બટર, શુધ્ધ ઘી,અને આઈસક્રીમના નમૂના ફેઈલ: વેપારીને રૂ.૧.૭૦ લાખનો દંડ

## ચીઝમાં ટેસ્ટ ફોર ફોરેન ટેસ્ટ અને તલના તેલની ભેળસેળ, બટરમાં મિલ્ક ફેટ ઓછા,શુધ્ધ ઘીમાં વેજિટેબલ ફેટ, તલ તેલઅને હળદરની ભેળસેળ ખુલી: જયારે આઈસક્રીમમાં ધારા ધોરણ કરતા ઓછા ફેટ મળી આવ્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલા ખાધ્ય સામગ્રીના ૫ નમૂના ફેઈલ (સબસ્ટાન્ડર્ડ) જતા રૂ.૧.૭૦ લાખનો દંડના ફટકારવામાં આવ્યો છે.

ફૂડ વિભાગ દ્વારા '', બ્લોક નં.૧૮૮, પૃથ્વી એસ્ટેટ, ૨-ચંદ્રપાર્ક, બિગબજારની બાજુમાં, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નેપલ્સ ફુડ્સ માંથીરાજકોટ મુકામેથી જેલાપેનો ચીઝ લુઝનો નમુનો લેવામાં આવ્યોહતો.જેમાં પુથ્થકરણ રિપોર્ટમાં ટેસ્ટ ફોર ફોરેન ફેટ ધારા ધોરણ કરતાં વધુ તથા તીલ ઓઈલની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયો હતો.. નમૂનો આપનાર પેઢીના પાર્ટનર તથા નોમિની અજય દિલીપભાઈ બેરા તથા ભાગીદારી પેઢી -નેપલ્સ ફૂડઝને કુલ રૂ. ૭૦,૦૦૦ નો દંડનો હુકમ કરવામાં આવ્યો છે.

ટાગોર રોડ પર વિરાણી સ્કૂલ ગ્રાઉન્ડમાં ''ધ સેન્ડવીચ અડ્ડા(ફૂડ ટ્રક)'' માંથી લુઝ બટરનો નમુનો લેવામાં આવ્યો હતો. જેમાં પુથ્થકરણ રિપોર્ટમાં મોયશ્ચર, મિલ્ક સોલીડ નોટ ફેટની માત્રા ધારાધોરણ કરતાં વધુ તથા મિલ્ક ફેટની માત્રા ધારાધોરણ કરતાં ઓછી તેમજ તલ તેલની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયો હતો. નમૂનો આપનાર તથા માલિક- કિશનભાઈ અનિલભાઈ જસાણીને રૂ. ૩૫,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

રણછોડનગર ૫ કોર્નર પર ''મહેશ કુંજ''માંથી શુદ્ધ ઘી (લુઝ)''નો નમુનો લેવામાં આવ્યો હતો. પુથ્થકરણ રિપોર્ટમાં પોલીંસકે વેલ્યુ, સાપોનિદીકેશન વેલ્યુ, રિચેટ મિશેલ વેલ્યુ ની માત્રા ધારાધોરણ કરતાં ઓછી તથા આયોડિન વેલ્યુન ધારા ધોરણ કરતાં વધુ તેમજ ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ), તીલ ઓઈલ અને હળદરની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયો છે. નમૂનો આપનાર તથા માલિક -અનંતભાઈ મૂળજીભાઈ લૂણાગરિયાને રૂ. ૨૫,૦૦૦નો દંડનો હુકમ કરવામાં આવ્યો છે.

''અંકુરનગર મેઈન રોડ પર''ક્રિષ્ના ડેરી ફાર્મ''માંથી ''શુધ્ધ ઘી (લુઝ)''નો નમુનો લેવામાં આવેલ. જેન પુથ્થકરણ રિપોર્ટમાં આયોડીન વેલ્યુ ધારાધોરણ કરતાં વધુ અને રિચાર્ટ મિસેલ વેલ્યુની માત્રા ધારાધોરણ કરતાં ઓછી તેમજ ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) અને હળદરની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર કરાયો છે.નમૂનો આપનાર તથા પેઢીના માલિક- મહેશભાઈ વલ્લભભાઈ લાડાણીને રૂ.૨૫,૦૦૦ નો દંડનો હુકમ કરવામાં આવ્યો છે.

મહાદેવ વાડી મેઈન રોડ પર ડીલાઈટ આઈસ્ક્રીમમાંથી ''પાન મસાલા ફ્લેવર્ડ આઈસ્ક્રીમ (લુઝ)''નો નમુનો લેવામાં આવ્યો હતો.જેના પુથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટનું પ્રમાણ ધારા ધોરણ કરતાં ઓછું મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયો હતો.. નમૂનો આપનાર તથા પેઢીના સંચાલક- જય રાજેશભાઈ પીપળીયા તથા ઉત્પાદક પેઢીના માલિક- પૂર્વીતા હિરેનભાઈ પીપળીયાને કુલ રૂ. ૧૫,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

# જન્માષ્ટમી મહોત્સવને ચાર ચાંદ લગાવનાર સુશોભન સ્પર્ધાના વિજેતાઓને ઈનામોનો શિરપાવ

## વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા યુવાનોના ઉત્સાહને બીરદાવી ફલોટ-લત્તા સુશોભન વાહન શણગારનારોની કરાઈ કદર







**અબતક, રાજકોટ**

મહેનતની કદર સૌથી મોટો શિરપાલ ગણાય છે. રાજકોટમાં જન્માષ્ટ્રમી મહોત્સવને ચાર ચાંદ લગાવનાર ફલોટ લત્તા શણગાર વાહન શણગાર ની સ્પર્ધામાં વિજેતાઓનો ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવની શોભાયાત્રા દરમિયાન ફ્લોટ્સ અને લતા સુશોભનના અનોખા નજારાથી સમગ્ર શહેર ભક્તિમય બની ગયું હતું. માર્ગોમાં ઝગમગતી લાઈટિંગ અને સુશોભિત ઝાંખીઓએ ભક્તોને આધ્યાત્મિકતા સાથે સંસ્કૃતિનો અદભૂત અનુભવ કરાવ્યો હતો તેમ વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રીશ્રી પરેશભાઈ રૂપારેલીયા એ જણાવતા કહ્યું કે શોભાયાત્રામાં પ્રસ્તુત થયેલા ફ્લોટ્સમાં ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલા, ગોપીઓ સાથેનો રાસલીલા, માખનચોરી, ઓપરેશન સિંદૂર વગેરે સહિતનાં જીવંત પ્રસંગો રજૂ થયા હતા. આ ઝાંખીઓ નિહાળતા ભક્તોને એવો આભાસ થયો કે જાણે કૃષ્ણલીલા તેમની આંખો સામે જીવંત બની રહી હોય.

તે જ રીતે, માર્ગોમાં લતા સુશોભન દ્વારા કરવામાં આવેલ રંગબેરંગી લાઈટિંગથી સમગ્ર નગર દિવ્ય ઉજાસમાં ઝળહળી ઉઠ્યું હતું. કૃષ્ણજીના જીવનપ્રસંગોને અનુલક્ષીને બનાવવામાં આવેલા આકર્ષક ડિઝાઈન તથા લાઈટિંગ ડેકોરેશન ભકતોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

જન્માષ્ટમીના આ પાવન અવસરે લતા સુશોભન અને ફ્લોટ્સ સુશોભન વિજેતા સંસ્થાઓમાં

લતા સુશોભનના વિજેતાઓની યાદી

પ્રથમ શક્તિયુવા ગ્રુપ....શક્તિ સોસાયટી, બાલકૃષ્ણ મિત્ર મંડળ.. મયુર નગર અને રાધેશ્યામ યુવા ગ્રુપ..ભગવતી પરા

દ્વિતીય કનૈયા ગ્રુપ.. ઈન્દિરા સર્કલ, નકલંક યુવા.. ભોમેશ્વર અને મુરલીવાળા યુવા ગ્રુપ.. હનુમાન મઢી

ત્રિતીય રોકડીયા મિત્ર મંડળ ગોકુલધામ, દ્વારકાધીશ હોટલ ગ્રુપ..સવાણી હોસ્પિટલ પાસે અને જાગૃત હનુમાન ગ્રુપ.રાજારામ

પ્રોત્સાહન કનૈયા ગ્રુપ ગંજીવાડ, જય મચ્છોમા ગ્રુપ રણુજા,, શ્રી કૃષ્ણ મિત્ર મંડળ આરાધના સોસાયટી, રામનાથ યુવા.. ચુનરવાડ, ખોડિયાર ગરબી મંડળ ગંજીવડ, કનૈયા ગ્રુપ.. બેડીપરા, દ્વારકેશ યુવા ગ્રુપ ગોકુલ નગર, જય દ્વારકાધીશ યુવા ગ્રુપ..આરટીઓ પાસે, મચ્છો મા યુવા ગ્રુપ ૧૫૦ રિંગ રોડ, રામનાથ યુવા ૧૫૦ રિંગ રોડ, એકતા યુવા...નાણાવટી ચોક, અયોધ્યા ચોક મિત્ર મંડળ.. અયોધ્યા ચોક, ક્રિષ્ન ગ્રુપ અક્ષર માર્ગ, સનાતન યુવા ગ્રુપ.. રણછોડદાસ આશ્રમ, મેરે કાના.. જાકાશન, બંસીધર યુવા ગ્રુપ..અંકુરનગર અને જયદીપ જેતાની.. નવા થોરાડા

**ફલોટ સ્પર્ધાના વિજેતાઓની યાદી**

ટ્રક બજરંગ યુવક મંડળ, સરસ્વતી શિશુ મંદિર, સાર્થક યુવા ગ્રુપ

પ્રોત્સાહન શિવદવંશ રાવળદેવ સમજ, સીતારામ મિત્ર મંડળ, રોકડીયા મિત્ર મંડળ, સત્ય હનુમાન મંડળ અને રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ

ટ્રેક્ટર બજરંગ યુવક મંડળ, રંગીલા ધૂન મંડળ, સમર્પણ યંગ ગ્રુપ અને જય વેલનાથ આજીડેમ

પ્રોત્સાહન રાજપૂત યુવા ફાઉન્ડેશન અને ગાયત્રી પરિવાર

ફોર વ્હિલ ક્રિષ્ના યુવા ગ્રુપ, બ્રાહ્મકુમારી ઈશ્વરીય વિદ્યાલય અને શ્યામ મહાદેવ

પ્રોત્સાહન જિયાંશ પાર્થ ડોબરીયા, રાધેશ્યામ ગૌ શાળા અને બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ

થ્રી વ્હીલ દ્વારકાધીશ ગ્રુપ અને મામાં સરકાર ગ્રુપ

ટુ વ્હીલ રંગીલા હનુમાન, સમર્પણ યંગ ગ્રુપ અને વિશ્વકર્મા ધૂન મંડળ

પ્રોત્સાહન રાજેશભાઈ ખેંસીયા, રવિ દિવ્યેશ મેઘાણી અને રોનક ભાઈ પરમારને ઈનામો અપાયા હતા.

જન્માષ્ટમી મહોત્સવની આ ભવ્ય શોભાયાત્રા તથા લતા સુશોભનમા સ્પર્ધાઓ દ્વારા માત્ર સાંસ્કૃતિક પરંપરાનું જતન જ નહીં પરંતુ યુવાનોમાં ભકિતભાવ, સર્જનાત્મકતા તથા સામાજિક એકતાનો સંદેશ પ્રસર્યો હોવાનું અને શહેરજનો માટે અવિસ્મરણીય બની રહે છે તેમ અંતમાં જણાવ્યું હતું.

---

# રૂ.૨૨ લાખનો વીમા પકવવાના પ્રયાસમાં સાગર પાનસુરીયાના આગોતરા જામીન રદ

## ખાનગી હોસ્પિટલના લેટર પેડ ઉપર પૂર્વ તબીબના નામે મેડિકલ સર્ટિફિકેટમાં અનઅધિકૃત સહી સિક્કાઓ કરી કૌભાંડ કર્યું હતું

**અબતક રાજકોટ**

ખાનગી હોસ્પિટલના લેટર પેડ ઉપર પૂર્વ તબીબના નામે મેડિકલ સર્ટિફિકેટમાં અન અધિકૃત સહી સિક્કાઓ કરી રૂપિયા ૨૨ લાખથી વધુ રકમના વીમા પકવવાના કૌભાંડમાં સંડોવાયેલા સાગર પાનસુરીયા નામના અક્ષની આગોતરા જામીન અરજી રદ કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટના ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટર અંકિત કાથરાણી, ખાનગી હોસ્પિટલ કર્મચારી સાગર પાનસુરીયા, હિમાંશુ ગોપાલભાઈ અને હિતેશ રવૈયા વગેરેએ મળીને રાધે હોસ્પિટલના લેટર પેડ ઉપર અને હોસ્પિટલના અગાઉના તબીબના નામના ખોટા સહી સિક્કાઓ વાળા મેડિકલ સર્ટિફિકેટ બનાવી એચડીએફસી ફરગો ઈન્સ્યોરન્સ કંપનીમાંથી રૂપિયા ૨૨ લાખથી વધુ રકમના વીમા પકવવાના કૌભાંડ મામલે તા. ૨૫/ ૬/ ૨૦૨૫ના રોજ કંપની દ્વારા ફરિયાદ નોંધાવાઈ હતી. તેમાં પોલીસે તપાસ ચલાવીને અગાઉ ડોક્ટર અંકિત કાથરાણી હિમાંશુ ગોપાલભાઈ અને હિતેશ રવૈયાની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી બાદ કોર્ટની સુચનાથી જેલ હવાલે કર્યા હતા. દરમિયાન ચોથો આરોપી સાગર રાજેશ પાનસુરીયા નાસતો ફરતો હોય, તેણે પોલીસ દ્વારા ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી હતી.

જે જામીન અરજી ચાલવા ઉપર આવતા સરકાર વતી હાજર થયેલા સરકારી વકીલ પરાગ શાહે આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા અદાલતને જણાવ્યું હતું કે આ કૌભાંડના ખાનગી હોસ્પિટલના મુખ્ય લેટરપેડ તેમજ પૂર્વ ડોકટરના નામવાળા સિક્કા તેમજ બોગસ સહી વગેરેમાં આરોપી સાગર પાનસુરીયાની સીધી સંડોવણી હોય, તેની સામે પ્રાઈમા ફેસી કેસ છે, તેના વિના કેસની તપાસ અધુરી ગણાય, આ આરોપી ભાગતા ફરતા હોય તેની આગોતરા અરજી નામંજૂર થવી જોઈએ. જે રજૂઆતો ધ્યાને લઈ એડિશનલ સેશન્સ જજે આરોપી સાગર પાનસુરીયા ની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી. આ કામમાં સરકાર પક્ષે એપીપી પરાગ એન શાહ રોકાયા હતા.

---

# હોટેલ સયાજી ખાતે ગોદરેજ એપ્લાયન્સીસનું ભવ્ય પ્રદર્શન

## સ્માર્ટ હોમ એપ્લાયન્સીસ, એર કન્ડીશનર્સ, કિચન પ્રોડકટ્સથી માંડીને મોટા કોમર્શિયલ ઉપકરણો સુધીની રેન્જ



ગોદરેજ એપ્લાયન્સીસ નું હોટેલ સાયાજીમાં ભવ્ય પ્રદર્શન યોજાવાનું છે. આ પ્રસંગે ગોદરેજની ઘરગથ્થુ ઉપકરણોથી લઈને કોમર્શિયલ સેગમેન્ટ સુધીની સંપૂર્ણ રેન્જ એક જ સ્થળે રજૂ થશે. ગ્રાહકોને તાજેતરના અને અદ્યતન પ્રોડકટ્સનો અનુભવ કરાવવાનો તેમજ વેપારીઓને નવા બિઝનેસ અવસર આપવા આ પ્રદર્શન ખાસ આયોજનબદ્ધ કરવામાં આવ્યું છે.

ગોદરેજ એપ્લાયન્સીસના નેશનલ હેડ સંજીવ જૈન, એસોસિયેટ વાઈસ પ્રેસિડન્ટ તિલવાણી, ગુજરાત હેડ તારક શાહ, એરિયા સેલ્સ મેનેજર વિજય હિરાણી તથા અનિમેષ જોષી ખાસ હાજરી આપશે. સાથે જ ગોદરેજ ડિસ્ટ્રિબ્યુટર સોમનાથ એન્ટરપ્રાઈઝ પણ ઉપસ્થિત રહેશે. આ પ્રદર્શન વેપારીઓ અને ગ્રાહકો બંને માટે એક સુવર્ણ અવસર છે. એક જ છત હેઠળ સ્માર્ટ હોમ એપ્લાયન્સીસ, એર કન્ડીશનર્સ, કિચન પ્રોડકટ્સથી માંડીને મોટા કોમર્શિયલ ઉપકરણો સુધીની રેન્જ રજૂ થવાથી આ પ્રદર્શન રાજકોટ માટે વિશેષ આકર્ષણ બની રહેશે.

---

# રૂ. ૨.૪૭ લાખના ચેક રિટર્ન કેસમાં સિનિયર સિટીઝનનો છુટકારો

## ચેક પર સહી કરી આપવાથી તે કાયદેસરના લેણાં પેટે આપેલ તેવું માની ન શકાય કોર્ટ

**અબતક રાજકોટ**

હાથઉછીના રૂ. ૨.૪૭ લાખ પરત કરવાનો ચેક રિટર્નના રાજકોટના મહિલાના કેસમાં અદાલતે ખાંભાના આશ્રમપરાના સિનિયર સિટીઝન આરોપીનો નિર્દોષ છુટકારો ફરમાવ્યો છે.

આ કેસની હકીકત એવી છે કે, રાજકોટમાં રહેતા ઈલાબેન નરેન્દ્રભાઈ ચાવડાએ આશ્રમપરા (તા.ખાંભા, જી. અમરેલી)ના સિનિયર સિટીઝન ગીતેશભાઈ ભટ્ટને સંબંધના દાવે રૂપિયા ૨.૪૭ લાખ છ માસ માટે હાથ ઉછીના આપ્યા હતા, છ માસનો સમય પુર્ણ થયે ગીતેશ ભટ્ટે રૂા. ૨.૪૭ લાખનો ચેક ઈલાબેન ચાવડાને આપેલો. જે ચેક કિલયરિંગમાંથી ‘‘ફંડ ઈનશફીશ્યન્ટ‘‘ની નોંધ સાથે પરત ફરેલ, જેથી લીગલ નોટીસ મોકલ્યા છતા ગિતેશ ભટ્ટે ચેકની રકમ નહીં ચૂકવતા ઈલાબેને તેની સામે ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફોજદારી ફરીયાદ રાજકોટ કોર્ટમાં દાખલ કરી હતી.

આ કેસ ચાલવા ઉપર આવતા આરોપીના વકીલ દ્વારા ફરિયાદીની લંબાણપુર્વક ઉલટતપાસ તેમજ આરોપીએ પોતાના ભાઈને સાહેદ તરીકે તેમજ ફરીયાદીના પતિના બેંકના મેનેજરને બચાવના સાહેદ તરીકે તપાસેલ અને જુદા જુદા કુલ સાત દસ્તાવેજ રજુ કરવામાં આવેલ.

ઉપરાંત ફક્ત ચેકમાં સહી કરી આપવાથી, ચેક કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ હોય તેવું અનુમાન ન થઈ શકે, ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ હોય તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીની છે, ફરીયાદીને કયારેય કોઈ ચેક આપેલ ના હોવાનું આરોપીએ સાબિત કરેલ છે તેમ માનીને આધારહીન પુરાવા અને ખોટી હકીકતોના આધારે કોઈ પણ વ્યકિતને ગુન્હામાં દોષીત ઠરાવી ના શકાય તે સિધ્ધાંત ધ્યાને લઈ આરોપી ગીતેષભાઈ ભટ્ટને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે, આ કેસમાં આરોપી વતી વરિષ્ઠ ધારાશાસ્ત્રી કિરણભાઈ રૂપારેલીયા, અજય એન. ચાંપાનેરી, નિરલ રૂપારેલીયા, કૌશીક સોઢા, અને મનોજ સોલંકી રોકાયા હતા.

---

# ઉત્તરાખંડના ચમોલીમાં આભ ફાટ્યું: ઘર કાટમાળમાં ફેરવાયા

## વાદળ ફાટવાની સૌથી વધુ અસર થરાલી બજાર, કોટદીપ અને તહસીલ પરિસરમાં જોવા મળી: તહસીલ પરિસરમાં પાર્ક કરેલા ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા

**અબતક, ઉત્તરાખંડ**

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના થરાલી વિસ્તારમાં મોડી રાત્રે વાદળ ફાટવાની ઘટનામાં ભારે વિનાશ સર્જાયો હતો. વાદળ ફાટવાના કારણે થરાલી શહેર, આસપાસના ગામડાઓ અને બજારોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે વરસાદમા રાપણે અનેક ઘર, દુકાન અને રસ્તાઓ કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. વહીવટી તંત્ર અને એસડીઆરએફની ટીમ રાહત અને બચાવ કામગીરીમાં લાગી છે.ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના થરાલી વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે વાદળ ફાટવાની થરાલી શહેર, આસપાસના ગામડાઓ અને બજારોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે વરસાદ અને કાટમાળને કારણે ઘણા ઘરો, દુકાનો અને રસ્તાઓને નુકસાન થયું છે. વહીવટીતંત્ર અને એસડીઆરએફ ટીમો રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે.

વાદળ ફાટવાની સૌથી વધુ અસર થરાલી બજાર, કોટદીપ અને તહસીલ પરિસરમાં જોવા મળી હતી. અહીં કાટમાળ તહસીલ પરિસર, એસડીએમ આવાસ સહિતના અનેક ઘરોમાં ઘૂસી ગયો હતો. તહસીલ પરિસરમાં પાર્ક કરેલા ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. શહેરના રસ્તાઓ કાટમાળથી એટલા ભરાઈ ગયા હતા કે તે તળાવ જેવા દેખાવા લાગ્યા હતા. નજીકના સાગવારા ગામમાં એક યુવતીનું કાટમાળ નીચે દબાઈ જવાથી મોત નીપજ્યું હતું.

આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટ હતી અને લોકો જીવ બચાવવા માટે ઘરની બહાર નીકળી ગયા હતા. પોલીસ અને વહીવટીતંત્રની ટીમો તાત્કાલિક રાહત કાર્ય માટે ગામમાં પહોંચી ગઈ હતી. ચેપડો બજારમાં કાટમાળને કારણે ઘણી દુકાનોને નુકસાન થયું હતું. આ ઉપરાંત, એક વ્યક્તિ ગુમ હોવાના અહેવાલ છે, જેના કારણે સ્થાનિકોની ચિંતામાં વધારો થયો છે.

### વાહન વ્યવહાર ખોરવાયો

ભારે વરસાદ અને કાટમાળને કારણે, થરાલી-ગ્વાલદમ માર્ગ મિંગ્ગદેરા નજીક બંધ થઈ ગયો છે. આ ઉપરાંત, થરાલી-સગવાડા માર્ગ પણ અવરોધિત છે. આ બે રસ્તાઓ બંધ થવાને કારણે, વિસ્તારમાં વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

### શાળા અને આંગણવાડી બંધ

જિલ્લા વહીવટીતંત્રએ સલામતીને ધ્યાનમાં રાખીને થરાલી તાલુકાની તમામ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોને આજે બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. સંદીપ તિવારીએ જણાવ્યું હતું કે પોલીસ અને વહીવટીતંત્રની ટીમો સતત સ્થળ પર હાજર છે અને રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે.

---

# ડબલિંગ કાર્યના કારણે કાનાલુસ-પોરબંદર લોકલ ટ્રેનો આજથી ૧૫ સપ્ટેમ્બર સુધી આંશિક રદ

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં આવેલા લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેકશનમાં ચાલી રહેલ ડબલિંગ કામગીરીના કારણે ૨૩ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી કાનાલુસ-પોરબંદર અને પોરબંદર-કાનાલુસ લોકલ ટ્રેનો આંશિક રીતે રદ્દ રહેશે. જેમાં ટ્રેન નં. ૫૯૨૦૬ પોરબંદર-કાનાલુસ લોકલ ૨૩ થી ૧૫.૦૯.૨૦૨૫ સુધી ગોપ જામ-કાનાલુસ વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે.

ટ્રેન નં. ૫૯૨૦૫ કાનાલુસ-પોરબંદર લોકલ ૨૩. થી ૧૫.૦૯.૨૦૨૫ સુધી કાનાલુસ-ગોપ જામ વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry. indianrail. gov.in પર જઈને તપાસ કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

---

# કેશવ ગ્રુપ દ્વારા કાલે તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ

**અબતક, રાજકોટ**





સમસ્ત ભરવાડ સમાજ રાજકોટના ઉપક્રમે કેશવ ગ્રુપ ભરવાડ સમાજ રાજકોટ દ્વારા બપોરે ૨ થી ૬, શ્રી પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રૈયા રોડ ખાતે શૈક્ષણીક સરસ્વતી સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામા આવેલ છે જેમાં ધોરણ ૮ થી ૧૨, કોલેજ, સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ, રમત-ગમત, કલા તેમજ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાશાળી ભાઈ-બહેનો તથા નવનિયુકત સરકારી કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમમા મહંત ૧૦૦૮ ઘનશ્યામપુરીબાપુ ગુરૂગાદી ગ્વાલીનાથ મહાદેવ થરા, મહંત રામબાપુ ગુરૂગાદી બાવળીયારીના મહંતઓ સાથે અન્ય સંતો-મહંતો આર્શીવચન આપવા ખાસ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા નારણભાઈ લાંબરીયા, ભીખાભાઈ પડસારીયા, રાજુભાઈ જુંજા, રણજીતભાઈ મુંધવા, દિનેશભાઈ રાઠોડ, ગોપાલભાઈ સરસીયા, વિશાલભાઈ સિંધવ, વાલજીભાઈ ઝાપડા, બળદેવભાઈ મુંધવા, વિજયભાઈ ખીંટ, લાખાભાઈ ખીંટ, અશોકભાઈ માટીયા, રામભાઈ ચાવડીયા, અર્જુનભાઈ ખીંટ અને કમલેશભાઈ બાંભવા જહેમત ઉઠાવી રહ્યા છે.

---

# અમેરિકાના ભારત માટેના રાજદૂત બન્યાં સર્જીયો ગોર

## સર્જીયો ગોર ટ્રમ્પના વિશ્વાસુ અને વ્હાઈટ હાઉસના રાષ્ટ્રપતિ કર્મચારીના ડિરેક્ટર તરીકે આપી ચૂક્યા છે સેવા



**અબતક, રાજકોટ**

યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાશ્કંદમાં જન્મેલા સર્જિયો ગોરને ભારતમાં અમેરિકાના નવા રાજદૂત તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂક અત્યંત મહત્વની છે કારણ કે ગોર, ટ્રમ્પના નજીકના વિશ્વાસુ અને વ્હાઈટ હાઉસના રાષ્ટ્રપતિ કર્મચારીના ડિરેક્ટર તરીકે સેવા આપી ચૂક્યા છે. જો સેનેટ દ્વારા તેમની નિમણૂકને મંજૂરી આપવામાં આવશે, તો ૩૯ વર્ષીય ગોર ભારતમાં સૌથી યુવા યુએસ રાજદૂત બનશે.

ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં ગોરને ‘‘મહાન મિત્ર‘‘ ગણાવ્યા, જેમણે તેમની સાથે વર્ષો સુધી કામ કર્યું છે. ટ્રમ્પના જણાવ્યા મુજબ, ગોરે તેમના ‘‘અમેરિકા ફર્સ્ટ પેટ્રિયોટ્સ‘‘ એજન્ડાને અનુરૂપ, ફેડરલ સરકારના વિવિધ વિભાગોમાં લગભગ ૪,૦૦૦ લોકોને નોકરી પર રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ગોર એક લો-પ્રોફાઈલ ઈનસાઈડર તરીકે જાણીતા છે જેમણે ટ્રમ્પના પુસ્તકો પ્રકાશિત કરવા અને સુપર પીએસી ચલાવવા જેવા મહત્વપૂર્ણ કાર્યો પણ સંભાળ્યા છે. આ નિમણૂક દર્શાવે છે કે ટ્રમ્પ ભારત સાથેના સંબંધોમાં પોતાના વિશ્વાસુને મોકલવા માંગે છે, જે તેમના રાજકીય એજન્ડાને આગળ ધપાવી શકે.સર્જિયો ગોરનો જન્મ ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં થયો હતો અને ૧૨ વર્ષની ઉંમરે તેઓ તેમના પરિવાર સાથે અમેરિકા ગયા હતા. તેમના પિતા, યુરી ગોરોખોવ્સ્કી, સોવિયેત મિલિટરી માટે વિમાન ડિઝાઈન કરતા એન્જિનિયર હતા, જેમાંથી એક વિમાન ભારતીય વાયુસેનાના કાફલાનો પણ ભાગ છે. ગોરનો ભારત સાથે કોઈ પૂર્વ સંબંધ નથી, પરંતુ તેમણે વોશિંગ્ટન ડીસીમાં રાજકીય વર્તુળોમાં ઝડપથી પોતાનું સ્થાન બનાવ્યું. તેમણે કન્ઝર્વેટિવ અને રિપબ્લિકન પાર્ટીમાં કામ કર્યું અને સેનેટર રેન્ડ પોલ જેવા જાણીતા નેતાઓ સાથે પણ કામ કર્યું. ૨૦૨૦ની ચૂંટણી પછી તેઓ ટ્રમ્પના નજીક આવ્યા અને એમએજીએ ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી. આ નવી જવાબદારી સાથે, ગોર ભારતમાં દ્વિપક્ષીય સંબંધોને કેવી રીતે આગળ વધારશે તે જોવું રસપ્રદ રહેશે.

---

# ટેકાના ભાવે કપાસ વેંચવા માટે ખેડૂતોએ ‘કપાસ કિશાન’ એપ્લીકેશન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત


## આગામી ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાશે

**અબતક, રાજકોટ**

ટેકાના ભાવે કપાસ વેંચવા માંગતા ખેડૂતોએ આ વર્ષે ‘કપાસ કિશાન’ યોજના પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત કરાયું છે.ભારત સરકારના કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ટેકાના ભાવે કપાસની ખરીદી માટે ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી માત્ર ‘કપાસ કિશાન’ એપ્લીકેશન મારફત ઓનલાઈન જ રજીસ્ટ્રેશન કરવામાં આવશે. રજીસ્ટ્રેશન કરાવ્યા વિના કોઈપણ ખેડુતનો કપાસ સીસીઆઈ દ્વારા ખરીદવામાં આવશે નહી. ખેડુતોએ રજીસ્ટ્રેશન માટે સૌ પ્રથમ આપના મોબાઈલ માંથી કપાસ કિશાન એપ ડાઉન લોડ કરવી જે ગુગલ પ્લે સ્ટોર અને એપલ આઈઓએસ સ્ટોર પર તા. ૩૦ ઓગષ્ટ થી ઉપલબ્ધ થશે. ખેડુતોએ પોતાની પાસે પાસપોર્ટ સાઈઝ ફોટો, મોબાઈલ નંબર અપડેટ થયેલ બેંક ખાતા સાથે લીંક કરેલ આધાર કાર્ડ ૭-૧૨ તથા ૮-અ કે જેના કપાસનું વાવેતર લખેલ હોઈ તેવા નવીનતમ આધાર અને જો લખેલ ના હોઈ તો તલાટી કમ મંત્રીનો સહી સિકકો સાથેનો દાખલો સાથે રાખવાનો રહેશે. નિયત સમયગાળામાં સ્વ.-નોંધણી પોતાના મોબાઈલમાંથી પૂર્ણ કરવાની રહેશે. વધુમાં વિગતો માટે એમપીએમસીમાં આવેલ કપાસ ખરીદી કેન્દ્રનો સંપર્ક કરવા વિનંતી કરાય છે.

# ભગવાને હાથ તાળી પાડવા માટે આપ્યા છે, માવો ચોળવા નહીં: હરિપ્રકાશદાસ સ્વામી

## બાલાજી હનુમાનજી મંદિરના નૂતન મહોત્સવનો પ્રારંભ: અબતક ચેનલ અને ડિજિટલના માધ્યમથી પ્રથમ દિવસે હનુમંત ચરિત્ર કથાનો લાખો ભક્તોએ લીધો લાભ





**અબતક, રાજકોટ**

રાજકોટમાં વડતાલ મંદિર સંચાલિત બાલાજી હનુમાન નૂતન મંદિરનો ભવ્ય ઉદઘાટન મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ પવિત્ર પ્રસંગે હનુમંત ચરિત્ર કથાનું પણ આયોજન કરવામાં આવ્યું છે

જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા છે. રાજકોટના સુખકર્તા અને બળિયા દેવ તરીકે ઓળખાતા હનુમાનજી મહારાજનું આ નવું મંદિર ભક્તિ અને શ્રદ્ધાનો નવો અધ્યાય શરૂ કરશે. ઉદઘાટન મહોત્સવ નિમિત્તે બાલાજી મંદિર, ભુપેન્દ્ર રોડ, રાજકોટમાં બિરાજતા ઘનશ્યામ મહારાજના શતાબ્દી વર્ષની પણ ઉજવણી થઈ રહી છે.આ કથાના વક્તા તરીકે સદગુરુ શાસ્ત્રી સ્વામી હરિ પ્રકાશ સ્વામી સાળંગપુર વાળા બિરાજમાન છે જેમણે શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

તેમણે હાસ્યસભર શૈલીમાં કહ્યું કે, ''ભગવાનને હાથ તાળી પાડવા આપ્યા છે, ખાલી માવો ચોળવા નથી આપ્યા,'' જે દર્શાવે છે કે કથા દરમિયાન ભક્તોની જોરદાર તાળીઓથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ''સ્વામી નારાયણના સ્વામીને ડાયાબિટીસ હોય કે ના હોય, પણ એ ભલભલાને ડાયાબિટીસ કરી આપે છે,'' જે સાંભળીને શ્રોતાઓમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. આ મંદિરના નિર્માતા અને સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાસ પુરુષ એવા વિવેક સાગર સ્વામીનું પણ આ પ્રસંગે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ભક્તોએ જોરદાર તાળીઓથી તેમનું સ્વાગત કર્યું હતું.

પોથી પૂજન અને વક્તા પૂજનનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

જેમાં આડેસરા પરિવાર, ચેતનભાઈ રામાણી, મથુરભાઈ દતાણી, અને જગદીશભાઈ મકવાણા સહિતના અગ્રણીઓએ ભાગ લીધો હતો.

કથાના પ્રારંભે હનુમાન દાદાની આરતી કરવામાં આવી, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો અને દાદાના આશીર્વાદ મેળવ્યા.

શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીએ રાજકોટના લોકોની પ્રશંસા કરતાં કહ્યું કે, ''રાજકોટ તો રંગીલુ છે એ મને ખબર હતી, પણ આજે એવી ખબર પડી કે આ કાઠિયાવાડનું પાણી હિંમતવાળું પણ છે.

''આ વાકયથી તેમણે રાજકોટના લોકોની હિંમત અને ભક્તિભાવની સરાહના કરી હતી. આ નૂતન મંદિર રાજકોટના ભક્તો માટે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બનશે. આ ભવ્ય ઉદઘાટન મહોત્સવ અને હનુમંત ચરિત્ર કથા રાજકોટના ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનમાં એક નવો ઉમંગ ભરી દેશે. આ આયોજન દ્વારા સમાજમાં ભક્તિ અને સદ્ભાવનાનો સંદેશ ફેલાવવામાં આવ્યો છે.


**બાલજી નુતન મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવે 'હનુમંત ચરિત્ર કથા' અબતક પર લાઈવ નિહાળો**

અબ તક CHANNEL

| ઈન કેબલ | ડેન નેટવર્ક | રિયલ જીટીપીએલ-સુરત | સહયોગ નેટવર્ક |
| --- | --- | --- | --- |
| ૫૬૧ | ૫૭૩ | ૩૫૦ | ૧૦૫ |

YouTube Live · f LIVE · @abtakmedia

હનુમંત ચરિત્ર કથાનું અબતક પર લાઈવ નિહાળો તા. ૨૬ સુધી દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે




તસવીરઃ દિવ્યેશ ચૌહાણ

### બાલાજી હનુમાનજી મંદિરે દિવ્ય અન્નકૂટ અને પુષ્પ શણગાર



મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના મંદિરે આજે એક અદ્ભુત અને અલૌકિક દૃશ્ય જોવા મળ્યું હતું. પવિત્ર શ્રાવણ માસ, શનિવાર અને અમાસના આ પાવન ત્રિવેણી યોગે દાદાની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ દિવ્ય દિવસે ભક્તો દ્વારા દાદાને ૫૬ ભોગનો ભવ્ય અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. આ અન્નકૂટમાં વિવિધ પ્રકારની વાનગીઓ, મીઠાઈઓ અને ફરસાણનો સમાવેશ થતો હતો. જે દાદાને અર્પણ કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. અન્નકૂટની સાથે, હનુમાનજી મહારાજને રંગબેરંગી પુષ્પોનો દિવ્ય અને મનોહર શણગાર કરવામાં આવ્યો હતો. ગુલાબ, ગલગોટા, મોગરા અને અન્ય સુગંધિત ફૂલોથી દાદાનું સ્વરૂપ એટલું આકર્ષક લાગતું હતું કે ભક્તો જોતા જ રહી ગયા. આ દિવ્ય શણગાર અને અન્નકૂટના દર્શન માટે સવારથી જ ભક્તોની લાંબી કતારો લાગી હતી.

### નૂતન મંદિર ભક્તોના આસ્થાનું કેન્દ્રઃ સ્વામી સત્યપ્રકાશદાસજી



રાજકોટમાં બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય નૂતન મંદિરના ઉદઘાટન મહોત્સવ નિમિત્તે સ્વામિનારાયણ મંદિરથી એક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જે બાલાજી મંદિરે પહોંચી હતી. આ પવિત્ર પ્રસંગે પ્રથમ દિવસે સદગુરુ સ્વામી હરિ પ્રકાશદાસજી સાળંગપુરવાળાએ હનુમાનજી મહારાજની દિવ્ય કથાનું શ્રવણ કરાવ્યું હતું. આ સમગ્ર મહોત્સવનું આયોજન વિવેક સ્વામી, મંદિરના કોઠારી સ્વામી રાધા રમણદાસજી સ્વામી અને અન્ય સંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. રાજકોટના લોકોમાં બાલાજી હનુમાનજી મહારાજ પ્રત્યે અપાર શ્રદ્ધા છે અને ભક્તો માને છે કે અહીં દર્શને આવનાર તમામ ભક્તોના દુઃખો દૂર થાય છે. રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને ભારતમાં બાલાજી હનુમાનજી મહારાજ એક આસ્થાનું મોટું કેન્દ્ર છે જ્યાં ભક્તો સવારથી રાત સુધી દર્શન માટે કતારમાં ઊભા રહે છે.

---

### શ્રી સાંઈલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા

# 'એન્જોયગ્રાફી'નો પ્રીમિયર શો : હાસ્ય અને સંવેદનાનો અનોખો સંગમ

## હાસ્યની બીજી પેઢીને બિરદાવતો અદ્વિતીય પ્રયોગ :પ્રીમિયર શો બન્યો હાઉસફૂલ: ખુદ હાસ્ય કલાકાર બનશે પ્રેક્ષક

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં સાંઈરામ દવે સાથે એન્જોયગ્રાફીના કલાકારોએ આપી માહિતી

**અબતક રાજકોટ**

શ્રી સાંઈલક્ષ્મી ફાઉન્ડેશન અને સાઈરામ દવેના આ નવતર અને અનોખો તેમજ અવિસ્મરણીય હાસ્યપ્રયોગ 'એન્જોયગ્રાફી' યોજાવાનો છે. ઉપક્રમને ગુજરાતભરમાં પહેલી વાર રાજકોટમાંથી પ્રીમિયર થવા જઈ રહ્યો છે.આ પ્રયોગ માત્ર રમૂજી નહીં પરંતુ સંવેદનાસભર છે. સ્ટ્રેસમાં જીવતા લોકો માટે હાસ્ય એક ઓક્સિજન સમાન છે તેવા વિચાર સાથે ગુણવંત ચુડાસમા, મિલન ત્રિવેદી અને તરુણ કાટબામણા મંચ પર સાથે આવી રહ્યા છે. સામાન્ય રીતે એક જ ક્ષેત્રના કલાકારોમાં સ્પર્ધા રહેતી હોય છે, પરંતુ અહીં ત્રણેય હાસ્ય કલાકારોએ સાથે મળીને નવી દિશાનો આરંભ કર્યો છે.

એન્જોયગ્રાફી કાર્યક્રમની જાહેરાત થતાં જ માત્ર ૪૮ કલાકમાં આખો શો હાઉસફૂલ થઈ ગયો હતો. ડીજીટલ પાસ દ્વારા એન્ટ્રી મળશે અને એન્ટ્રી ગેટ પર પાસ બતાવ્યા બાદ જ પ્રવેશ મળશે.



તસવીરઃ શૈલેષ વાડોલીયા

આ પ્રીમિયર શોને લઈને રાજકોટની કલાપ્રેમી જનતામાં ભારે ઉત્સાહ જોવા મળે છે.પ્રેમીયર શો આજે તા. ૨૩ ઓગસ્ટે રાત્રે ૯ વાગ્યે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાશે. આમંત્રિત મહેમાનો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે અને પંદર મિનિટ અગાઉ સ્થળ ગ્રહણ કરવાની વિનંતી પણ કરવામાં આવી છે.

અબતક સાથેની ખાસ મુલાકાત દરમિયાન કલાકાર મિલન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સતત ત્રણ મહિનાની તૈયારી બાદ આખરે સૌપ્રથમ વખત આહ અને વાહ સુધીની મોજીલી સફર ખેડવાનો અવસર મળ્યો છે.

આ શો માત્ર હાસ્ય નહીં પરંતુ જીવનમાં નવી તાજગી લાવવાનો પ્રયાસ છે.

સાંઈલક્ષ્મી ફાઉન્ડેશનના પ્રયોગોની પરંપરા ફાઉન્ડેશન અત્યાર સુધીમાં બાલગીત, હાલરડા, છદોત્સવ, ક કેળવણીનો ક, ભાષાનું ભાવિ, ધ લો ઓફ પેરેન્ટીંગ જેવા અનેક અનોખા કાર્યક્રમો રાજકોટીઓને નિઃશુલ્ક ભેટ આપી ચૂક્યું છે.

'એન્જોયગ્રાફી' એ જ શ્રેણીમાં ઉમેરાતો એક નવતર પ્રયોગ છે.અબતકની શુભેચ્છા મુલાકાતમાં સાંઈરામ દવે ગુણવંત ચુડાસમા મિલન ત્રિવેદી તરુણ કાટબામણા ઉપસ્થિત રહ્યા હતા

રાજકોટની સાંસ્કૃતિક ધરતી હંમેશા નવા પ્રયોગોનું સ્વાગત કરતી આવી છે. 'એન્જોયગ્રાફી' એ શહેરને માત્ર મનોરંજન નહીં, પરંતુ જીવનમાં હળવાશ લાવવાનો સંદેશ આપશે. આજના સમયમાં લોકો તણાવ, દોડધામ અને ચિંતામાં જીવતા હોય છે. આવા સમયે હાસ્ય માત્ર મનોરંજન નથી રહેતું, તે મનને તાજગી આપતું એક સારથિ બની જાય છે.

ત્રણેય હાસ્યકલાકારો - ગુણવંત ચુડાસમા, મિલન ત્રિવેદી અને તરુણ કાટબામણા - પોતપોતાના અંદાજ માટે જાણીતા છે. પરંતુ તેઓ પ્રથમવાર એક જ મંચ પર આવીને પ્રેક્ષકોને હાસ્ય, વ્યંગ્ય અને સંવેદનાનો અદ્ભુત અનુભવ કરાવશે. આ કાર્યક્રમને માત્ર શો નહીં પરંતુ હાસ્યનો તહેવાર કહેવું વધુ યોગ્ય છે.

રાજકોટની જનતા માટે આ પ્રીમિયર એક યાદગાર રાત્રિ બનશે. કાર્યક્રમ પૂરું થયા બાદ પણ લોકોના ચહેરા પર સ્મિત રહી જશે, અને એ જ છે 'એન્જોયગ્રાફી'નો સાચો સાર.

---

# ભાદરવી અમાસે પિતૃ તર્પણનું મહાત્મ્ય : શનિ અમાવસ્યાથી વધ્યું અધ્યાત્મિક મહત્વ

## શનિ અમાસે કરેલું તર્પણ, દાન અને પિતૃ શ્રાદ્ધ ખાસ ફળદાયી: આજે કાળા તલ, કાળા કપડાં તથા અન્નનું દાન કરવાનો વિશેષ મહિમા







તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક,રાજકોટ**

હિંદુ પંચાંગ મુજબ વર્ષ દરમિયાન આવતી અમાસ તિથિઓમાં ભાદરવી અમાસને પિતૃ તર્પણ માટે વિશેષ મહત્વ છે. પિતૃઓની કૃપા પ્રાપ્ત કરવા માટે આ દિવસે તર્પણ, દાન અને ઉપવાસ કરવો શ્રેયસ્કર માનવામાં આવે છે. જ્યોતિષ મતે ભાદરવી અમાસે કરાયેલા ધાર્મિક કૃત્યો પિતૃઓને મોક્ષ પ્રાપ્ત કરાવે છે અને સંતાનો પર આશીર્વાદ વરસાવે છે.

આ વર્ષે ભાદરવી અમાસ શનિવારે આવતા તેને શનિ અમાસ તરીકે ઓળખવામાં આવી રહી છે. આ યોગમાં કરેલું તર્પણ, દાન અને પિતૃ શ્રાદ્ધ વિશેષ ફળદાયી ગણાય છે. આજે કાળા તિલ, કાળા કપડાં તથા અન્નનું દાન કરવાનો ખાસ મહિમા છે. માન્યતા મુજબ આ દિવસે પિતૃ તર્પણથી પૂર્વજ આત્માઓ પ્રસન્ન થાય છે અને કુટુંબ પર સુખ-સમૃદ્ધિ વરસાવે છે.મંદિરોમાં તેમજ પીપળાના વૃક્ષ નીચે પાણી અર્પણ કરીને પિતૃઓને તૃપ્ત કરવામાં આવે છે. ખાસ કરીને ગંગા, નર્મદા અને અન્ય પવિત્ર નદીતટે હજારો ભક્તો પિંડદાન-તર્પણ કરી પિતૃઓનું સ્મરણ કરે છે.

શ્રદ્ધાળુઓ ઉપવાસ, જપ, અન્નદાન, ગાયોને ચારો તથા ગરીબોને દક્ષિણાદાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ આ વર્ષે શનિ અમાસના યોગમાં કરેલા ધાર્મિક કાર્યોનું પુણ્ય અનેકગણી વધારે થાય છે.

ધક્કામુકીએ બેંગ્લોરના ક્રિકેટ પ્રેમીઓનું સ્વપ્ન રોળ્યું

# એસઓપીને લઈ ચિદમ્બરમ સ્ટેડિયમની મહિલા ક્રિકેટ વર્લ્ડકપની મેચો મુંબઈ ખસેડાઈ

## ડી. વાય. પાટીલ સ્ટેડિયમ ખાતે વિમેન્સ વર્લ્ડ કપની પાંચ મેચ રમાશે



**અબતક, નવી દિલ્હી**

સપ્ટેમ્બરમાં ભારતમાં યોજાનારા આઈસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપની કેટલીક મેચો બેંગલોરમાં યોજાનારી હતી પરંતુ હવે તે મેચો નવી મુંબઈ સ્થળાંતર કરવામાં આવી છે. આઈસીસીએ આ ફેરફારની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આ કમનસીબ ઘટના છે પરંતુ ભારતમાં પાંચ સ્થળમાં હવે બેંગલોરને બદલે નવી મુંબઈનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવી મુંબઈના ડી વાય પાટીલ સ્ટેડિયમ ખાતે પાંચ મેચ યોજાશે જેમાં ત્રણ લીગ મેચ ઉપરાંત સેમિફાઈનલ અને શકયતઃ ફાઈનલ મેચનો સમાવેશ થાય છે.

વિમેન્સ વર્લ્ડ કપનો ૩૦મી સપ્ટેમ્બરથી પ્રારંભ થઈ રહ્યો છે.ફેરફાર જરૂરી હતો કેમ કે બેંગલોરનું એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ આ સમયગાળા દરમિયાન ઉપલબ્ધ નથી. આઈસીસીના ચેરમેન જય શાહે જણાવ્યું હતું કે કેટલાક કમનસીબ સંજોગોને કારણે અમને આ ફેરફાર કરવાની જરૂર પડી છે અને હવે અમારી પાસે પાંચ વર્લ્ડ કલાસ સ્ટેડિયમ છે જે વિમેન્સ ક્રિકેટની આ મેગા ઈવેન્ટનું આયોજન કરશે અને અમે તેનાથી સંતુષ્ટ છીએ. તેમણે ઉમેર્યું હતું કે વર્લ્ડ કપ માટે તખ્તો રચાઈ ગયો છે અને મને વિશ્વાસ છે કે આ ટુર્નામિનૂટ આકર્ષક બની રહેશે અને રમતપ્રેમીઓની નવી પેઢીને પ્રેરિત કરશે. આઠ ટીમના વિમેન્સ વર્લ્ડ કપમાં નવી મુંબઈ ઉપરાંત અન્ય સ્થળોમાં ગુવાહાટી.ઈન્દોર, વિશાખાપટનમ અને કોલંબોનો સમાવેશ થાય છે. જોકે આઈસીસીએ સ્થળ બદલવા માટેનું કારણ દર્શાવ્યું નથી પરંતુ એવી સંભાવના છે કે આ મેચો યોજવા માટે કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિયેશનના જરૂરી મંજૂરી મળી નથી. આ સિઝનમાં આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ ચેમ્પિયન બની તેના બીજા દિવસે બેંગલોરમાં વિજય યાત્રા યોજવામાં આવી હતી જે દરમિયાન ધક્કામુક્કીમાં કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# ભારત-પાકિસ્તાન મેચની મંજૂરી પર મનોજ તિવારીએ કહ્યું- જીવનની કોઈ કિંમત નથી!!!



**અબતક, નવી દિલ્હી**

એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચને રમત મંત્રાલયે મંજૂરી આપી દીધી છે, જેના પછી ટીમ ઈન્ડિયાનો ભૂતપૂર્વ ક્રિકેટર મનોજ તિવારી ગુસ્સે થયો છે. મનોજ તિવારીએ કહ્યું છે કે તેને લાગે છે કે ભારતીય લોકોના જીવનનું કોઈ મૂલ્ય નથી અને તે વિશ્વાસ કરી શકતો નથી કે આ મેચ કેવી રીતે થશે. તેણે એમ પણ કહ્યું કે તે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ જોશે નહીં. મનોજ તિવારીએ કહ્યું કે જો પહેલગામ આતંકવાદી હુમલા છતાં આ મેચ થઈ રહી છે, તો તે ખરેખર આશ્ચર્યજનક છે.

ભારત-પાકિસ્તાન મેચ પર નારાજગી વ્યક્ત કરતા મનોજ તિવારીએ કહ્યું, 'મને થોડું આશ્ચર્ય થાય છે કે આ મેચ થઈ રહી છે. પહેલગામ હુમલા પછી, જેમાં ઘણા નિર્દોષ લોકો માર્યા ગયા હતા, યુદ્ધ થયું હતું અને કહેવામાં આવી રહ્યું હતું કે હવે કડક જવાબ આપવામાં આવશે પરંતુ તેમ છતાં, થોડા મહિનાઓ પછી બધું ભુલાઈ ગયું છે. મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે આ મેચ થઈ રહી છે, માનવ જીવનની કોઈ કિંમત નથી. પાકિસ્તાન સામે રમીને તમે શું પ્રાપ્ત કરશો? માનવ જીવન રમત કરતાં વધુ મૂલ્યવાન હોવું જોઈએ. મારા માટે આ મેચ જોવાનો કોઈ પ્રશ્ન જ નથી.'

તમને જણાવી દઈએ કે મનોજ તિવારીએ ટીમ ઈન્ડિયા માટે 12 ODI અને 3 T20 મેચ રમી છે. ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં મનોજ તિવારીના ૧૦ હજારથી વધુ રન છે. મનોજ તિવારીએ પોતાની પ્રોફેશનલ ક્રિકેટ કારકિર્દીમાં કુલ ૩૬ સદી ફટકારી છે.

ભારત-પાકિસ્તાન મેચ ૧૪ સપ્ટેમ્બરે દુબઈમાં યોજાશે. પહેલા આ મેચ પર સંકટના વાદળો હતા પરંતુ હવે રમત મંત્રાલયે પોતાની નવી નીતિ જાહેર કરી છે જેમાં સ્પષ્ટપણે લખ્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ફક્ત મોટા આંતરરાષ્ટ્રીય ટુર્નામિનૂટમાં જ યોજાશે. પાકિસ્તાનનો કોઈપણ ખેલાડી કે ટીમ ભારત આવી શકશે નહીં અને ન તો કોઈ ભારતીય ટીમ કે ખેલાડી સરહદ પાર કરી શકશે.

# રોહીત-કોહલી બન્ને ફીટ છેઃ રાજીવ શુકલા







**અબતક, નવી દિલ્હી**

એશિયા કપની સાથે સૌથી મોટી ચર્ચા રોહિત શર્મા અને વિરાટ કોહલીની પણ થઈ રહી છે. બાંગ્લાદેશ સામેની સીરિઝ રદ્દ થયા બાદ આ ખેલાડીઓ હવે છેક ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન યોજાનારી વનડે સીરિઝ દરમિયાન મેદાનમાં ઉતરી શકે છે. આવામાં લાંબા સમયથી મેદાનની બહાર રહેલા આ બન્ને ખેલાડીઓ હવે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંપૂર્ણ રીતે સન્યાસ લઈ લેશે કે કેમ તે અંગે સવાલ થઈ રહ્યો છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા અચાનક ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી અને તેમને આ ફોર્મેટમાં વિદાય મેચ રમવાનો મોકો મળ્યો ન હતો. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ ચાહકોને વિનંતી કરી છે કે તેઓ વિરાટ કોહલી અને રોહિત શર્માની વિદાય મેચ વિશે વધુ ચિંતા ન કરે. બંને ખેલાડીઓ ફિટ છે અને સારું રમી રહ્યા છે. તેમણે 'ખૂબ જ ફિટ' કોહલી અને 'ખૂબ જ સારા ખેલાડી' રોહિતને ટેકો આપ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી, તેમની કારકિર્દી ટૂંક સમયમાં સમાપ્ત થવાની આશંકા હતી.

શુક્લાએ ઈન્ટરવ્યુમાં કહ્યું. ''તેઓ હજુ સુધી નિવૃત્તિ લઈ રહ્યા નથી, ખરું ને? રોહિત શર્મા અને વિરાટ કોહલી બંને ODI રમી રહ્યા છે. તેઓ હજુ સુધી નિવૃત્તિ લઈ રહ્યા નથી, તો તમે તેમની વિદાય વિશે કેમ ચિંતા કરો છો? બે ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવી એ એક તબક્કો છે. તેઓ હજુ પણ ODI રમી રહ્યા છે. આટલી ચિંતા ન કરો. BCCIની નીતિ ખૂબ જ સ્પષ્ટ છે. અમે કોઈને નિવૃત્તિ લેવાનું કહેતા નથી, તેમણે પોતે જ નિર્ણય લેવાનો છે. તે તેમનો નિર્ણય છે, અને અમે તેનો આદર કરીએ છીએ.''

જ્યારે હોસ્ટે તેમને ચાહકો વતી વિદાય મેચનું આયોજન કરવા વિનંતી કરી, ત્યારે શુક્લાએ કહ્યું, ''જ્યારે સમય આવશે, ત્યારે અમે તેના પર વિચાર કરીશું. તમે પહેલાથી જ તેમની વિદાયની વ્યવસ્થા કરી રહ્યા છો! વિરાટ કોહલી ખૂબ જ ફિટ છે, અને રોહિત શર્મા ખૂબ સારું રમે છે. તમે તેમની વિદાય વિશે કેમ ચિંતા કરો છો?''

# ઓસ્ટ્રેલિયાને કચડીને સાઉથ આફ્રિકાએ વન-ડે સિરીઝ જીતી

## બીજી વન-ડેમાં સાઉથ આફ્રિકાનો ૮૪ રનથી વિજય, એંગિડી સામે કાંગારૂની બેટિંગનો ધબડકો





**અબતક, નવી દિલ્હી**

સાઉથ આફ્રિકાએ પોતાનું શાનદાર પ્રદર્શન જારી રાખતાં શુક્રવારે રમાયેલી બીજી વન-ડે ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલિયાને ૮૪ રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝમાં ૨-૦ની અજેય સરસાઈ હાંસલ કરી લીધી હતી. મેન ઓફ ધ મેચ જાહેર થયેલા ઝડપી બોલર લુંગી એંગિડીએ પાંચ વિકેટ ઝડપી હતી. અહીંના ગ્રેટ બેરિયર રિફ એરેના ખાતે રમાયેલી મેચમાં સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરીને ૪૯.૧ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૨૭૭ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૩૮મી ઓવર સુધીમાં ૧૯૩ રનમાં આઉટ થઈ ગઈ હતી. આમ સળંગ બીજી મેચમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૨૦૦ રનના આંકને વટાવવામાં તથા હરીફ ટીમે આપેલા ટારગેટ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હતી.૨૭૮ રનના ટારગેટ સામે રમતાં ઓસ્ટ્રેલિયા માટે ટ્રેવિસ હેડ, મેરનસ લબુશેન અને કેપ્ટન મિચેલ માર્શ ટીમને સારી શરૂઆત અપાવવામાં નિષ્ફળ રહ્યા હતા. મિડલ ઓર્ડરમાં જોશ ઈંગ્લિસે લડાયક બેટિંગ કરીને ૭૪ બોલમાં બે સિક્સર અને દસ ચોગ્ગા સાથે ૮૭ રન ફટકાર્યા હતા તો કેમરૂન ગ્રીને ૩૫ રન ફટકાર્યા હતા. આ સિવાય ગૃહટીમના બાકીના બેટર્સ નિષ્ફળ રહ્યા હતા. સાઉથ આફ્રિકાના અનુભવી ઝડપી બોલર લુંગી એંગિડીએ બોલિંગમાં તરખાટ મચાવ્યો હતો. પ્રથમ વન-ડેમાં સ્પિનર કેશવ મહારાજ સામે નિષ્ફળ રહેલા કાંગારું બેટર્સ શુક્રવારે ઝડપી બોલર એંગિડી સામે લાચાર બની ગયા હતા. એંગિડીએ ૪૨ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી તો નાન્દ્રે બર્ગર અને સેનુરન મુતુસ્વામીએ બે બે વિકેટ લીધી હતી.

# બિગ બોસ ૧૯માં થઈ શકે છે WWE સ્ટાર અંડરટેકરની એન્ટ્રી!







**અબતક, નવી દિલ્હી**

સલમાન ખાનના રિયાલિટી શો બિગ બોસ ૧૯ના પ્રીમિયર પહેલા ઘણાં સરપ્રાઈઝ સામે આવી રહ્યાં છે. ફેન્સ જાણવા આતુર છે કે, આ વખતે શોમાં શું ખાસ હશે. હવે સમાચાર સામે આવી રહ્યાં છે કે, WWE સુપરસ્ટાર અંડરટેકર બિગ બોસની સિઝન ૧૯માં જોવા મળી શકે છે. જેથી ફેન્સ રિયાલિટી શોને લઈને ઘણાં રોમાંચિત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અંડરટેકર શોમાં વાઈલ્ડકાર્ડ એન્ટ્રી તરીકે સામેલ થઈ શકે છે અને એક અઠવાડિયા માટે બિગ બોસ હાઉસમાં આવી શકે છે. જો આ અફવાઓ સાચી ઠરી, તો તે બિગ બોસના ઈતિહાસની સૌથી મોટી ઘટના સાબિત થશે.

અંડરટેકર બિગ બોસમાં આગામી સિઝનમાં સ્પેશિયલ ગેસ્ટ તરીકે જોવા મળી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે નવેમ્બરમાં વાઈલ્ડકાર્ડ એન્ટ્રી તરીકે ઘરમાં આવી શકે છે અને ૭-૧૦ દિવસ સુધી રહી શકે છે.

જો કે, હજુ સુધી કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો અનુસાર વાતચીત ચાલી રહી છે. તેનું મહત્વ ઘણું વધારે છે, કેમ કે અંડરટેકરની હિસ્ટ્રી અને પ્રતિષ્ઠા જોતા આ એક મોટી ઈવેન્ટ સાબિત થઈ શકે છે. જણાવી દઈએ કે, અંડરટેકરે ૨૦૨૦માં પ્રોફેશનલ રેસલિંગમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી, પરંતુ તે હજુ સુધી રેસલિંગની દુનિયામાં ભારે ચર્ચામાં છે.

બિગ બોસે કોઈ WWEના સ્ટારનો હોસ્ટ કર્યો હોય એવું પહેલીવાર નથી થયું. ગ્રેટ ખલી પણ શોની સિઝન ૪માં આવ્યો હતો. તેની પોપ્યુલારિટી અને પ્રતિષ્ઠા જોતા કહી શકાય કે અંડરટેકર આ સિઝનમાં સૌથી વધુ પેમેન્ટ મેળવનાર સ્પર્ધક બની શકે છે.

ગ્રેટ ખલીને તેની સિઝન દરમિયાન દરેક અઠવાડિયા માટે ૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યાં હતા,

જેથી તે શોના ઈતિહાસમાં સૌથી વધુ પેમેન્ટ મેળવનાર સેલિબ્રિટીઝમાંથી એક બની ગયો હતો. આશા છે કે, અંડરટેકર પણ બિગ બોસમાં અત્યાર સુધીના સૌથી વધુ પેમેન્ટ મેળવનાર સ્પર્ધકમાંથી એક હશે.

# આવાસ યોજનાના ફોર્મનું વિતરણ ક્યારથી થશે? હવે મોબાઈલ પર જાણકારી મળશે

## કોર્પોરેશનની નવી પહેલ: અરજદારોએ વારંવાર પુછપરછ માટે કચેરી સુધી નહીં આવવું પડે
















**અબતક, રાજકોટ**

સરકારની વિવિધ આવાસ યોજનાઓની અમલવારી કરી ઘરવિહોણા લોકોને આવાસ મળી રહે એ માટે રાજકોટ મહાનગરપાલિકા સતત કાર્યરત છે.

આવાસ યોજનાના ફોર્મની નવી જાહેરાત ક્યારે આવશે. નવા ફોર્મની અરજી કયારે કરવાની રહેશે વગેરે બાબતો માટે નાગરિકો દ્વારા અવાર-નવાર રૂબરૂમાં આવી આવાસ યોજના શાખામાં પૂછપરછ કરવામાં આવે છે. નાગરિકોને ઘરબેઠા સમયસર આવાસ યોજનાના નવા ફોર્મ બહાર પડવાની જાણકારી મળી શકે એ માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રાજકોટ મહાનગરપાલિકાએ એક પહેલ કરી છે.

નાગરિકો રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર આવાસ યોજનાના નવા ફોર્મ બહાર પડવાની જાણકારી મળી શકે એ માટે ઘરબેઠા પોતાના મોબાઈલ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે છે. આવા રજીસ્ટ્રેશન કરેલા અરજદારોને આવાસ યોજનાના ફોર્મ બહાર પાડવામાં આવે એ પહેલાં એસએમએસ મારફતે ફોર્મ ભરવાની શરૂઆતની અને અંતિમ તારીખની જાણકારી આપવામાં આવશે.

તેવી જાહેરાત મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને હાઉસીંગ ઈમ્પ્રુવમેન્ટ અને કલીયરન્સ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણીએ જણાવ્યું છે.

આવાસ યોજનાનો લાભ લેવા ઈચ્છુક નાગરિકોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર જઈ પોતાનો મોબાઈલ નંબર અને કેપ્ચર કોડ નાખી, જે ઓટીપી આવે એના મારફત લોગ-ઈન કરવાનું રહેશે.

ત્યારબાદ અરજદારે પોતાનું નામ અને આધાર કાર્ડ નંબર લખી, આવાસ યોજનાની કેટેગરી સિલેક્ટ કરવાની રહેશે. જો અરજદારની કૌટુંબિક વાર્ષિક આવક-મર્યાદા રૂપિયા ૦૩ લાખ સુધીની હોય તો એમણે 'ઈડબલ્યૂએસ-૧ અને ૨ કેટેગરી' સિલેક્ટ કરવી. જો અરજદારની કૌટુંબિક વાર્ષિક આવક-મર્યાદા રૂપિયા ૦૩ લાખથી રૂપિયા ૦૬ લાખ સુધીની હોય તો એમણે એલઆઈજી કેટેગરી સિલેક્ટ કરવી. જો અરજદારની કૌટુંબિક વાર્ષિક આવક-મર્યાદા રૂપિયા ૦૬ લાખથી રૂપિયા ૭.૫ લાખ હોય તો એમણે 'એમઆઈજી કેટેગરી'સિલેક્ટ કરવી. એક મોબાઈલ નંબર ઉપર આવાસ યોજનાની ત્રણમાંથી માત્ર એક જ કેટેગરી સિલેક્ટ થઈ શકશે.

જ્યારે અરજદારનું આવાસ લાગી જાય અથવા એમને આવાસની જરૂરત ના રહે ત્યારે તેઓ ફરીથી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર જઈએ જ મોબાઈલ નંબર ઉપર ઓટીપી મેળવી ડી-રજિસ્ટર કરી શકે છે. ડી-રજિસ્ટર કરેલ અરજદારને આવાસ યોજનાના નવાફોર્મ બહાર પડવાની જાણકારીવાળા એસએમએસ નહિ મોકલવામાં આવે.

જો અરજદારની કૌટુંબિક વાર્ષિક આવક મર્યાદા બદલાય તો એમણે ડી-રજિસ્ટર કરી આવાસ યોજનાની નવી કેટેગરી સિલેક્ટ કરી ફરીથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ સુવિધા ભારત દેશનાં તમામ નાગરિકો માટે નિઃશુલ્ક રહેશે.

નાગરિકોને ઘરબેઠા સમયસર આવાસ યોજનાના નવા ફોર્મ બહાર પડવાની જાણકારી મળેતો અરજદાર સમયસર આવાસ યોજનાનું ફોર્મ ભરી પોતાના ઘરનું સપનું સાકાર કરી શકે છે.


# મેટોડાના મકાનમાંથી રૂ.૨.૮૦ લાખની મતા ઉઠાવી જનાર ચડ્ડી-બનિયાનધારી ગેંગ ઝડપાઈ

## દોઢ માસ પૂર્વે રાત્રીના સમયે તસ્કરો રહેણાંકમાંથી રોકડ, દાગીના, મોબાઈલ તેમજ બાજુની સોસાયટીમાંથી બે મોટરસાયકલ ઉઠાવી ગયા'તા

## ચોરી, લૂંટ, મારામારી અને પોક્સો સહિતના ગુનાઓમાં સંડોવાયેલ એમપી ગેંગના સભ્યો દિવસે મજૂરી કરતા અને રાત્રે ચોરી કરવા ત્રાટકતા







તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી વિસ્તારના રહેણાંક મકાનમાંથી રોકડ, દાગીના, મોબાઈલ મળી કુલ રૂ. ૨.૮૦ લાખની ચોરીને અંજામ આપ્યા બાદ બાજુની સોસાયટીમાંથી બે મોટરસાયકલ ઉઠાવી જનાર ચડ્ડી બનિયાન ગેંગના ત્રણ સભ્યોને પોલીસે રૂ. ૨.૬૧ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. જ્યારે એક શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

સમગ્ર બનાવની વિગત પર નજર કરવામાં આવે તો ગત તા. ૦૯-૦૭-૨૦૨૫ ના રાત્રીના ૧૧:૩૦ થી તા. ૧૦-૦૭-૨૦૨૫ ના સવારે સાડા પાંચ વાગ્યા દરમ્યાન મેટોડા જીઆઈડીસી ગેટ નંબર-૧ ની સામે આવેલ જીગ્નેશ પાર્ક ખાતે દિનેશભાઈ પ્રેમજીભાઈ વાણીયાના મકાન માં તસ્કરોએ અપપ્રવેશ કરી રોકડ રૂપિયા એક લાખ, સોનાનો ચેન જેની કિંમત રૂ. ૧.૬ લાખ, સોનાની બુટ્ટી જેની કિંમત રૂ.૫૦ હજાર, સોનાની વીંટી જેની કિંમત રૂ.૧૦ હજાર, ચાંદીનો ચુડો જેની કિંમત રૂ.૬ હજાર, ચાંદીની લકી જેની કિંમત રૂ.૩ હજાર તથા મોબાઈલ ફોન જેની કિંમત રૂ. ૫ હજાર મળી કુલ રૂ. ૨.૮૦ લાખની ચોરી કરી લેવામાં આવી હતી. બાદમાં તસ્કરો ભાગતી વખતે બાજુની સોસાયટીમાંથી બે સ્પ્લેન્ડર મોટરસાયકલની પણ ચોરી કરી લીધી હતી. જે અંગે મેટોડા જીઆઈડીસી પોલીસ મથકમાં ચોરીનો ગુનો દાખલ થયેલ હતો.

બનાવની ગંભીતાને ધ્યાને રાખી રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા મિલકત સંબંધી ગુનાના આરોપીને તાત્કાલિક પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ડીવાયએસપી કે જી ઝાલાના સુપરવિઝન હેઠળ મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ એસ એચ શર્માની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી તસ્કરોને શોધી કાઢવા હ્યુમન તેમજ ટેકનીકલ રિસોર્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.

દરમિયાન મેટોડા જીઆઈડીસી પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનીકલ રિસોર્સના આધારે જીતેન સોમસિંગ ચૌહાણ (ઉવ ૨૦ રહે. ફૂલડા ગામ, કુકાવાવ, અમરેલી મૂળ રહે. બીડ ગામ, તડવી ફળીયા, અલીરાજપુર, મધ્યપ્રદેશ) જોહરું ધનસિંગ બામણીયા (ઉવ ૨૧ રહે. સુરજી નેસડા ગામ, ટંકારા, મોરબી મૂળ રહે. દેકાકુંડ ગામ, અલીરાજપુર, મધ્યપ્રદેશ) અને મહેન્દ્રસિંહ ભોવાનસિંહ મહેડા (ઉવ ૨૦ રહે. છટવાની ગામ, ધાર,મધ્ય પ્રદેશ)ની રોકડ, દાગીના અને વાહન મળી કુલ રૂ. ૨.૬૧ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ફરાર આરોપી દિનેશ મશાનિયા (રહે કદવાલ ગામ,અલીરાજપુર, મધ્યપ્રદેશ)ની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય બાબત છે કે, જીતેન ચૌહાણ વિરુદ્ધ ચોરી અને મારામારી સહિત સહિતના કુલ આઠ ગુના, જોહરું બામણીયા વિરુદ્ધ ચોરી, પોક્સો સહિતના કુલ પાંચ ગુના અને મહેન્દ્રસિંહ મહેડા વિરુદ્ધ ચોરી, લૂંટ, મારામારીના ચાર ગુના નોંધાઈ ચૂક્યાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલા શખ્સો દિવસે ખેત મજૂરી કરતા હતા અને રાત્રીના સમયે ચોરી કરવા ત્રાટકતા હતા.

આ કામગીરીમાં મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ એસ એચ શર્મા, એસઆઈ મયુરસિંહ, હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ, હરેશભાઈ, જસમતભાઈ, કોન્સ્ટેબલ રાજદિપસિંહ, રવુભાઈ, શકિતસિંહ, નીતિનકુમાર અને સુભાષભાઈ રોકાયા હતા.

## રોકડ, મોબાઈલ, દાગીના, વાહન મળી રૂ.૨.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે, એક શખ્સની શોધખોળ: મેટોડા જીઆઈડીસી પોલીસની કાર્યવાહી

# જેતપુર, કોટડાસંગણી, ઉપલેટા, ધોરાજીઅને જામકંડોરણામાં જુગારના દરોડા

## રૂ. રોકડ અને મોબાઈલ મળી રૂ.૨.૨૭ લાખના મુદ્દામાલ સાથે ૩૨ પત્તા પ્રેમી ઝડપાયા

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લામાં પાંચ સ્થળે જુગારના દરોડા પડ્યા છે. જેમાં જેતપુર શહેર મકાનમાં, કોટડા સાંગાણીના ભાડવા ગામે, ઉપલેટાના ગઢાળા ગામે, ધોરાજીના ચિત્તોડ ગામે અને જામકંડોરણાના રાયકી ગામે પોલીસે જુગારનો દરોડો પાડી જુગાર રમતા ૩૨ પતા પ્રેમીને ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રોકડ અને સાત મોબાઈલ મળી રૂ. ૨.૨૭ લાખનો મુદ્દા માલ કબ્જે કર્યો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ જેતપુર સીટી પોલીસ ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, જેતપુર પાવૈયા શેરીમાં રહેતો નીલદીપસિંહ જીતેન્દ્રસિંહ રાઠોડ નામનો શખ્સ તેના મકાનમાં સુગરધામ ચલાવી રહ્યો છે. બાતમીના પગલે જેતપુર શહેર પોલીસ ની ટીમ મકાનમાં જુગારનો દરોડો પાડી જુગાર રમતા નીલદિપસિંહ રાઠોડ, મનીષ ગીરીશભાઈ વિસાવેલીયા ,અસરફ બાબુભાઈ પરમાર ,મેહુલ મુકેશભાઈ પરમાર ,મોહિત દામજીભાઈ ભાલાળા ,જયદીપભાઈ ગોરધનભાઈ મકવાણા, વિજયસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ અને બિલાલ ભાઈ સમસુદીનભાઈ શેખ નામના શખ્સોને ઝડપી લઈ જુગારના પટમાંથી રોકડ અને સાત મોબાઈલ મળી રૂ.૧.૫૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જુગાર નો બીજો દરોડો કોટડા સાંગાણી પોલીસે ભાડવા ગામની સીમમાં પાડી જુગટુ રમતા બાલા ઉર્ફે બાલજી ઉકાભાઈ રાતડીયા ,કિશોર ભીખાભાઈ ભાખોત્રા ,હિતેન્દ્રસિંહ વિક્રમસિંહ જાડેજા ,હરેશભાઈ દામજીભાઈ સોલંકી ,જ્યોતિષભાઈ મૂળજીભાઈ સોલંકી અને રાજેન્દ્રસિંહ ઉર્ફે ટેમભાજગદીશજી જાડેજા નામના પ્રતાપ્રેમીઓને ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૩૭.૮૦૦ની રોકડ કબજે કરી છે. ત્રીજો જુગારનો દરોડો ભાયાવદર પોલીસે ઉપલેટા તાલુકાના ગઢાળા ગામે પાડી જુગાર રમતા ગોવિંદ ભાઈ ઉતડીયા ,કનુ ખીમાભાઈ ગલ ,દિગ્વિજયસિંહ ભરતસિંહ ચુડાસમા ,હરદેવસિંહ નથુભા ચુડાસમા ,ખીમજીભાઈ જેતસિંભાઈ ઉટડીયા ,જયદીપસિંહ અજીતસિંહ ચાવડા ,રાજેશ સીદા ભાઈ ઉંટડીયા ,પરેશ રાજાભાઈ ઊંટડીયા,વિક્રમ બોદાભાઈ પંપાણીયા અને રમેશ મેણશીભાઈ ડેર નામના શખ્સોને ઝડપી લઈ સુગરના પટમાંથી રૂ. ૨૦.૪૭૦ની રોકડ કબ્જે કરી છે.

જામકંડોણા પોલીસે રાયડી ગામે જુગારનો દરોડો પાડી જુગાર રમતા રમણીક ખીમજીભાઈ પરમાર, ગોલા મોહનભાઈ રાઠોડ અને નરેન્દ્ર ઉર્ફે નયન માધાભાઈ રાઠોડ નામના શખ્સોને રૂ.૧.૮૫૦ની રોકડ સાથે ઝડપી લીધા છે. જ્યારે પાટણમાં પોલીસની ટીમે ધોરાજીના ચિતોડ ગામે જાહેરમાં જુગાર રમતા કિશોર હમીરભાઈ દયાતર, કિશોર પાલાભાઈ ચેલાવડ ,હસમુખ વલ્લભભાઈ સનેસરીયા ,મુકેશ સાદુરભાઈ દયાતર અને મંગળસિંહ સમજુ ભાઈ દયાતર નામના શખ્સોને ઝડપી લઈ જુગારનાપટમાંથી રૂ.૨૩.૮૦૦ની રોકડ કબજે કરી છે.

# જીવંતીકાનગરની માનસિક બીમાર પરિણીતાએ જાત જલાવી જીવન ટૂંકાવ્યું

## બાળપણથી જ વાયની બીમારીથી પીડાતી મહિલાએ અંતે ભરી લીધું અંતિમ પગલું

**અબતક, રાજકોટ**

રાજકોટના ગાંધીગ્રામ પોલીસ મથકની હદમાં આવેલ જીવંતિકા નગર ના ખૂણે રહેતી મહિલાએ ગઈકાલે સવારના પહોરમાં ઘરમાં કેરોસીન છાંટી દિવાસળી છાપી લેતા શરીરે ગંભીર રીતે દાઝી ગયા બાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ જીવંતિકા નગર માં રહેતી ભારતીબેન રાજેન્દ્રભાઈ ચૌહાણ ૪૫ એ ગઈકાલે સવારે પોતાના ઘેર કેરોસીન છાંટી દિવાસળી ચાપી લેતા શરીરે અને હાથે પગે પેટના ભાગે ગંભીર રીતે દાજી જતા સિવિલ હોસ્પિટલમાં દાઝેલા ની સારવારના વોર્ડમાં દાખલ કરવામાં આવતા ગઈકાલે સાંજે ૬:૦૦ વાગે ચાલુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ અંગે ભરનાર ભારતીબેનના પતિ રાજેન્દ્રભાઈએ બનાવના કારણે વિગત આપતા જણાવ્યું હતું કે છ વર્ષના લગ્ન સંસારમાં કોઈ બાળક ન હોય ભારતી બેન ને ૧૪ વર્ષની ઉંમરથી વાયની બીમારી હોય અને તેની માનસિક બીમારીની દવા ચાલતી હતી છેલ્લા કેટલાક સમયથી તે બીમારીના કારણે કંટાળો અનુભવતી હતી બે બહેનોમાં મોટી ભારતીબેનના આ પગલાથી પરિવારમાં ભારે શોક છવાઈ જવા પામ્યો છે આ અંગે ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી છે.

# હીરાસર એરપોર્ટ નજીકથી દારૂ ભરેલી કાર ઝડપાઈ: રૂ.૨.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે

## શરાબની હેરાફેરી કરતી બેલડીની ધરપકડ કરતી એરપોર્ટ પોલીસ

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ હીરાસર એરપોર્ટ નજીક કારમાંથી રૂ. ૩૬ હજારનો દારૂ મળી આવતા એરપોર્ટ પોલીસની ટીમે દારૂ, કાર મળી રૂ. ૨.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બેલડીની ધરપકડ કરી હતી.

દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર એરપોર્ટ પોલીસ મથકની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, રાજકોટ અમદાવાદ નેશનલ હાઈવે પર હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ જવાના ત્રણ રસ્તા પાસે એક રેનોલ્ટ કંપનીની ફોર વ્હીલ કાર જેના નંબર જીજે-૦૩-જેએલ-૦૪૪૮ ઉભી છે અને તેમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. જે બાતમીના આધારે એરપોર્ટ પોલીસની ટીમ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ જવાના ત્રણ રસ્તા ખાતે દોડી ગઈ હતી. જ્યાં રેનોલ્ટ કંપનીની લોડજી ફોરવીલ કાર જેના નંબર જીજે-૦૩-જેએલ-૦૪૪૮ મળી આવતા કારની અંદર હાજર બંને શખ્સોને નીચે ઉતારી તપાસ કરતા રૂ. ૩૬ હજારની કિંમતની શરાબની ૨૪ બોટલ મળી આવી હતી. જેથી એરપોર્ટ પોલીસની ટીમએ શરાબ, કાર મળી રૂપિયા ૨.૩૬ લાખના મુદ્દામાલ સાથે કારમાં હાજર જેન્તી ઘૂઘાભાઈ જાબુકીયા (ઉવ ૪૫ રહે. હાલ મનહરપુર-૧, માધાપર ચોકડી,રાજકોટ, મૂળ રહે. મઘરીકડા ગામ, ચોટીલા, સુરેન્દ્રનગર) અને નવઘણ સુખાભાઈ બાબરીયા (ઉવ ૩૮ રહે. ઘંટેશ્વર,માધાપર ગામ, રાજકોટ)ની ધરપકડ કરી હતી.

# ૧૮ કરોડ ચાઉ કરી જવાના ગુનામાં શરાફી મંડળીના ચેરમેન અલ્પેશ દોંગા જામીન મુક્ત

## મની પ્લસ શરાફી મંડળીના નામથી ખોટી મંડળી ઉભી કરી સભાસદો પાસેથી રૂપિયા ઉઘરાવી છેતરપિંડી કરી

**અબતક, રાજકોટ**

મની પ્લસ શરાફી મંડળીના નામથી ખોટી મંડળી ઉભી કરી સભાસદો પાસેથી ૧૮ કરોડ રૂપીયા જેવી રકમ મેળવી ચાઉ કરી જવાના ગુનામાં શરાફી મંડળીના ચેરમેન અલ્પેશ દોંગાને હાઈકોર્ટ દ્વારા જામીન મુક્ત કરતો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસની હકીકત મુજબ રાજકોટમાં નાના મવા રોડ ઉપર આવેલ સત્યમ પાર્ટી પ્લોટ પાછળ રહેતા

આરોપી અલ્પેશ ગોપાલભાઈ દોંગાએ વર્ષ ૨૦૧૨ માં મની પ્લસ શરાફી મંડળી રજીસ્ટર કરાવી મંડળી ચલાવતા હતા. મંડળીના પ્રમુખ તરીકે ફરીયાદી, તેમના સગા-સંબંધીઓ અને મિત્રોને સહકારી મંડળીમાં રોકાણ કરશે તો દર મહિને એક ટકાનું વળતર આપવામાં આવશે એવી લાલચ તથા પ્રલોભન આપી ફરીયાદી તથા રોકાણકારો પાસેથી ૧૮ કરોડ જેવી રકમ થાપણ પેટે મેળવી મુદલ રકમ કે વળતર નહી ચૂકવી ખોટા દસ્તાવેજોના આધારે મંડળી બનાવી તમામ વ્યકિતઓ સાથે છેતરપીંડી આચરી હોવાની રાજકોટના તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી અલ્પેશ દોંગાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. આરોપીએ સ્પેશ્યલ કોર્ટમાં કરેલી જામીન અરજી રદ થતા પોતાના વકીલ મારફત હાઈકોર્ટમાં જામીન પર મુકત થવા અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા

પોલીસ દ્વારા જામીન અરજીનો વિરોધ કરતા જણાવ્યુ હતું કે, આરોપીએ ૭૦ થી વધારે લોકોના આશરે ૧૮ કરોડ રૂપીયા જેવી માતબર રકમ ઓળવી ગયા છે. આરોપી વિરુધ્ધ અગાઉ આ પ્રકારના ૭ ગુના નોંધાયેલ છે, જેથી આરોપીનો મલીન ઈરાદો જણાય આવે છે અને આરોપીને જામીન આપવા જોઈએ નહી.

આરોપીના બચાવ પક્ષે એડવોકેટ તુષાર ગોકાણીએ રજુઆત કરી હતી કે, જે કોઈ વ્યકિતઓએ શરાફી મંડળીમાં રોકાણ કરેલ છે તેમને નિયમીત રીતે એક ટકાના દરે માસિક વ્યાજ ચુકવવામાં આવતું હતુ પરંતુ આરોપીએ રકમ જે જગ્યાએ રોકાણ કરેલ હતું તે લોકોએ આરોપીને રકમ સમયસર પરત નહી આપતા વ્યાજની ચુકવણી કરવામાં મોડુ થતાં ફરીયાદીએ ઉતાવળમાં ફરીયાદ દાખલ કરી દીધી હતી જેના કારણે આરોપીના લેવાના નિકળતા પૈસા આરોપીના દેણદારોએ ચુકવેલ નહી અને આરોપીનો થાપણો સ્વીકારતી વખતે પ્રથમથી જ કોઈ મલીન ઈરાદો હોય તેવું પોલીસ કાગળોમાંથી જણાય આવતું નથી જે ધ્યાને લઈને આરોપીને જામીન મુકત કરવા રજૂઆતો કરવામાં આવી હતી. જે રજૂઆતો ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે આરોપીને ભારત દેશની હદ નહી છોડવાની શરતોને આધીન જામીન પર મુકત કરવા હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી મની પ્લસ શરાફી મંડળીના ચેરમેન અલ્પેશ દોંગા વતી રાજકોટના ખ્યાતનામ ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક, ભૂમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા, કેવિન ભીમાણી અને હાઈકોર્ટના એડવોકેટ વિરાટ પોપટ રોકાયા હતા.

# આજી ડેમ ચોકડી નજીક મેહુલ ટેલિકોમમાંથી મોબાઈલ સહિત પાંચ લાખની મતાની ચોરી

## તસ્કરોની ચાંડાળ ચોકડી નંબર પ્લેટ વગરની સ્કોર્પિયો કારમાં વહેલી સવારે ચારેક વાગ્યે ત્રાટકી : શટરના તાળા તોડી હાથફેરો કર્યો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ આજીડેમ ચોકડી નજીક મોબાઈલ શો રૂમમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. મોબાઈલના શો રૂમમાં વહેલી સવારે નંબર પ્લેટ વગરની સ્કોર્પિયો કારમાં ત્રાટકેલા ચાર તસ્કરો પાંચથી છ લાખના નવા અને ડેમોના મોબાઈલ ફોન ઉઠાવી ગયા હતા. બનાવને પગલે આજીડેમ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ચોરીની ઘટનામાં પ્રાપ્ત વિગત અનુસાર આજીડેમ ચોકડી નજીક રવિવારી બજારની સામે ગુજરાત ટ્રાવેલ્સ અને બાલાજી રેસ્ટોરન્ટની બાજુમાં આદિત્યભાઈ પેઢડીયા અને ભૌતિકભાઈ લીંબાસીયાની માલિકીનો મેહુલ ટેલીકોમ નામનો શો રૂમ આવેલો છે. આ બ્રાંચ ભૌતિકભાઈ લીંબાસીયા સંભાળે છે. સવારે તેઓ નિત્યક્રમ મુજબ દૂકાને આવવાની તૈયારીમાં હતાં ત્યારે જાણ થઈ હતી કે દૂકાનમાં ચોરી થઈ છે. જેથી બંને ભાગીદારે દૂકાને પહોંચી તપાસ કરતાં તસ્કરો શટર તોડી અંદર ઘુસી નવા તેમજ ડેમોના મોબાઈલ ફોન આશરે પાંચથી છ લાખના ચોરી ગયાનું જણાયું હતું.





બનાવની જાણ આજીડેમ પોલીસને જાણ કરવામાં આવતાં તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. ક્રાઈમ બ્રાંચ અને એલસીબીની ટીમો પણ તપાસમાં સામેલ થઈ હતી. શો રૂમ માલીકના જણાવ્યા અનુસાર ચારેક તસ્કરો વહેલી સવારે ચાર વાગ્યે સ્કોર્પિયો ગાડી લઈને આવ્યા હતાં અને તેમાં નંબર પ્લેટ નહોતી. એક તસ્કર ગાડીમાં બેઠો રહ્યો હતો. બાકીના ત્રણ વારાફરતી શટર પાસે આવી તાળા તોડતાં હતાં. બાદમાં અંદર ઘુસી અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન ચોરી ગયા હતાં. જેની કિમત પાંચથી છ લાખ જેવી થાય છે.

આ તસ્કરો ચોરી કર્યા બાદ નંબર વગરની સ્કોર્પિયોમાં રાજકોટ અમદાવાદ તરફ ભાગ્યાની શક્યતાએ પોલીસ સીસીટીવી કેમેરાને આધારે પગેરૂ શોધવા તપાસ કરી રહી છે. ચોરીના આ બનાવને પગલે ડોગ સ્કવોડ, ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતોને પણ બોલાવવામાં આવ્યા હતાં.

## સમગ્ર ઘટના સીસીટીવી ફૂટેજમાં કેદ : બનાવને પગલે આજીડેમ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબી દ્વારા તપાસનો ધમધમાટ

# બીમારીથી કંટાળી યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## યુવાનના અંતિમ પગલાથી પરિવાર પર દુ:ખનું આભ તૂટી પડ્યુ

**અબતક, રાજકોટ**

શહેરના પુનિત નગર વિસ્તારમાં રહેતા યુવાનને બીમારી નો કંટાળો આવતા ગળેફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી..આ અંગે પ્રાપ્ત વિગત મુજબ પુનિતનગરના ટાંકા પાસે આવેલ વૃંદાવન સોસાયટીમાં વાવડી રજવાડી પાનની બાજુની શેરીમાં રહેતા રાજુભાઈ લાલજીભાઈ ધાધારી ૩૫ ને છેલ્લા કેટલાક સમયથી બીમારી હોય, બીમારીના કારણે કોઈ કામ થઈ શકતું ન હોય આથી ઘણા સમયથી નિરાશ રહેતા રાજુભાઈ ધોધારીએ ગઈકાલે પોતાના ઘરમાં જ ગળે ફાંસો ખાઈ લેતા પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ બોલાવતા ફરજ પરના તબીબોએ મુક્ત જાહેર કર્યો હતો આ અંગે રાજકોટ તાલુકા પોલીસ મથકના એએસઆઈ એન એલ ચાવડાએ તપાસ હાથ ધરી છે

# ગૃહકલેશથી પત્ની ભાગી જતા હતાશ યુવાને કર્યો આપઘાત

## ટ્રક ડ્રાઈવરના પગલાથી પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**


રાજકોટ શહેરમાં નજીવી બાબતે યુવાવયે આપઘાત ના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે શહેરના મોરબી રોડ પર વેલનાથ પરામાં રહેતા ટ્રક ડ્રાઈવર યુવાને પતિ પત્નીના ઝઘડા બાદ ઘરેથી ચાલી ગયેલી પત્ની ને શોધવા છતાં તેપરત ન આવતા હતાશ થઈને ગળે ફાંસો ખાઈ લીધાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મોરબી રોડ વેલનાથ પરા શેરી નંબર ૨૨/૧૪ રહેતા અને ટ્રક ચલાવી ગુજરાન ચલાવતા જયેશભાઈ હીરાભાઈ સારગાણી ૪૦ એ ગઈકાલે પોતાના ઘર માં લોખંડના એંગલ સાથે કુવાલ બાંધી ગળે ફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ બોલાવતા ડોક્ટરોએ તપાસ કરી જયેશભાઈ સારગાણીને મૃત જાહેર કર્યા હતા. આપઘાત કરનાર જયેશભાઈ બે ભાઈ અને એક બહેનમાં વચ્ચેટ હતાં અને ટ્રક ચલાવી ઘરનું ગુજરાન ચલાવતા હતા ગઈકાલે દંપતિ વચ્ચે માથાકૂટ થતા તેમના પત્ની ઘેરથી ચાલ્યા ગયા બાદ શોધવા છતાં ન મળતા ઘેર આવી જયેશભાઈએ જીવા દોરી ટૂંકાવી લીધી હતી. આ બનાવ અંગે રાજકોટ બી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ વાય એન મકવાણા એ તપાસ હાથ ધરી છે

# અપહરણમાં મદદગારી કરનાર એડવોકેટની રિમાન્ડની રિવિઝન અરજી રદ

**અબતક, રાજકોટ**

વેપારી ભાઈ સાથે ચાલતી મિલકતની તકરારમાં એનઆરઆઈ બહેને ભત્રીજીનું અપહરણ કર્યાના પ્રકરણમાં સંડોવાયેલા એડવોકેટની નીચેની કોર્ટે રિમાન્ડ અરજી નામંજૂર કરતા તેની સામે કરેલી રિવિઝન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છેઆ કેસની હકીકત મુજબ અલ્કાપુરીમાં રહેતા રિયાઝભાઈ ફિરોઝભાઈ માખાણીની આઠ વર્ષની પુત્રી અનાયા અને તેમની બહેન રીમાબેન કારમાં આંટો મારવા નીકળ્યા બાદ લાપતા થઈ ગયા હતા.ફઈ-ભત્રીજી અંગે કોઈ માહિતી નહીં મળતાં માખાણી પરિવારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ક્રાઈમ બ્રાંચની ટીમે અનાયા અને રીમાબેન બન્ને ઈન્દોર તરફ હોવાની માહિતીને આધારે ઈન્દોરના બેતમાં પોલીસની મદદથી બન્નેને શોધી કાઢ્યા હતા. ક્રાઈમ બ્રાંચની તપાસમાં મિલ્કતના હક્ક, હિત અને હિસ્સા બાબતે રીમાબેનને અસંતોષ હોવાથી રેલનગર વિસ્તારમાં રહેતા મિત્ર એડવોકેટ રાજવીરસિંહ ઝાલા સાથે મળી સગી માસૂમ ભત્રીજીના અપહરણનો પ્લાન બનાવી અપહરણ કર્યું હોવાનું ખુલતા પોલીસે રિમાબેન અને એડવોકેટ રાજવીરસિંહ ઝાલાની પ્ર. નગર પોલીસે ધરપકડ કરી વિશેષ તપાસ માટે રિમાન્ડની માંગ સાથે અદાલતમાં રજૂ કરતા નીચેની કોર્ટ દ્વારા રિમાન્ડની અરજી નામંજૂર કરતા જેની સામે તપાસનીશ દ્વારા સેશન્સ કોર્ટમાં રીવિઝન અરજી કરી હતી જેમા બંને પક્ષોની રજૂઆત બાદ ભચાઉ પક્ષની દલીલ ધ્યાને લઈ અદાલતે રિવિઝન અરજી ફગાવી દીધી હતી. આરોપી વકીલ રાજવીરસિંહ વતી એડવોકેટ તરીકે ઉશાબા ઝાલા શિવરાજસિંહ ઝાલા અને દુષ્યંતસિંહ જાડેજા રોકાયા હતા.

# પધારો નરેન્દ્રભાઈ: સોમવારથી મોદી બે દિવસ ગુજરાતના મહેમાન



## અમદાવાદના નિકોલ સ્થિત ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે સોમવારે બપોરે ૪.૩૦ કલાકે વિશાળ જનસભા સંબોધશે: અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણાને મળશે રૂ.૫૪૭૭ કરોડના વિકાસ કાર્યોની ભેટ:પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી સોમવાર અને મંગળવારના રોજ માદરે વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતાને ઉમળકાભેર આવકારવા ગુજરાતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સોમવારે બપોરે ૪.૩૦ કલાકે અમદાવાદના નિકોલ સ્થિત ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન વિશાળ જનસભાને સંબોધશે બે દિવસની ગુજરાતની મુલાકાત દરમિયાન અબજો રૂપિયાના વિકાસ કામોની ભેટ આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સોમવાર અને મંગળવારે ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે.

વડાપ્રધાનના પ્રવાસ કાર્યક્રમની વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા માટે રૂ.૫૪૭૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. વડાપ્રધાન ૨૫મીએ અમદાવાદના નિકોલમાં ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે અને ત્રણ શહેરોને વિવિધ વિભાગો હેઠળ વિકાસકાર્યોની ભેટ આપશે.

આ વિભાગોમાં રેલવે (₹૧૪૦૪ કરોડ), શહેરી વિકાસ (₹૨૫૪૮ કરોડ), એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ (₹૧૧૨૨ કરોડ), માર્ગ અને મકાન (₹૩૦૭ કરોડ) અને રેવન્યૂ વિભાગ (₹૯૬ કરોડ)નો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ત્યારે આ વિકાસકાર્યો રાજ્યના નાગરિકોની સુવિધા અને સુખાકારીને પ્રોત્સાહન આપશે.

(અનુ. આઠમા પાને)

## સાંસદ, ધારાસભ્યો, પ્રભારી અને શહેર-જિલ્લા પ્રમુખોના સોમવારે 'પાટીલ' લેશે કલાસ

### અગાઉ બે વખત મુલતવી રખાયેલી બેઠક વડાપ્રધાનના આગમનના દિવસે જ સવારે બોલાવાતા અનેક તર્ક વિતર્ક

ભારે વરસાદના કારણે અગાઉ બે વખત મુલત્વી રાખવામાં આવેલી પ્રદેશ ભાજપની સાંસદ અને ધારાસભ્યો ઉપરાંત શહેર જિલ્લા ભાજપના પ્રમુખો સાથેની બેઠક હવે આગામી સોમવારે સવારે ૧૧ કલાકે કમલમ ખાતે મળશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આમનની ગણતરી કલાકો અગાઉ મળનારી આ બેઠકથી અનેક તર્ક વિતર્ક ઉભા થયા છે.જોકે ભાજપના નેતાઓ આ બેઠકને સામાન્ય જ ગણાવી રહ્યા છે. જેમાં કોઈ મોટો નિર્ણય લેવામા આવે તેવી શકયતા ખૂબજ ઓછી છે.

અગાઉ બે વખત બેઠકની તારીખ જાહેર કરવામા આવી હતી. પરંતુ ભારેથી અતિભારે વરસાદના કારણે બેઠક રદ કરવામાં આવી હતી. આ બેઠક ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી લેવાના હતા કારણ કે સંસદનું ચોમાસુ સત્ર ચાલુ હોવાના કારણે પ્રદેશ ભાજપ અધ્યક્ષ

(અનુ. આઠમા પાને)

### સ્વ પોપટ લાખા હત્યામાં સજા માફી સામે હાઈકોર્ટનું કડક વલણ...

# અનિરુદ્ધસિંહ બહુ થયું, સાત વરસ આનંદ કર્યો હવે જેલમાં આવી રહેમની માગણી કરજો



## સરેન્ડર થયા બાદ આઠ સપ્તાહમાં સરકાર પાસે ન્યાયની અરજી કરી શકસે: હાઈકોર્ટે

**અબતક, રાજકોટ**

ગોંડલ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ દરમ્યાન તત્કાલીન ધારાસભ્ય પોપટભાઈ સોરઠીયા ઉપર ગોળીબાર ધરબીને હત્યાના ૩૭ વર્ષ પહેલાના કેસમાં રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાને સુપ્રીમ કોર્ટે ફટકારેલી આજીવન કેદની સજા સરકાર દ્વારા માફ કરવાનો હુકમ સામે હાઈકોર્ટે જણાવ્યું હતું કે બિષ્ટનો આદેશ "સત્તા વિનાનો છે. તેમાં કોઈ કાયદાનું બળ નથી અને તે રદબાતલ છે અને અનિરુદ્ધસિંહ જાડેજાની અકાળ મુક્તિ કાયદાના અધિકાર વિના છે." કોર્ટે જાડેજાના મુક્તિના આદેશને ભૂલભરેલો ગણાવ્યો હોવાથી, તેને જેલ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યોનો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ ગોંડલ શહેરની સંગ્રામસિંહજી હાઈસ્કૂલમાં ૧૫ ઓગસ્ટ ૧૯૮૮ ના સ્વતંત્રતા દિવસે ધ્વજ વંદન કાર્યક્રમમાં ધારાસભ્ય પોપટભાઈ સોરઠીયાને અનિરુદ્ધસિંહ જાડેજા દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. અનિરુદ્ધસિંહ જાડેજા અને નિલેશકુમારની ધરપકડ કરી હતી. તેઓને સાક્ષીઓ પ્રતિકૂળ હોવાથી કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. સરકાર દ્વારા અપીલ કરવામાં આવતાં સુપ્રીમકોર્ટે જન્મટીપની સજા ફટકારી હતી. અનિરુદ્ધસિંહ જાડેજા ત્રણ વર્ષ સુધી ફરાર રહ્યા હતા. બાદ અનિરુદ્ધસિંહ જાડેજાના પુત્ર એ જેલના એડીજીપી ટી.એસ બીષ્ટને પત્ર લખીને માફી પર મુક્ત કરવાની વિનંતી કરી હતી. આ પત્રને ધ્યાનમાં લઈને તેમને જેલમાંથી મુકત કરવામાં આવ્યા હતા.સ્વ. ધારાસભ્યના પૌત્ર હરેશ સોરઠીયાએ અરજી દાખલ કરીને અનિરુદ્ધસિંહ જાડેજાની સજા માફીને પડકારી છે. રાજય સરકાર દ્વારા કાયદાકીય પ્રક્રિયા અનુસર્યા વિના ખોટી રીતે નિર્ણય લેવાયો છે.સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ, આજીવન

(અનુ. આઠમા પાને)

### અનિરુદ્ધસિંહ માટે એક તરફ આગ અને બીજી તરફ ખાઈ!!

#### હાજર થાય તો અમિત ખુટ આપઘાત પ્રકરણની મુશ્કેલીમાં વધારો: લાંબી કાનૂની જંગના એંધાણ

સ્વા પોપટ લાખા સોરઠીયા હત્યા કેસમાં સજા માફી સામે થયેલી અરજી હાઈકોર્ટે મંજૂર કરી અનિરુદ્ધસિંહને જેલમાં સરેન્ડર થવાનો આદેશ આપતા લોઢાના ચણા ચાવવા જેવો જાડેજા પરિવાર માટે ઘાટ સર્જાયો છે જેમાં રીબડાનાં અમિત ખુંટનાં આપઘાત અનિરૂધ્ધસિંહ જાડેજાનાં આગોતરા સેસન્સ કોર્ટે નામંજુર કર્યા છે. મુશ્કેલીઓ વધી છે.અનિરુદ્ધસિંહ માટે એક તરફ આગ અને બીજી તરફ ખાઈ છે. ૪ સપ્તાહમાં જેલમાં સરેન્ડર થવું કે હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં જવું કે ૮ સપ્તાહમાં સરકારમાં ફરીથી સજા માફીની અરજી કરવી તે મામલે સિનિયર કાઉન્સિલર નુ માર્ગદર્શન મેળવી અને આગામી કાનૂની લડત ના એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે પુત્ર રાજદીપસિંહ જાડેજાએ સેશન્સ કોર્ટ દ્વારા આગોતરા જામીન અરજી નામંજુર કરી છે.

# સાવજોના અકસ્માતે મોત અટકાવવા એઆઈ કામે લાગ્યું

## સિંહોના વિસ્તારમાં એઆઈ બેઝ્ડ ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસના કેબલ લાગ્યા, ત્રણથી ચાર મહિનામાં આ કામ પૂર્ણ થશે અને રેલવે ટ્રેકથી ૧૫ મીટરના વિસ્તારમાં સિંહ હશે તો ખબર પડી જશે

**અબતક, રાજકોટ**

સિંહોના આકસ્મિક મૃત્યુ મામલે સુઓમોટો રિટની સુનાવણીમાં ઓથોરિટી તરફથી હાઈકોર્ટને જણાવવામાં આવ્યું હતું કે સિંહોના વિસ્તારમાં એઆઈ બેઝ્ડ ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસના કેબલ લાગ્યા છે. ત્રણથી ચાર મહિનામાં આ કામ પૂર્ણ થશે અને રેલવે ટ્રેકથી ૧૫ મીટરના વિસ્તારમાં સિંહ હશે તો ખબર પડી જશે.ગુજરાત હાઈકોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૮ માં ગુજરાતમાં એશિયાટિક સિંહોના અપમૃત્યુને લઈને અહેવાલને આધારે સુઓ મોટો પિટિશન હાથ ધરવામાં આવી હતી. જે મુદ્દે ચીફ જસ્ટિસની ખંડપીઠમાં સુનાવણી થઈ હતી. જેમાં રેલવે તરફથી જણાવાયુ હતું કે સિંહોની હિલચાલની ટ્રેકિંગ માટે સિંહોના વસવાટના વિસ્તારોમાં રેલવે લાઈન ઉપર ઈન્ટ્રુશન ડિટેકશન ડિવાઈસ લગાવવાનું ટેન્ડર અપાઈ ચૂક્યું છે અને માર્ચ મહિનાથી કામગીરી શરૂ થઈ ચૂકી છે. અત્યારે વાયર લગાવાઈ રહ્યા છે. આગામી ત્રણથી ચાર મહિનામાં આ ડિવાઈસ લાગી

(અનુ. આઠમા પાને)




### હવે સાવજની ડણક કુનો સુધી નહીં પહોંચે!!

એક સમય હતો જ્યારે મધ્ય પ્રદેશનું કુનો રાષ્ટ્રીય ઉદ્યાન ગુજરાતના ગીર અભયારણ્યમાંથી એશિયાઈ સિંહોનું બીજું ઘર બનવાની તૈયારી કરી રહ્યું હતું. પરંતુ તાજેતરમાં વન વિભાગના જાહેરનામાએ આખી પરિસ્થિતિ બદલી નાખી છે. ૩૦ જુલાઈના રોજ વન વિભાગે 'સિંહ પ્રોજેક્ટ'નું નામ બદલીને 'ચિત્તા પ્રોજેક્ટ' રાખવાની જાહેરાત કરી, જેના કારણે એવી અટકળો શરૂ થઈ ગઈ છે કે કુનોમાં હવે સિંહોની ગર્જના કદાચ નહીં સંભળાય. આ જાહેરાતથી સ્પષ્ટ થાય છે કે કુનો હવે સિંહ કરતાં ચિત્તાના સંરક્ષણ માટે વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

વર્ષોથી ચાલતી સિંહોને સ્થાનાંતરિત કરવાની યોજના હવે લગભગ નિષ્ફળ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ત્રણ દાયકા પહેલાં, વન્યજીવન વૈજ્ઞાનિકોએ ગીરના સિંહોને અન્ય સ્થળે વસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેથી જો કોઈ રોગચાળો ફેલાય તો પ્રજાતિનું અસ્તિત્વ જોખમમાં ન મુકાય. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ કુનોને આ માટે સૌથી યોગ્ય સ્થળ તરીકે ઓળખાવ્યું હતું. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે પણ ગુજરાત સરકારને કુનોમાં સિંહોને સ્થાનાંતરિત કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, ગુજરાત સરકારે રાજકીય અને પ્રતિષ્ઠાના મુદ્દાઓને કારણે સિંહોને સ્થાનાંતરિત કરવાનો ઈનકાર કર્યો, અને આ યોજના વર્ષો સુધી અટકી રહી.આ દરમિયાન, કુનોનું ધ્યાન હવે સંપૂર્ણપણે

(અનુ. આઠમા પાને)


# દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, બોટાદ અને ભાવનગરમાં અતિવૃષ્ટિને લઈ નુકશાનીનો સર્વે કરાશે

## સરકારે ભારે વરસાદવાળા જિલ્લાના ખેતીવાડી અધિકારીઓને ખેતી અને પાકને નુકસાનીનો સરવે કરવા કૃષિમંત્રી રાઘવજી પટેલે સૂચના આપી

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં ત્રણ દિવસથી મેઘરાજાની તોફાની મહેરના કારણે સૌરાષ્ટ્ર સહિત અનેક વિસ્તારમાં જળ બંબાકાર સર્જાતા ખેડૂતોને પાક નુકસાનીના કારણે મોટો આર્થિક ફટકો પડવાની સંભાવના ઊભી થઈ છે. જેને ધ્યાનમાં રાખી સરકારે ભારે વરસાદવાળા જિલ્લાના ખેતીવાડી અધિકારીઓને ખેતી અને પાકને નુકસાનીનો સરવે તાત્કાલિક મોકલવા સૂચના આપી છે. સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૮૦ ટકા થયો છે. ૭૬ ડેમને હાઈ એલર્ટ, ૩૩ને એલર્ટ અને ૧૫ને વોર્નિંગની કેટેગરીમાં મૂકવા ફરજ પડી છે. અનેક સ્થળોએ સપ્તાહના પ્રારંભથી વરસાદી માહોલ જારી રહ્યો છે. જો કે સૌરાષ્ટ્રના જુનાગઢ, બોટાદ, ભાવનગર જિલ્લાના કેટલાક તાલુકા, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, બનાસકાંઠા જિલ્લાના કેટલાક તાલુકા સહિત રાજ્યમાં કેટલાક સ્થળે મેઘરાજાની અવિરત મહેરના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. વાવેતર સહિત પાકને ભારે નુકસાન થવા પામ્યું છે. હાલ રાજ્યમાં ખરીફ પાકનું ૯૧ ટકાથી વધુ વાવેતર થઈ ચૂક્યું છે. જેમાં મગફળીનું સૌથી વધુ ૧૧૮.૮૬ ટકા જેટલું વાવેતર છે. ડાંગર, કપાસ, તુવેર દાળ, મકાઈ વિગેરેનું મોટાપાયે વાવેતર છે. મગફળી અને કપાસ સહિતના પાકને કેટલાક વિસ્તારમાં નુકસાન થયાની ખેડૂતોએ ફરિયાદ કરી સહાયની માગ કરી છે. પ્રતિસાદમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે ભારે વરસાદ થયો છે તેવા જિલ્લામાં અધિકારીઓને ખેતી અને પાકને નુકસાન અંગે સરવે કરી તાત્કાલિક વિગતો માગવામાં આવી છે. તેનો

(અનુ. આઠમા પાને)



## સવારથી રાજ્યના ૧૫૩ તાલુકાઓમાં મેઘ મહેર

### જૂનાગઢના ભેંસાણમાં ચાર ઈંચ જૂનાગઢમાં બે ઈંચ વંથલીમાં વરસાદથી જળબંબા કાર જેવી સ્થિતિ

રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે આજે સવારથી રાજ્યભરમાં મેઘાવી માહોલ જોવા મળી રહ્યો છે બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૫૩ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. સોરઠ પંથકમાં અનરાધાર મેઘ કૃપા વરસી રહી છે .આજે સવારથી લઈ બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં સૌથી વધુ વરસાદ વલસાડના ધરમપુરમાં ૧૦૫ મીમી પડ્યો હતો. જ્યારે જુનાગઢના ભેસાણમાં ૯૩ એમએમ પારડી પારડીમાં ૮૯ મીમી ,વ્યારામાં સોનગઢમાં ૭૧ મીમી,ખેરગામમાં ૬૬ મીમી, કુકાવવામાં ૫૬ મીમી જૂનાગઢમાં ૫૩ મીમી, માંડવીમાં ૪૮ મીમી ,વાલોદમાં ૪૪ મીમી, વંથલીમાં ૪૪ મીમી, બારડોલીમાં ૪૨ મીમી, મહુવામાં ૪૨ મીમી, વલસાડમાં ૩૬ મીમી વરસાદ પડ્યો હતો સૌરાષ્ટ્રભરમાં સવારથી મેઘાવી માહોલ જોવા મળી રહ્યો છે

જુનાગઢ ,અમરેલી, ગીર સોમનાથ દેવભૂમિ દ્વારકા, પોરબંદર ,મોરબી અને રાજકોટ સહિતના જિલ્લામાં વરસાદ વરસી રહ્યો હોવાના વાવડ મળી રહ્યા છે. આજે કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યાનુસાર આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૩ જિલ્લાના ૨૫૦ તાલુકાઓ પૈકી ૨૩૦ તાલુકાઓમાં વરસાદ પડયો હતો ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર વધુ જોવા મળ્યું હતું. સાબરકાંઠાના વડાલીમાં સૌથી વધુ ૧૯૨ મીમી અથાંત ૭.૫૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત ખેડબ્રહ્મમાં ૧૮૧ મીમી, સાતલસાણામાં ૧૧૨ મીમી., ઉમરપાડામાં ૭૯ મીમી, ઈડરમાં ૭૦ મીમી, આણંદમાં ૫૩ મીમી, નડિયાદમાં ૫૦ મીમી, સરસ્વતિમાં ૫૦ મીમી, હિંમતનગરમાં ૪૭ મીમી, કપરાડામાં ૪૬ મીમી, ઉંઝામાં ૪૩ મીમી, વિજાપુરમાં ૪૩ મીમી, માંગરોળમાં ૩૯ મીમી, જાંબુધોડામાં ૩૯ મીમી, વિસનગરમાં ૩૭ મીમી, ડેડિયાપાડામાં ૩૬ મીમી, વિજયનગરમાં ૩૬ મીમી,

(અનુ. આઠમા પાને)


## જૂનાગઢમાં સવારથી અનરાધાર દામોદર કુંડ નવા નીર આવ્યા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ શહેર તથા માણાવદર, વંથલી, ભેસાણ અને વિસાવદરમાં આજે વહેલી સવારથી વરસાદે એકધારું વરસી લેવાનું મન બનાવી અનુરાધાર વરસી રહ્યો છે, તે સાથે ગિરનાર તથા દાતાર પર્વતો અને જંગલ વિસ્તારમાં પણ ભારે વરસાદના વાવડો મળી રહ્યા છે.

આજે ભાદરવી અમાસ છે, ત્યારે મેઘા એ મન મૂકીને ધરતીને ધરો કરી દેવા માટે મન બનાવી લીધું હોય તેમ સવારના ૬ વાગ્યાથી જુનાગઢ શહેરમાં અવિરત વરસાદ વરસી રહ્યો છે. અને સવારના ૬ થી ૧૦ દરમિયાન બે ઈંચ જેટલો વરસાદ જુનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સત્તાવાર રીતે નોંધાયો છે. આ સાથે માણાવદરમાં પણ આ જ સમય દરમિયાન પોણો ઈંચ, વંથલીમાં પોણા બે ઈંચ, ભેસાણમાં દોઢ ઈંચ અને વિસાવદરમાં પોણો ઈંચ વરસાદ થયા હોવાના સત્તાવાર આંકડા મળી રહ્યા છે.

આ સાથે જુનાગઢના ગિરનાર અને દાતાર પર્વતની સાથે જંગલ વિસ્તારમાં પણ ભારે વરસાદ થયા હોવાના વાવડ છે ગિરનાર તથા દાતાર પર્વત અને જંગલ વિસ્તારમાં સવા ત્રણ ઈંચ જેટલો વરસાદ છેલ્લા ચાર કલાકમાં નોંધાયો છે. જેના કારણે ગિરનાર માંથી વહેતી થતી સોનરખ અને કાળવા નદીમાં ભારે પાણી આવ્યા છે. દામોદર કુંડ પરથી પણ નવા નીર વહી રહ્યા છે અને ગિરનાર તથા દાતાર પર્વત ઉપરથી ઝરણાઓ ખડખડાટ વહી રહ્યા છે. જેના કારણે ભવનાથ વિસ્તારમાં પણ પાણી પાણી નજરે બાકી રહ્યું છે.



## ન્યારી ડેમ ૭૦ ટકા ભરાયો: આજી ઓવરફલો થવામાં માત્ર દોઢ ફૂટ બાકી

### ન્યારી-૧ ડેમના હેઠવાસના ૧૬ ગામોને સાવચેત કરાયા: ૨૧ જળાશયોની ૧૫ સપાટીમાં વધારો

સૌરાષ્ટ્રમાં અવિરત મેઘકૃપા વરસી રહી છે.જેના કારણે જળાશયોમાં પાણીની ધીંગી આવક થઈ રહી છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૧ જળાશયોમાં નવાનીરની આવક થવા પામી છે.નર્મદા ડેમ ૮૧.૩૦ ટકા સુધી ભરાય ગયો છે.

રાજકોટ જિલ્લાનો ન્યારી-૧ ડેમ ૭૦ ટકાથી વધુ ભરાય જતા રૂલ લેવલ જાળવી રાખવા માટે ગમે ત્યારે ડેમના દરવાજા ખોલવા પડે તેમ હોય લોકોને નદીના પટમાં નહી જવા કે કાંઠા વિસ્તારમાં અવર જવર નહી કરવા તાકીદ કરવામાં આવી છે.ન્યારી-૧ ડેમના હેઠવાસમાં આવતા લોધિકાના હરિપર પાળ, રાજકોટના વેજા ગામ ઉપરાંત ખંઢેરી, ઈશ્વરિયા, વડવાળી વાજડી, ખંભાના, ન્યારા, પડધરી, રામપુર, રંગપુર, તરઘડી, ગઢયાળી, વેજડી, વેજાગામ,(વાજડી), વાજડી (વીરડાવાળી) ગામને એલર્ટ

(અનુ. આઠમા પાને)